


# પૂજ્ય તપસ્વીજી મહારાજ


(આચાર્ય શ્રી વિજય કુમુદચંદ્રસૂરિજી મહારાજની જીવનકથા)

આલેખન

વિજયશીલચન્દ્રસૂરિ

# પૂજ્ય તપસ્વીજી મહારાજ

(આચાર્ય શ્રીવિજયકુમુદચન્દ્રસૂરિજી મહારાજની જીવનકથા)



[illegible]


[illegible]

પ્રકાશક

એન. એન. શાહ

નાગરવાડ, નવસારી

સં. ૨૦૬૩ ઇ. ૨૦૦૬



# પૂજ્ય તપસ્વીજી મહારાજ

(આચાર્ય શ્રીવિજયકુમુદચન્દ્રસૂરિજી મહારાજની જીવનકથા)

આલેખન
વિજયશીલચન્દ્રસૂરિ

પ્રકાશક
એન.એન. શાહ
નાગરવાડ, નવસારી
સં.૨૦૬૩ ઈ.૨૦૦૬

પૂજ્ય તપસ્વીજી મહારાજ
(આચાર્ય શ્રીવિજયકુમુદચન્દ્રસૂરિજી મહારાજની જીવનકથા)

લે. વિજયશીલચન્દ્રસૂરિ

પ્રેરણાઃ પૂ. આ. શ્રીવિજયપ્રબોધચન્દ્રસૂરિ મહારાજ

પ્રકાશક
એન.એન. શાહ
નાગરવાડ, નવસારી

પ્રાપ્તિસ્થાનઃ
૧. સતીશકુમાર નેમચંદ શાહ
વેસ્ટ વ્યૂ બ્લોક નં. ૨, પહેલે માળે, રૂમ નં.-૭;
ખેતવાડી ૧૦મી ગલી, મુંબઇ-૪૦૦૦૦૪
૨. કેતનકુમાર ધનસુખલાલ શાહ
મહાવીરદર્શન એપાર્ટમેન્ટ, ૧લે માળે,
પંડોળની પોળ, નાણાવટ, સૂરત-૩૯૫૦૦૧

મુદ્રણ વ્યવસ્થા
આનંદ શાહ - પ્રારંભ, અમદાવાદ. મો. ૯૮૨૫૦૧૧૪૧૪

## નિવેદન

પ.પૂ. પરમતપસ્વી આચાર્ય મહારાજ શ્રીવિજયકુમુદચન્દ્રસૂરીશ્વરજી મહારાજ જૈન સંઘ-શાસનના એક અજોડ તપસ્વી પ્રભાવક મહાપુરુષ હતા. તેઓશ્રીની પુણ્યસ્મૃતિમાં એક સરસ સ્મૃતિગ્રંથ સં. ૨૦૪૯ના વર્ષે પ્રકાશિત થયો હતો. તે ગ્રંથમાં આ જીવનકથા છપાઇ હતી. તેનું આ સ્વતંત્ર પુનઃમુદ્રણ થઈ રહ્યું છે, તેનો આનંદ છે. આ ગ્રંથના પ્રકાશનનો સંપૂર્ણ લાભ પ.પૂ. તપસ્વીજી મ.ના પટ્ટશિષ્ય પ.પૂ. આચાર્ય શ્રીવિજય પ્રબોધચંદ્રસૂરિજી મહારાજની પ્રેરણાથી તપસ્વી મહારાજના ગુણરાગી ભક્તગણે લીધો છે, તેની ખૂબ અનુમોદના.

તપસ્વી મહારાજની સ્મૃતિ રોમાંચ-ઉપજાવે છે, તો તેમના જીવનની અનુપમ વાતો હૈયે ઊંડો અહોભાવ જન્માવે છે. એ વાતોનું આલેખન કરવાનું સૌભાગ્ય મને મળ્યું તેનો અપાર હર્ષ છે.

આવા પુણ્યપુરુષનું પવિત્ર ચરિત્ર વધુ ને વધુ ફેલાય, વંચાય તેવી અભિલાષા સાથે...

સં.૨૦૬૨, આસો વદિ ૧૪
દીપોત્સવ
અમદાવાદ

શીલચન્દ્રવિજય

## અનુક્રમણિકા


૧. સર્વ સમય સાવધાન ...૧
૨. મહાવિદેહના વટેમાર્ગુ ...૨
૩. સમજણના ઘરમાં વર્તતા વૈરાગીની સ્થિતિ ...૬
૪. પૂર્વાવસ્થા - ૧ ...૭
૫. પૂર્વાવસ્થા - ૨ ...૯
૬. ધન્યો ગૃહસ્થાશ્રમઃ ...૧૧
૭. પરિવર્તન-બિંદુ ...૧૩
૮. ધર્મયાત્રાઃ ૧૯૮૯ થી ૧૯૯૬ ...૧૪
૯. તીર્થયાત્રા-૧ ...૧૮
૧૦. તીર્થયાત્રા - ૨ ...૨૦
૧૧. અને દીક્ષા ...૨૫
૧૨. 'દીક્ષા'નો મર્મ ...૨૯
૧૩. ગુરુપરંપરા ...૩૪
૧૪. ચારિત્ર્ય ઘડતર : પા પા પગલી ...૩૮
૧૫. ચારિત્ર્ય ઘડતર : મુકામ પહેલો ...૪૦
૧૬. ચારિત્ર્ય ઘડતર : મુકામ બીજો ...૪૩
૧૭. ચારિત્ર્ય ઘડતર : મુકામ ત્રીજો ...૪૬
૧૮. ચારિત્ર્યઘડતર : મુકામ ચોથો ...૫૨
૧૯. ચારિત્ર્ય ઘડતર : મુકામ પાંચમો ...૫૬
૨૦. ચારિત્ર્ય ઘડતર : મુકામ છઠ્ઠો ...૫૮
૨૧. હવે વાત ગજરાબહેનની ...૬૧
૨૨. શિષ્યસંપદા, પદોન્નતિ, શાસનપ્રભાવના ...૬૪
૨૩. નિરુપાધિક જીવનનો સમાધિમય અંત ...૬૮
૨૪. થોડુંક અંગત ...૭૨

તપ તેજથી તપતા સદા તપગચ્છના ભૂષણ-સમા
મુનિવર તપસ્વીઓ થયા પ્રત્યેક સૈકામાં ઘણા;
એ શૃંખલામાં મેરુ-મણકાશા થયા આ કાળમાં
શ્રીકુમુદચન્દ્ર તપસ્વી સૂરીશ્વર નમું પદકાળમાં



## (૧)

# સર્વ સમય સાવધાન

તમે કદી ખિસકોલીને જોઈ છે ?

કેવી મજાની હોય છે એ ! જ્યારે જુઓ ત્યાકે ઉછળતી અને કૂદતી, ખેલતી અને કિલ્લોલતી. વળી પળે પળે ઉદ્યમી. તમે જ્યારે નિહાળો ત્યારે એ કાંઈ ને કાંઈ ઉદ્યમ કર્યા જ કરતી હોય; ન મળે આળસ કે ન દેખાય થાક. ક્યારેક ઘર / માળો બાંધવા માટેની ધમાચકડી, તો વળી પેટિયું રળવાની દોડાદોડ તો રોજેરોજ જ. અને એ કામોમાંથી પરવારે ત્યારે કાં તો પોતાના ભાઈ-ભાંડરડાં સાથે ખેલકૂદમાં અને કાં તો કો'કની સાથે મારામારીની દોટમાં ઉદ્યમની તાજગીમઢી પ્રક્રિયા તો એની અવિરત ચાલુ જ.

અને જેવી એ ઉદ્યમી તેવી જ સાવધાન પણ ખરીજ. એના જેવું નિત્યજાગૃત પ્રાણી મળવું મુશ્કેલ. કોઈ પણ ક્ષણે, કોઈ પણ સ્થિતિમાં કે સ્થળ પર એ હોય, પણ એ સતત સાવધ જ હોવાની. રસ્તાની વચમાં બે પગ ટેકવીને, બે હાથમાં પકડેલું ખાજ ખાતી ખિસકોલી ઘણાએ જોઈ હશે. એ ક્ષણે એ કેવી માસૂમ, કેટલી નિર્દોષ અને ભોળી ભોળી દેખાય છે ! પણ ના, એ દેખાય છે એટલી બધી ભોળી અથવા ગાફેલ નથી હોતી. એ ખાવામાં, રમવામાં કે ઘરકામમાં ગમે તેવી લયલીન હોય, પરંતુ તેની આસપાસમાં ક્યાંય પણ જરાક પણ ખખડાટ થાય, ધબાકો થાય કે પછી પગરવ થાય, તો તે સાથે જ ખિસકોલીબાઈ ક્યાંક રફૂચકર ! કિલકારી કરતી અને છલાંગો મારતી એ એવી તો ભાગશે કે તમે જોતાં જ રહી જાવ અને એનો પત્તોય નહિ લાગે !

અરે, એથીય વધુ મજા તો એની એ છે કે જો એકાએક ગરબડ થાય અને એને એમ લાગે કે ભાગીને સંતાઈ શકાય તેવી તક નથી રહી, તો તે જ્યાં હશે ત્યાં જ ભોંયસરસી ચીપકીને નિષ્પ્રાણ ખોળિયાની માફક સૂઈ જવાની. જાણે શત્રુદળના સૈનિકોને થાપ ખવડાવવા જમીનસરસો ચંપાઈને નિર્જીવ દેહની જેમ પડેલો સૈનિક ! અને પછી તક મળતાં જ કે ભય ઓસરતાં જ એ ઊભી થઈને આમ તેમ જતી રહેશે, કાં પછી કામે લાગી જશે; પણ ગફલતમાં તો નહિ જ રહે. કેમ કે એને માટે તો ગફલત એ મૃત્યુનો પર્યાય જ બની રહે. જેને જીવવું છે, જીવનનું મૂલ્ય સમજાયું છે, એને ગફલતમાં રહેવું કેમ પાલવે ?

જે સાધુ છે, તે ખિસકોલી જેવો હોય છે : સતત ઉદ્યમી, સદા સાવધાન, છતાં નિત્ય કિલ્લોલતો.

નિજ-સ્વભાવમાં રમતા સાધુનો આતમરામ હંમેશાં પ્રસન્ન વર્તે છે : પેલી તાજગીમઢી કિલ્લોલતી ખિસકોલીની જેમ;

આત્મહિત-કાજે સતત મથનારો સાધુ સદૈવ અપ્રમત્ત વિહરે છે : પેલી અહર્નિશ ખંતીલી ખિસકોલીની જેમ;







પાપથી, પ્રમાદથી અને કર્મબંધથી ત્રાસેલો સાધુ 'સર્વ સમય સાવધાન' હોય છેઃ પળે પળે જાગૃત/સાવધ રહેતી ખિસકોલીની જેમ જ.

- આવો સાધુ શરીરથી સજ્જ હોય છે, અને ચિત્તથી સ્વસ્થ. કેમ કે એનું ચિત્ત નિર્મળ હોય છે, નિર્દોષ હોય છે : પેલી માસૂમ ખિસકોલીની જેમ જ એનું વર્તન પણ નિષ્પાપ - મુગ્ધકર હોય છે.

-આવો સાધુ સંસારની વિષમતાઓ થકી નિત્ય ભયભીત રહે છે, અને એટલે જ જાગૃત પણ.

જે ડરે છે, તેણે જાગૃત રહેવું જ પડે. ગાફેલ રહેવાનો વૈભવ માત્ર નિર્ભયને જ પરવડે.

દુનિયાદારી અને સાધુતા વચ્ચેનો મૂળભૂત તફાવત આટલો જ કે સાધુતા પાપથી સદા ડરતી રહે છે, અને દુનિયાદારી પાપના ભયને તડકે મૂક્યા પછી જ જામતી હોય છે. સાચા સાધુને મનમાં અને જીવનમાં પાપ પેસી ન જાય તેની સતત ચિંતા રહે છે. દુનિયાદારી આ બાબતમાં માણસને નિર્ભય થવાનું શીખવતી રહે છે.

સવાલ એ થાય કે સાચા સાધુ કેટલા ? ખિસકોલીની માફક પળે પળે જાગૃત રહેનારા સાધુ આજે મળે ખરા કે ? જે સતત તરીને ચાલવાનો / જીવવાનો ઉદ્યમ સેવતા હોય, એવા કોઈ સાધુજન અત્યારના સમયમાં હોઈ શકે ખરા ?

આ સવાલનો ઉત્તર શોધવાનો અહીં ઉપક્રમ છે. વાત કરવી છે અહીં એક સાધુચરિત સાધુની. યાત્રા કરવી છે અહીં એક સંતના જીવનની. અને એ રીતે પ્રયત્ન કરવો છે આ સવાલનો ઉત્તર મેળવવાનો, સાચી સાધુતાના સ્વરૂપને પિછાનવાનો.

પ્રયત્ન પ્રમાણિક, તો પરિણામ પાકું, એ આશા સાથે પ્રસ્થાન આદરીએ.

ॐ

## (૨)
# મહાવિદેહના વટેમાર્ગુ

જગતમાં બે પ્રકારનાં સ્થાનક છે : ધર્મસ્થાનક અને પાપસ્થાનક.

જ્યાં જઈને, બેસીને કે વસીને મનુષ્ય પાપકર્મો કરે તે પાપસ્થાનક. જ્યાં ગયા પછી ધર્મથી અને નીતિથી વિપરીત જ વર્તવાનું સૂઝે તે પાપસ્થાનક.

જ્યાં પુણ્યનો ઉચ્છેદ થાય, અને પાપનો ભારો બંધાતો જ રહે, તેનું નામ પાપસ્થાનક.

આવાં પાપસ્થાનો આ સૃષ્ટિમાં સર્વત્ર પથરાયેલાં પડ્યાં છે; એ અસંખ્ય છે, અને વળી નિત્ય વધતાં જ રહે છે.





ધર્મસ્થાનકની વાત તેનાથી તદ્દન સામા છેડે છે.

જ્યાં બેસીને ઉત્તમ મનુષ્યો અને સાધુજનો ધર્મધ્યાન કરે, પાપથી બચવાનો સભાન ઉદ્યમ સેવે, અને પાપ ઘટાડી પુણ્યની વૃદ્ધિ કરે, તેનું નામ ધર્મસ્થાનક.

આવાં ધર્મસ્થાનો, સરખામણીમાં, બહુ અલ્પસંખ્ય છે; તો આવાં ધર્મસ્થાનોનો સમુચિત ઉપયોગ કરી પોતાના આત્માને નિર્મળ બનાવનારા ધર્માત્માઓ પણ વિરલ છે.

આવા ધર્માત્માઓથી જ એ ધર્મસ્થાન દીપે, અને એવાં ધર્મસ્થાનો વડે આ ધરતી ધન્ય બને.

ધરતીને ધન્ય બનાવતું આવું જ એક મજાનું ધર્મસ્થાન છે : શહેરના મધ્ય ભાગમાં સોહંતા એ ધર્મસ્થાનના વિશાળ સંકુલમાં ગગનોત્તુંગ જિનાલય, આલીશાન ઉપાશ્રય અને તેની ઉપાસના કરનાર શ્રી સંઘની ધર્મસાધનામાં ઉપકારક બને તેવાં અન્યાન્ય સ્થાનકો વર્તે છે.

ભગવાન તીર્થંકરના સમવસરણ સરીખા ઉત્તુંગ એ જિનાલયની સંનિધિમાં વિલસી રહેલો ભવ્ય ઉપાશ્રય, હવા અને પ્રકાશના મસ્ત વાતાવરણને કારણે, આરાધકોને માટે મનભાવન ધર્મધામ બની ગયો છે. નીચે પ્રવચનખંડ છે, તો ઉપર આરાધના ખંડ છે.

આરાધનાખંડ ઘણો વિશાળ છે. એના મધ્ય ભાગમાં, ભીંતને અઢેલીને પ્રસ્થાપેલી કાષ્ઠપાટ ઉપર, પોતાની સાધનામાં તલ્લીન એવા એક સાધુપુરુષ, ખંડમાં દાખલ થતાં જ બેઠેલા દેખાય છે.

હવામાં ફરફરતી, રૂપાના તારથી ઘડી હોય તેવી શ્વેત ચળકતી દાઢી; પાકટ ઉંમરની ગવાહી પૂરતાં આછા પણ ઊજળા કેશ; અંતરની શુદ્ધિનો સંકેત આપતાં ધવલ વસ્ત્રો, અને બોખું પરંતુ નરવા અને અકારણ જ ઉદ્ભવતા સ્મિતથી મઢેલું મુખ; -પાટ પર બિરાજેલા એ સાધુપુરુષનું આ પ્રથમ અને મધુર દર્શન છે.

અને કાળદેવતાએ આઠ દાયકાથીયે વધુ સમય સુધી ખેડેલા એ મુખ ઉપર, કાળના એ ખેડાણે જ પાડેલા કરચલીઓના ચાસને ઢાંકી દેતી, અખંડ-ધર્મસાધનાની વિલસી દીપ્તિ; સાધનાની કોઈ ખાસ પ્રક્રિયામાં મશગૂલ અને દુન્યવી ઘટમાળથી પર બનીને ડોલતી એમની કાયા; પૂર્વ દિશા-સન્મુખ માંડેલી સ્થિર બેઠક; અને આ બધાંને સભર બનાવતું પ્રભાતનું શાંત-પ્રસન્ન વાતાવરણઃ એક ખુશનુમા માહૌલ રચાયો છે જાણે - એ સાધુપુરુષની આસપાસ !

અર્ધખૂલી આંખે અને પ્રસન્ન વદને બેઠેલા, બેઠા બેઠા ડોલી રહેલા એ સાધુપુરુષ ક્યારના કાંઈક ગણગણી રહ્યા છે. આજુબાજુના પરિવેશથી, કોઈ આવે છે કે જાય છે, બોલે છે કે ગરબડ કરે છે, તે બધાંથી તેઓ સાવ અભાન બનીને કાંઈક ગુંજન કરી રહ્યા છે. નિજાનંદની મોજમાં મગન !

તેમની પાટની પડખે, ચરણો પાસે જ એક મુનિરાજ બેઠા છે - ક્યારના, અને તેમની આ અખંડ ધ્યાનધારાને વિસ્મયભાવે નિરખી રહ્યા છે. સમય થયો છે અમુક ધર્મક્રિયાનો, એ માટે એ ક્યારનાય તૈયાર થઈને આવી ગયા છે. પણ આ સાધુપુરુષની મગનતા એવી બની છે કે તે જોઈને જ તેમાં ભંગ પડાવવાની તેમની હિમ્મત નથી વધતી. એક તરફ સમય વહે છે, તો



બીજી તરફ એ મુનિને કુતૂહલ પણ પાર વિનાનું જાગે છે : આવી અનુપમ લીનતા તેમના માટે કદાચ સાવ નવી બાબત છે. તેમને રહી રહીને થાય છે કે પૂછું ? બોલાવું ? ભંગ પડાવું ?

અંતર્મુખતાના પ્રદેશમાં જેણે ક્યારેય પગ મૂક્યો નથી હોતો, તેને સાધના શી ચીજ છે તે સમજાવું શકય નથી. અને સાધનાની મસ્તીથી અણજાણ વ્યાકતિને, કોઈ સાધકની સાધનામાં ભંગ પાડવાથી કેટલી હાનિ થઈ શકે, તે કેવી રીતે સમજાય ?

પેલા મુનિની આ જ દશા છે. એક બાજુ કૌતુક, તો બીજી બાજુ ઉતાવળ; એ બેના મિશ્ર આવેગમાં તેમણે એ સાધુપુરુષને ઢંઢોળી દીધાઃ "સાહેબ ! શું કરો છો ?"

જવાબમાં મૌન.

ફરી ઢંઢોળવું, ફરી પૃચ્છા.

જવાબ : "કાંઈ નહિ".

બે-ત્રણ વખત આ જ ક્રમ, અને પેલા મુનિથી ન રહેવાયું. તેમણે પગ પકડીને કહ્યું : "સાહેબ, આપ ભલે ના કહો, પણ હું હમણાં ત્રણ દિવસથી જોયા કરું છું કે આપ આ રીતે જ ભાવવિભોર બનીને ડોલ્યા કરો છે, અને કાંઈક ન સમજાય તેવું ગણગણતા રહો છો. વાપરવાનું છે નહિ - અઠ્ઠમ, કોઈ સાથે વાત પણ કરતા નથી; દહાડેય આમ ડોલ્યા કરો છો, અને રાતે પણ જ્યારે જ્યારે હું જાગું છું ત્યારે આમ જ ડોલતાં બેઠા હો છો. વાત શું છે ? કહો તો ખરા !.

જવાબ : "કાંઈ નહિ". ડોલવાનું ચાલુ.

હવે પેલા મુનિને જિદ્દ ચડી : "સાહેબ ! શું શાસનદેવ દેખાય છે ? સીમંધરસ્વામી આવે છે ? એમની સાથે કાંઈ વાત કરો છો ? કોની સાથે વાતો કરો છો ? આજે ચોથો દિવસ છે આ વાતને; આજે તો કહેવું જ પડશે". મુનિના મનમાં જિદ્દની સાથે રમૂજનો ભાવ પણ જાગી ગયો હતો.

અંતેવાસીના આ આગ્રહ સામે સાધુપુરુષ અંતે થાક્યા. એમણે બોખલું મોં ઉઘાડ્યું અને હરખઘેલા બાળક જેવી કાલીઘેલી પણ ત્રૂટક જબાનમાં કહ્યું : "ભાઈ ! આમ પણ મારી ઉંઘ ઉંમરને લીધે ઘટી ગઈ છે તે તું જાણે જ છે. પણ આ ત્રણ દહાડાથી તો ઉંઘ જ આવતી નથી; ઊડી જ ગઈ લાગે છે. એટલે હું તો મારી ટેવ પ્રમાણે મારું ગણવાનું તે ગણ્યા કરું અને સીમંધરસ્વામીનું રટણ કર્યા કરું છું. એમાં આ ત્રણ દિવસથી મને ઝાકઝમાળ કાંગરાવાળા ચકચકિત સમવસરણના ત્રણ ગઢ દેખાયા કરે છે. એમાં ઘણા બધા દેવો અને દેવીઓ દેખાય પુરુષો ને સ્ત્રીઓનો તો કોઈ પાર નહિ. વચમાં મોટું અશોકવૃક્ષ દેખાય, તેની નીચે ચઉમુખજી ભગવાન બેઠા હોય. તે દેશના આપતા હતા. મેં પણ દેશના સાંભળી. દેશના પૂરી થયાથી ભગવાન પાછા જતા હતા ત્યારે મેં પૂછ્યું કે આપ ક્યાં પધારો છો ? તો ભગવાને કહ્યું કે મહા વિદેહે જઉં છું. મેં કહ્યું : ભગવાન ! અહીં આવ્યા અને મને મૂકીને જાઓ છો ? મને સાથે લઈ જાઓ ને ! તો ભગવાન કહે કે તમારે આવવાની હજુ વાર છે હમણાં અહીં રહો."



પેલા મુનિરાજ તો સ્તબ્ધ ! ડઘાઈ જ ગયા ! હવે શું બોલવું તે જ સમજી ન શક્યા. થોડી પળો પછી કળ વળતાં તે વિચારના ચગડોળે ચડી ગયા, અને આવું બની શકે ખરું ? તેના પૃથક્કરણમાં અટવાયા. થોડીક, બસ થોડીક જ ક્ષણો ગઈ, અને એકાએક તેમના મગજમાં ઝબકારો થયો. પોતે થોડીવાર પહેલાં જ મહાપ્રભાવિક શ્રીઋષિમંડળ સ્તોત્રનો પાઠ કરીને આવેલા. અને આ પૂજ્ય સાધુપુરુષ વર્ષોથી પ્રભાતમાં તે સ્તોત્રનો પાઠ કરે છે તે પણ તેમને સાંભરી આવ્યું. એમને યાદ આવ્યો એ સ્તોત્રનો પેલો પાઠ :

अष्टामासावधिं यावत्, प्रातरुत्थाय यः पठेत् । स्तोत्रमेतन्महातेज-स्त्वर्हद्बिम्बं स पश्यति ।।
दृष्टे सत्यार्हते बिम्बे, भवसप्तमके ध्रुवम् । पदं प्राप्नोति शुद्धात्मा, परमानन्दनन्दितः ।।

વર્ષોથી પોતે જેનો પાઠ કર્યે જતા હતા, તે શ્લોકોનો મર્મ તેમને આ પળે એકાએક સ્ફુટ થઈ ગયો. એ સાથે જ, તેમનું વિસ્મય અહોભાવમાં પરિણમી ગયું. પોતાની સમક્ષ બિરાજતા હળુકર્મી એ સાધુપુરુષના ચરણોમાં પોતાના સર્વ આત્મ-પ્રદેશો વડે તે મુનિ વંદી રહ્યા..

ॐ

આ ઘટના છે વિ. સં. ૨૦૪૦ની.

આ ઘટના બની હતી નવસારીમાં.

અને હવે, આ ઘટના બન્યાના બરાબર સાત વર્ષ વહ્યા પછી ઘટેલી એક અન્ય ઘટના જોઈએઃ

સ્વનામધન્ય એ સાધુપુરુષ વિહરી રહ્યા છે પાલનપુર-પંથકના ગ્રામ્ય પ્રદેશમાં. ઉંમર છે વર્ષ ૯૩. આ વયે પણ આરાધનામાં પ્રમાદ નથી. સાધનામાં લેશ પણ શિથિલતા નથી. એ તો અવિરત, અસ્ખલિત, યથાવત્ ચાલુ જ છે.

એક દિવસ, એમના પટ્ટ શિષ્ય પર, એમનાથી ઘણે દૂર સૌરાષ્ટ્રના પ્રદેશમાં વિચરતા એક મુનિનો પત્ર આવ્યો. પત્રમાં મુનિરાજે, પોતે જેની કલ્પના પણ કરી શકે તેમ નથી તેવાં, પોતાને થયેલાં એક સ્વપ્નદર્શનની હકીકત નોંધી મોકલી છે. મજાની વાત તો એ છે કે ૨૦૪૦ની, નવસારીમાં ઘટેલ, પેલી ઘટનાનો અણસાર પણ આ મુનિને નથી. તે તો અચાનક જ, કોઈ જ પૂર્વભૂમિકા, પ્રસંગ કે પ્રયોજન વિના જ પોતાને આવેલા સ્વપ્નનું વાસ્તવિક બયાન જ આ પત્રમાં લખી મોકલે છે. પત્રમાં તેમણે લખ્યું છે કે,

"...રાત્રે એક મજાનું સ્વપ્નું આવ્યું. કલ્પનામાં પણ ન આવે તેવું સ્વપ્નું હતું. સ્વપ્નામાં મને સૌધર્મેન્દ્ર સિંહાસન પર બેઠેલા દેખાયા, અને બીજી બાજુ પૂજ્યશ્રી સાધુવેષમાં જોવાયા. સૌધર્મેન્દ્રે મને કહ્યું કે આ મહારાજ સાહેબની સદ્ગતિ થશે અને નજીકના કાળમાં મોક્ષે જશે. .... આવું સાંભળતાં આંખ ખૂલી ગયેલી."

આ બયાન પછી તે મુનિરાજ પત્રમાં ઉમેરે છે : "તેઓશ્રીની આરાધના જોતાં આ સ્વપ્ન સાચું પડે તેવી શ્રદ્ધા જાગે છે."



વિભિન્ન સ્થળ-સમયમાં બનેલી આ બે ઘટનાઓમાં વરતાતું સામ્ય શું કોઈ યોગાનુયોગ હશે ? કે કોઈ અગમ્ય/ગૂઢ ભાવીનો રહસ્યમય સંકેત હશે ?

જે હોય તે. પરંતુ આ બન્ને પ્રસંગો, તેના કેન્દ્રમાં રહેલા એક સાધુપુરષની સાધનાની ઊંચાઈ, એમના આત્માની નિર્મળતા અને એમની સાચી સાધુતા પ્રત્યે અંગુલિ-નિર્દેશ તો કરે જ છે.

કોણ હશે એ સાધુપુરુષ ?

ચાલો, એમની ભૌતિક પહેચાન પામવાનો આપણે પ્રયત્ન કરીએ.

ૐ

## (૩)
# સમજણના ઘરમાં વર્તતા વૈરાગીની સ્થિતિ

"તત્ર દેવગુરુભક્તિકારક સુશ્રાવક યોગ્ય, ધર્મલાભ !

પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ શ્રી ગુરુમહારાજના પસાયથી હમો સર્વે ખુશીમાં છે.

અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાળાબાધિત અદ્વિતીય અનુપમશાલી શ્રી વીતરાગધર્મ પામી તેની યથાર્થ આરાધના કરવી, જે થકી આ ભવ પર ભવ કલ્યાણ થાય.

ધર્મકાર્યમાં ઉદ્યમ રાખશો. લી...."

એક નૂતન દીક્ષિત મુનિના હાથે પોતાના, પૂર્વાવસ્થાના કોઈ પરિચિતને લખાયેલો આ પત્ર છે. જગતની તમામ ચીજો મેળવ્યા પછી પણ, જેણે જિનશાસન મેળવ્યું નથી તેણે હજુ કાંઈ જ મેળવ્યું નથી; અને જિનશાસન જેને મળી ગયું, તેને આ જગતમાં હવે મેળવવા લાયક, એથી ઊંચી કોઈ ચીજ બાકી નથી રહેતી; આવી ઊંડી સમજણ અને ઘેરી શ્રદ્ધા આ પત્રનાં વાક્યોમાં છલકાઈ રહી છે.

મોહજનિત ભ્રમણાની ભીંતને ભેદીને ઉગેલા વૈરાગ્યથી દીક્ષા આત્માની અંતઃસ્થિતિની ઝલક આ પત્રમાં દ્યોતિત થાય છે. પરિપક્વ વૈરાગ્ય અને પુખ્ત સમજદારીથી પ્રેરાઈને સ્વીકારેલો ત્યાગ-માર્ગ એક જીવનને કેવું આલોકિત બનાવી શકે છે, તેનો આલેખ આ પત્રના શબ્દેશબ્દમાં વાંચી શકાય છે.

પોતાનું ચાલે ત્યાં સુધી ગૃહસ્થને પત્ર લખવાનું ટાળે તે સાધુ. પરંતુ કોઈ સંયોગોમાં લખવો જ પડે, તો તે કેવો પત્ર લખે, તેનો આદર્શ નમૂનો, ઉપરના પત્ર દ્વારા રજૂ થાય છે. કોઈ કારણવશ, સંસારી જીવો સાથે કોઈ પ્રકારનો પત્રપ્રસંગ પાડવો પડે, તો પણ તેમાં પ્રત્યેક શબ્દે નિરવદ્યભાવ જાળવવાનો ઉપયોગ અને ધર્મમાર્ગ પ્રત્યે વળવાની પ્રેરણાનો આશય સતત ડોકાતો જ હોય; તેનો ગર્ભિત સંકેત પણ આ પત્રથી મળી રહે છે.





સાધુ, સાવદ્યભીરુ હોય; તેનું પ્રત્યેક વચન-બોલાતું કે લખાતું-શાસનની નિષ્ઠાથી સભર હોય.

*સાધુ, મળેલા ભવનું અને ધર્મનું મૂલ્ય બરાબર પ્રીછતો હોય; એને ઝાંખપ લાગે તેવું લખવાનું* તેને માટે કલ્પનાતીત હોય.

સંસારની સઘળીયે મોહજાળોનો પૂરો અનુભવ થયા પછી વિકસેલી સાચી સમજના ફળસ્વરૂપે જાગેલા અને પછી પાકટ બનેલા વૈરાગ્યથી વાસિત આત્માની આ સ્થિતિ છે. આવી ઉત્તમ સ્થિતિથી સંપન્ન એક આત્માની આપણે અહીં વાત કરવી છે. એ ધન્ય આત્માનું નામ છે; "આચાર્ય શ્રી વિજયકુમુદચન્દ્રસૂરિ મહારાજ : તપસ્વીજી મહારાજ."

ઉપર વર્ણવ્યો તેવો વૈરાગ્ય, તેવી સમજણ અને તેવી શાસનનિષ્ઠા તેમના આ પત્રમાં આપણને ચાખવા મળે છે.

પ્રશ્ન એટલો જ થાય કે આવા પરિપુષ્ટ વૈરાગ્યનો આવિર્ભાવ જેના અંતરમાં થાય તેની મૂળભૂત ધાતુ કેવી હશે ? ક્યારેક, કોઈ નિમિત્તવશ પ્રગટેલો વૈરાગ્ય, પછીથી જુદાં નિમિત્તો ઉપસ્થિત થતાં કડડભૂસ થતો પણ જોવા મળે છે. પરંતુ અમુક આત્માના ચિત્તમાં એકવાર ઉગેલો વૈરાગ્ય અંતિમ શ્વાસપર્યંત એવો જ દૃઢ, બલ્કે વૃદ્ધિંગત બનતો રહે છે, એ જોઈને થાય કે એમના જીવનનું પોત કેવું ઘટ્ટ હશે ?

આ પ્રશ્નનો શ્રેષ્ઠ ઉત્તર એટલે તપસ્વીજી મહારાજનું જીવન.

આપણા સમયમાં જ થઈ ગયેલા, સર્વ સમય સાવધાન અને મહાવિદેહના વટેમાર્ગુ, આ તપસ્વી સાધુપુરુષનું જીવન સ્વયં, વૈરાગ્યવાસિત જીવન-સાધનાને લગતા તમામ પ્રશ્નોના સમાધાનસમું છે.

એમના જીવન-પરિચયના પડછે, આપણા ચિત્તમાં ઉગતાં પ્રશ્નોનું નિરાકરણ આપણે મેળવીએ.

ॐ

## (૪)

# પૂર્વાવસ્થા - ૧

દક્ષિણ ગુજરાત : લીલા સોનાની ખાણ જેવો ફળદ્રૂપ પ્રદેશ.

નવસારી : ઇતિહાસનાં અગણિત સંભારણાંને સંઘરીને બેઠેલું અને વળી આધુનિક ઈતિહાસનાં નવસર્જન માટે થનગનતું મજાનું શહેર.

એના ખોળે રમતું ખોબલા જેવું ગામ : તવડી.

વાસ્તવમાં તો એ ગામડું જ, પણ ગામના ગોંદરે જ વહેતી 'પૂર્ણા' નદીના સાદા વહેતા વહેણને લીધે એનો એક આગવો મોભો ઉપસતો હતો. જેને લીધે 'રૂપકડા ગામ' તરીકેનો એનો વટ,





જોનારના માનસમાં અનાયાસ અંકાઈ જતો.

દક્ષિણ ગુજરાત એટલે દેસાઈ અને દૂબળા લોકોનું ઘર; તો પરદેશથી સૈકાઓ અગાઉ આવેલા પારસી બાવાઓ અને પાછળથી આવેલા મારવાડી પરિવારોનું નવું ઘર. વીતેલા સૈકામાં સેંકડો મારવાડી પરિવારો ધંધાર્થે આ પ્રદેશમાં ઊતરી આવ્યા, અને આ પ્રદેશને જ પોતાનું વતન બનાવી, પારસીઓની જેમ જ, આ ધરતીની ધૂળ સાથે એકરસ બની ગયા. આજે પણ આ પ્રદેશનાં ગામોમાં, આ પ્રદેશની બોલ-ચાલમાં જીવતાં હોવા છતાં, મૂળ મારવાડી કહી શકાય તેવી અમુક રહેણી કરણીને સાચવીને બેઠેલા વણિક પરિવારો જોવા મળે. ભાષા દક્ષિણ ગુજરાતની બોલે, પણ એમની જબાનમાં હજીયે પરંપરાગત રાજસ્થાની બોલીની છાંટ કળાઈ આવે.

તવડી ગામ મુખ્યત્વે કોળી લોકોનું. ખેતી ઉપર નભનારી એ કોમ. એકાદ-બે પારસી પરિવારો અને થોડાંક વણિક કુટુંબો પણ ખરાં. ગામનો વ્યાપાર વણિકોના હાથમાં. ગામડાંની દુકાન એટલે અપના બજારની ગામઠી આવૃત્તિ. ગ્રામીણ જરૂરિયાતની સઘળી ચીજો ત્યાં મળે. વધુમાં વ્યાજ વટાવનું કામ પણ ખરૂં જ.

આપણે જેમના જીવનનો પરિચય પામવો છે તે તપસ્વીજી મહારાજના મોસાળનું ગામ પણ આ જ. અહીં રહેતા શા. પ્રેમાજી નામે વણિક ગૃહસ્થ અને તેમનાં પત્ની ભૂલીબહેન (નાના-નાની) ના ઘરે, આજથી ૯૪ વર્ષો પહેલાં, વિ.સં. ૧૯૫૫ના માગસર વદિ ૧ને બુધવારે તેમનો જન્મ થયેલો. નામ છગનભાઈ. માતાનું નામ મંછાબહેન. પિતાનું નામ ફકીરચંદ ઓખાજી. તેમનો વસવાટ 'સરભોણ'માં હતો. ''હર હર લોટો સરભણ ગામ, બત્રીશ પીપળા એક જ પાન'' જેવા ઊખાણા દ્વારા લોકજીભે ચલણી બનેલા સરભોણનું સંસ્કૃત મૂળ શોધવું હોય તો 'શ્રી ભુવન' સુધી અવશ્ય પહોંચી શકાય. પણ દેસાઈશાઈ બરછટ જબાન માટે તો સરભોણ જ માફક આવે. બારડોલી એ દક્ષિણ ગુજરાતનો એક સમૃદ્ધ તાલુકો. એ તાલુકાનો એક રળિયામણો કસ્બો તે સરભોણ, અને એજ છગનભાઈ એટલે કે તપસ્વી મહારાજનું મૂળ વતન.

પ્રારંભિક બચપણ તવડી અને સરભોણ વચ્ચે વહ્યું. તેમના પિતાને તેમના સિવાય ચાર સંતાન. બે પુત્રો : નાનચંદ અને હીરાલાલ; બે પુત્રીઓઃ દેવીબહેન અને જમનાબહેન. છગનભાઈ સૌમાં નાના.

પિતા ફકીરચંદ સામાન્ય મધ્યમ વર્ગના બચરવાળ ગૃહસ્થ. દુઃખી નહિ, તેમ ખાસ સુખી પણ નહિ. સ્વમાનભેર ગુજરાન ચલાવે. મોટો દીકરો નાનચંદ ઠીક ઠીક સમજુ, તૈયાર. પિતાને વ્યાપાર-વ્યવહારમાં સહાયક. પિતા પણ તેમને સમજપૂર્વક પળોટવા માંડેલા. તે સમયના રિવાજ મુજબ તેમનાં લગ્ન પણ નાની વયે થઈ ગયેલાં. તેમનાં પત્નીનું નામ ધનીબહેન.

પ્રત્યેક ગૃહસ્થને મન પોતાની ગૃહસ્થીમાં જ પોતાનું વિશ્વ સમાઈ ગયું હોય છે. અને એ વિશ્વનું સંચાલન તે પોતે જ કરે છે એવી પાકી સમજણ જ તેના સંસારની આધારશિલા બની જતી હોય છે. જો કે કાળસત્તાની એક જ થપાટ તેની આ સમજણને કઈ ક્ષણે અને કેવી રીતે





રોળી નાખશે તે સમજવું કોઈના પણ માટે કલ્પનાતીત હોય છે.

ફકીરચંદ ઓખાજીના ભર્યા ભાદર્યા પરિવાર પર કાળસત્તાની આવી જ એક જોરદાર થપાટ એકાએક પડી. છગનભાઈ હજી બચપણના ઉંબરાને પૂરેપૂરો ઓળંગીને બહાર આવે ત્યાર પહેલાં જ કાળદેવતાએ પહેલાં માતા મંછાબહેનને અને તેના એકાદ વર્ષ પછી પિતા ફકીરચંદને પોતાના કોળિયા બનાવી દીધા. સાત વર્ષ પૂરાં થાય ત્યાં તો પિતા-માતાના છત્ર-છાંયડાથી છગનભાઈ સદાને માટે વંચિત !

એક સુભાષિત પ્રમાણે, સંસારમાં ત્રણ મનુષ્યો સૌથી વધુ દુઃખી છે : નમાયું બાળક, વિધવા યુવતી અને વિધુર ઘરડો. આ ઉક્તિનું કઠોર સત્ય છગનભાઈએ બરાબર અનુભવ્યું. તેમના પરિવાર માટે પણ શિરછત્રોની આવી વિદાય ભારે વસમી અને નિરાધાર બનાવી મૂકનારી બની રહી.

પરંતુ આ વસમી વેળાએ મોટા ભાઈ નાનચંદનું હીર ઝળકી ઊઠ્યું. ગમે તેવી મુસીબતોને પણ ઘોળીને પી જનારૂં અસલ મારવાડી ખમીર તેમના લોહીમાં વહેતું હતું, તે ઉછળી આવ્યું ; તે કાળના રીતરિવાજોને અનુસરીને કરવાનાં શોકવિધિનાં કાર્યો સમાપ્ત થતાં જ ઘરનો સઘળો વહીવટ તેમણે સંભાળી લીધો. નાનાં ભાઈબહેનોનો સહકાર તો ખરો જ; પણ પિતાના હાથે મળેલી તાલીમ પણ આ ખરી વખતે ખપમાં આવી ગઈ. તેમણે એક તરફ ધંધો સંભાળી લીધો, તો બીજી તરફ તેમણે અને ધનીબેને છગનભાઈને માતાની ખોટ વરતાવા ન દીધી. તેમણે છગનભાઈને ગામની શાળામાં દાખલ કરી ક્રમે ક્રમે સાત ધોરણ ગુજરાતી તથા ત્રણ ધોરણ અંગ્રેજીના કરાવ્યાં. ભણવાની હોંશ તથા ચીવટ સારી, તેથી સારી ગુણાંકે પાસ થતા. એમના અક્ષર પણ સારા ગણાતા.

માતા-પિતાની હૂંફ વગરનું બાળક અકાળે ગંભીર અને પુખ્ત બની જતું હોય છે, અને જવાબદારીના ભાનનો બોજ, સરખામણીમાં, તેના મન પર વધુ અને વહેલો સવાર થઈ જતો હોય છે. છગનભાઈની સ્થિતિ આનાથી જરાય જુદી નહોતી. તેથી જ, તેમણે નિશાળનું આટલું ભણતર ચીવટથી પૂરું કરીને, મોટા ભાઈ પાસે નામું શીખી લીધું, અને પછી તેમની સાથે જ બાપીકા વ્યાપાર-વ્યવહારમાં તેઓ પણ જોતરાઈ ગયા.

ૐ


## (૫)
# પૂર્વાવસ્થા - ૨

સમય સતત સર્યે જાય છે.

સંજોગો અવિરત પલટાતાં જાય છે.

ફકીરચંદ ઓખાજીના બે દીકરા : મોટા નાનચંદ અને નાના છગનલાલ. બન્ને ઘર અને ધંધાની







ધોંસરી વેહેતા તનતોડ પુરુષાર્થ કરી રહ્યા છે. વચેટ ભાઈ હીરાચંદના સગડ બહુ નથી મળતાં. તેથી તે વહેલી વયે મૃત્યુ પામ્યા હશે તેમ જણાય છે. બહેનો બે. મોટાં જમનાબહેનનાં લગ્ન સરભોણમાં જ થયાં હતાં, તો નાનાં દેવીબહેનનો સંબંધ આમધરા ગામે બંધાયો હતો.

બન્ને ભાઈઓ ધંધામાં ખોવાયા છે. તો ધનીબહેન ઘરની આબરૂ જાળવી રહ્યાં છે. વર્ષો રગશિયા ગાડાની માફક વહ્યે જાય છે. પરંતુ વર્ષોના વહેવા સાથે ધંધામાં આવવી જોઈતી બરકત નથી આવતી. લાંબો સમય ઝઝૂમવા છતાં ભાગ્ય યારી નથી આપતું. ઉલટું, સ્થિતિ એવી કથળતી ગઈ કે એક દહાડો ધંધાનો પથારો સંકેલી લેવાનો વખત આવી લાગ્યો.

બન્ને ભાઈઓએ સમય-સંયોગ વરત્યા. આળસુની જેમ અફસોસ કરતા તેઓ બેસી ન રહ્યા. કોઈના ઓશિયાળા બનીને જીવવાનું તો તેમના લોહીમાં નહોતું. તેમણે ધીમે ધીમે બધું સંકેલ્યું, અને નજીકમાં આવેલા મરોલી ગામના જિનીંગ પ્રેસમાં બન્નેએ નોકરી શોધી કાઢી. આ ઘટનાનું ચોક્કસ વર્ષ તો મળતું નથી, પરંતુ સંવત ૧૯૭૦ની આસપાસ કે તે પછી ક્યારેક આ ફેરફાર આવ્યો હોવાનું અનુમાન છે. બન્ને ખંતીલા-ચીવટવાળા, બન્ને હિસાબ-કિતાબમાં એક્કા, અને વળી બન્ને પાકા પ્રમાણિક, એટલે નોકરી મેળવવામાં વાર ન લાગી.

એમ લાગે છે કે ઓછામાં ઓછાં બારેક વર્ષ ત્યાં નોકરીમાં ગાળ્યાં હોવા જોઈએ. આ ગાળામાં છગનભાઈ મસેલીવાળા શેઠના એટલા બધા ભરોસાપાત્ર બની ગયા કે એક તબક્કે શેઠ તેમને મુંબઈ લઈ ગયા અને ત્યાંની ઓફિસમાં વિશ્વસનીય કાર્ય સોંપ્યું. આ અરસામાં જ, સં. ૧૯૮૪માં છગનભાઈનાં લગ્ન થયાં. આમ તો એ જમાનામાં પંદર-સોળ વર્ષની નાની ઉંમરે લગ્ન કરવાનો ચાલ; પરંતુ વિષમ સંજોગોને આધીન, છગનભાઈનાં લગ્ન ૨૯ વર્ષની બહુ મોટી ગણાય તેવી વયે થયાં.

તવડી જેવું જ ખેતીપ્રધાન, પરંતુ તવડીથી જરા મોટું વેડછા નામનું ગામ. નવસારીથી સાવ નજીક. ત્યાં રહેતા શા. ગોપાળજી વાઘાજીનાં પુત્રી ગજરાબેન સાથે તેઓનાં લગ્ન થયાં. સાસુનું નામ પાલીબહેન. પત્ની અભણ અને વળી ખાસાં નાનાં. જાન સરભોણથી નીકળી વેડછા ગયેલી.

મોટા ભાઈ નાનચંદ તો વર્ષો અગાઉ પરણેલાં. તેમને સંતાનોનો બહોળો પરિવાર પણ ખરો જ. એમાં છગનભાઈનો સમાવેશ સરળતાથી થતો. વળી પોતાની થોડીક આવક પણ ખરી જ. પરંતુ લગ્નપ્રસંગમાં, અત્યાર સુધી બન્નેએ મહેનત અને કરકસર કરીને જે બચત કરેલી તે વપરાઈ ગઈ. એમાં ગજરાબહેન આવતાં જવાબદારી પણ વધી. આની સામે આવકનો આંક બહુ ઓછો-નજીવો હતો. શેઠને પગાર વધારી આપવા કહ્યું, પણ શેઠે વાત કાને ના ધરી. તેથી બન્ને ભાઈઓ પરિવાર સાથે સુરત ગયા, અને ત્યાંના પ્રખ્યાત અને આબરૂદાર સદ્‌ગૃહસ્થ શેઠ શ્રી દલીચંદ વીરચંદ શ્રોફની પેઢીમાં બન્નેએ નોકરી મેળવી.

આ નોકરીમાં છગનભાઈના ભાગમાં હિસાબી કામકાજ આવ્યું. તેઓ ખૂબ નિષ્ઠાથી, એક પાઈની પણ ગરબડ કે ભૂલ થવા દીધા વિના આ કામમાં પરોવાયા. આ નોકરીમાં તેમને



ખાવાપીવા ઉપરાંત વર્ષે રૂપિયા ચારસોનો પગાર મળતો, જે એ સમયમાં બહુ સારી આવક ગણાય.

વળી, પોતે જેવા નિષ્ઠાવાન, તેવા જ નીતિમાન. પોતાના મનની સહજ ધર્મરુચિને લીધે તેમનામાં પાપભીરુતાનો ગુણ ઘણો વિકસેલો. આ કારણે હિસાબી કામકાજમાં પોતે ગોલમાલ કરવાની વાત તો બાજુ પર, પરંતુ કોઈ વખતે શેઠજી વગેરે તરફથી હિસાબમાં ઘાલમેલ કે અનીતિ કરવાનું સૂચન થાય તો તેનો તેઓ સપ્તાઈથી ઇન્કાર કરી દેતા. ત્યાં સુધી કે જોઈએ તો નોકરી છોડી દેવા તૈયાર, પરંતુ પેઢીના હિતના બહાને પણ અનીતિ આચરવાના પાકા વિરોધી. આ પદ્ધતિના પરિણામે, છગનભાઈ, શેઠના વિશ્વાસપાત્ર તથા પૂછવા જોગ માણસ તો બન્યા જ, સાથે સાથે તેમના તથા તેમના પરિવારના અંગત સ્વજન પણ બની ગયા. વિશ્વાસનો આ સંબંધ પછી તો છગનભાઈએ સંસારનો ત્યાગ ન કર્યો ત્યાં સુધી અતૂટ રહ્યો, બલ્કે વર્ષોવર્ષ વૃદ્ધિંગત જ થતો રહ્યો.

લોભ ઓછો, કરકસર વધુ; સરળ મન અને સાદું જીવન; દુનિયાની ખટપટ કે હુંસાતુંસીનો સદંતર અભાવ; મોટા ભાઈ અને ભાભી પ્રત્યે કૃતજ્ઞતાભર્યો સન્નિષ્ઠ વ્યવહાર; ધર્મ અને તપશ્ચર્યા પ્રત્યેની વિશેષ અભિરુચિ; આ બધાં તત્ત્વો છગનભાઈના જીવનમાં, આ ગાળામાં સોળે કળાએ ખીલવા માંડ્યા. આ કારણે તેમનો ઘરસંસાર સુખી અને પ્રસન્ન બની રહ્યો.

ॐ

## (૬)
## ધન્યો ગૃહસ્થાશ્રમ:

માનવી: અનેક વિચિત્રતાઓનો ભંડાર.

એની એક મજેદાર પરંતુ ફળદ્રૂપ વિચિત્રતા એ છે કે, એક દિવસ આખી દુનિયાના સ્વામી થવાનું એને શમણું આવ્યું. એણે જોયું કે આ ઇરાદો કોઈ રીતે પાર પડે તેમ નથી. એટલે એણે એક નાનકડી પણ પૂર્ણપણે પોતીકી દુનિયા વસાવી દીધી. એને નામ આપ્યું: 'ઘર-સંસાર',

એક સ્ત્રી, એક પુરુષ અને એક મકાન: ઓછામાં ઓછાં આટલાં વાનાં ભેગાં થાય ત્યારે જે નીપજે તેનું નામ 'ઘર-ગૃહ'. અને આવા ઘરમાં રહે અને માનવોચિત વર્તણૂક જાળવીને જીવી જાણે તેનું નામ ગૃહસ્થ.

ઈંટ-માટીનાં બનેલાં બધાં મકાનો ઘર નથી ગણાતાં. એમ બે હાથ - બે પગવાળું માળખું ધરાવતાં બધા મનુષ્યોને ગૃહસ્થનો દરજ્જો મળે જ, એવું પણ નથી. મનુષ્ય થવું એ જ જો કઠિન હોય તો ગૃહસ્થ થવાનું તો કેટલું અઘરૂં ! અને સદ્‌ગૃહસ્થ થવું તે તો વળી તેથીયે દુર્લભ !

છગનભાઈને આપણે સદ્‌ગૃહસ્થ કહી શકીએ. અથવા તો, એક સદ્‌ગૃહસ્થમાં હોઈ શકે તે



તમામ લાયકાતો છગનભાઈમાં હતી, એમ કહેવું વધુ યોગ્ય ગણાશે. પોતે મોટા, પત્ની નાનાં; પોતે ભણેલાં, પત્ની અભણ; એમાં વળી સતત ઝેલવો પડતો જીવનસંઘર્ષ અને સખ્ત પરિશ્રમવાળું તદ્દન સાદું જીવન;- આટલી બાબતો એવી હતી કે જે પતિ-પત્નીના જોડાને કાં તો કજોડામાં પલટી આપે અને કાં તો ઘરમાં ક્લેશકંકાસનો રોગચાળો લાવે. પરંતુ, છગનભાઈ અને ગજરાબહેન બન્ને નોખી માટીનાં પિંડ હતાં. એમના જીવનમાં આવું નહિ બન્યું હોય અથવા નથી જ બન્યું, એમ માનવાને પૂરતાં અને વાજબી કારણો છે.

પરસ્પર સમજૂતીનો અભાવ, સહનશક્તિની ન્યૂનતા, અધિકારનો ભાવ અને જિદ્દી વલણ, પરિસ્થિતિને અનુકૂળ થવાની સજ્જતાની ગેરહાજરી તથા ઓછામાં ચલાવી લેવાની અક્ષમતા; સુખી ઘરસંસારમાં પણ ક્લેશનો પલીતો ચાંપે તેવાં આ સામાન્ય તત્ત્વો છે.

પાછળથી સાધુજીવનમાં જોવા મળેલા, છગનભાઈ અને ગજરાબહેનના અનાસક્ત તથા નિષ્પાપ વર્તાવના આધારે, તેમના પૂર્વજીવનના પારસ્પરિક વ્યવહારોનું તથા તેમના સ્વભાવનું પૃથક્કરણ કરતાં, ઉપર જણાવ્યા તે તમામ ક્લેશકારક તત્ત્વો તેમના જીવનમાં પ્રવેશી શક્યાં નહોતાં, એવા તારણ પર આવવામાં અતિશયોક્તિ નથી.

છગનભાઈનો સ્વભાવ અત્યંત કરકસરિયો અને તેથી વધુ પડતી ચોકસાઈવાળો જરૂર; અને આ કારણોસર કાંઈક અંશે જિદ્દ પણ ખરી; પરંતુ પત્ની પ્રત્યે તુચ્છ અને ઉપેક્ષાત્મક વ્યવહાર કે માલિકીનો ભાવ નહીં જ. એની સામે ગજરાબહેનમાં પણ તે સમયની લાજમલાજા પાળતી ખાનદાન સ્ત્રીનેને શોભે તેવી સહનવૃત્તિ, ન્યૂનતામાં પણ ઓછું ન આણતાં પ્રસન્નતાથી જે હોય તેથી નિભાવી લેવાની તંદુરસ્ત મનોદશા જેવાં સત્ તત્ત્વો ભરપૂર. ફલસ્વરૂપે, બન્નેનો સંસાર સદ્‌ગૃહસ્થને છાજે તેવો અને વળી ભીંત-કમાડના જડ મકાનને ‘ઘર’ બનાવી મૂકે તેવો.

બેઉ એકમેકને પ્રેરક, પૂરક, સહાયક. અભણ ગજરાબહેનને છગનભાઈ અપાર ધીરજથી અને અખૂટ ખંતથી ભણાવે; તેમનામાં સંસ્કારોનું વાવેતર કરે; તો ગજરાબહેન પણ, ધન-મિલ્કત ને દાગીનાના સ્ત્રીસુલભ મોહથી પર બનીને રહેવું, ગમે તેવા પલટાતા અને સમ-વિષમ સંયોગોને પણ હસતે હૈયે જીરવી જવા, અને એવી વેળાએ પતિ તથા પરિવારના પડખે ઊભાં રહી તે સંયોગોને હળવા-સહ્ય બનાવવામાં સાથ આપવો, એવી એવી સમજ ભરેલી વર્તણૂક દ્વારા સંસારને સલૂણો બનાવવામાં પૂરી હૈયાઉકલત બતાવે.

બીજી એક બન્નેમાં સમાન વિશેષતા એ હતી કે બન્નેમાં લોભવૃત્તિ અતિ અલ્પ હતી. વધુ કમાઈ લેવાની કે ભેગું કરી લેવાની વૃત્તિ બેમાંથી એકેયમાં ન મળે. જે મળે તેમાં સંતોષી. એટલું જ નહિ, પણ જે મળે તે પણ અપ્રમાણિકતાનું કે અણહકનું તો નહિ જ ખપે-એ ટેકમાં એ બન્ને એકસરખાં સ્પષ્ટ અને મક્કમ હતાં.

આવું હોય ત્યાં ક્લેશ કેમ આવે ?

આવાં પાત્રો વચ્ચે સુમેળ હોય તેમાં નવાઈ પણ શી ?





# (૭)
# પરિવર્તન-બિંદુ

છગનભાઈના જીવનનું એક મહત્ત્વનું પાસું હતું તેમની સહજ ધર્મરુચિ. તેમના વડીલો તરફથી અમુક ધર્મસંસ્કારો મળ્યા જ હોય તેવું નિશ્ચિતપણે સ્વીકારીએ તો પણ, તેમનું ચિત્ત, સમયના વહેવા સાથે, ધર્મભાવના પ્રતિ વધુ ને વધુ ઢળતું ગયું તેમ માનવું આવશ્યક છે.

આમ શાથી બન્યું, તેનું નિદાન તપાસતાં જન્માંતરના સંસ્કારો કે અધૂરી સાધના જોરદાર હોવાનું સહેજે જણાય. તદુપરાંત, તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો તેમનું જીવદળ હળુકર્મી હશે જ; અન્યથા તદ્દન ગામડિયા સંસ્કારોમાં ઉછરેલા માણસમાં કુલ-પરંપરાથી પ્રાપ્ત ધર્મસંસ્કારોને અતિક્રમીને પ્રગટતી બળુકી નૈતિકતા, સહજ સંતોષવૃત્તિ અને સ્વયંવિકસિત ધર્મરુચિ ક્યાંથી સંભવે ? અરે, એમનાં લગ્ન ૧૯૮૪માં થયાં, અને એજ વર્ષથી તેમણે નવપદજીની ઓળીની વિધિસહિત આરાધના, સાડા ચાર વર્ષે પૂર્ણ કરવાની પ્રતિજ્ઞાપૂર્વક આદરી હતી ! એક નવપરિણીત યુવાનમાં આવી તપરુચિ હોવા પાછળ કાંઈ અણદીઠ કારણ કામ કરતું જ હશે, એમ માનવામાં કાંઈ અજુગતું નથી જ.

બાહ્ય નિમિત્તોની દૃષ્ટિએ જોઈએ તો, તેમનાં લગ્ન પછી એક-દોઢ વર્ષે તેમને એક પુત્ર થયો. પરંતુ લેણાદેણી નહિ હોય તે એ પુત્ર થોડા જ વખતમાં મૃત્યુ પામ્યો. આ શોક-ઘટનાએ એમના આંતરિક પ્રવાહોમાં ધરમૂળનું પરિવર્તન આણ્યું હોય, સંસાર દુઃખમય ભાસ્યો હોય અને તેમની વૃદ્ધિંગત થતી ધર્મભાવના તેમના અંતરમાં દીક્ષાનાં બીજ વાવી બેઠી હોય તો તે પૂરેપૂરું શક્ય દીસે છે. કદાચ આ જ વાત વિ. સં. ૧૯૮૬માં તથા ૧૯૮૮માં, અનુક્રમે, દીક્ષા ન લેવાય ત્યાં સુધી ખજૂરની તેમ ભાતની બાધા લીધી તેમાં પ્રતિબિંબિત થાય છે.

એક બાજુ તેમના ચિત્તનો આવો ઝોક, તો બીજી બાજુ સંયુક્ત પરિવાર અને નોકરી, બેનો મેળ મળવો મુશ્કેલ બની ગયો. પરંતુ ઉપર વર્ણવેલાં કારણોસર હવે તેમની આંતરિક સ્થિતિ એવી બની ગઈ હતી કે તેમને ધર્મમાં અને તપ-ત્યાગમાં જ જીવનનું આશ્વાસન મળતું. જીવનના નિર્વાહ માટે નોકરી અનિવાર્ય તો રહી જ, પણ એટલાથી એમના મનને સમાધાન નહોતું પડતું. એનાથીયે જુદી કોઈક ચીજ જીવન માટે અનિવાર્ય હોવાનું એમના મનમાં ઉપસતું જતું હતું. અને એ ચીજ માત્ર સતત ધર્મસાધના દ્વારા જ પામી શકાશે તેવો એમને પાકો અહેસાસ, કદાચ, ઉગી ગયો હતો.

પણ આ બધાં માટે નોકરી અને ઘરવ્યવહારની પકડમાંથી જાતને અળગી કરવાનું આવશ્યક હતું, જે સંયુક્ત પરિવારમાં રહીને થાય તે અશક્યપ્રાય હતું. બહોળું કુટુંબ, મર્યાદિત આવક, કમાનાર પણ બે ભાઈઓ જ; એટલે સંયુક્ત પરિવારમાં રહેવું અને યથેચ્છ ધર્મસાધના કરવી, તે સરળ ન બને તે દીવા જેવું હતું.

તેમણે પોતાના ભાઈ-ભાભી સાથે આ મુદ્દો ચર્ચ્યો, અને રાજીખુશીથી પોતાને છૂટા કરે તેવી







માગણી મૂકી. તેમની બદલાયેલી મનોદશા અને ધર્મભાવનાથી તે બન્ને બરાબર પરિચિત હતા, અને તેમની છૂટા થવાની વાત પાછળ કોઈ સ્વાર્થ કે ક્લેશનો હેતુ ન હોવાનું સ્પષ્ટ હતું. બલ્કે આ તો આજ્ઞાંકિત દીકરો બાપ પાસે નિખાલસભાવે પોતાની લાગણી વ્યક્ત કરે તેવી રજૂઆત હતી. એટલે મોટાભાઈ પણ તેમની વાત સમજ્યા અને પ્રેમપૂર્વક જુદા રહેવાની તથા ધર્મમાં આગળ વધવાની સંમતિ આપી. પરિણામે, સંવત ૧૯૮૮માં નવસારીમાં જ છગનભાઈ મોટાભાઈથી જુદા થયા. જુદા થયા પછી નવસારીમાં રહ્યા ત્યાં સુધી ચુનીલાલ અમરચંદ ઝવેરીના મકાનમાં રહ્યા અને સૂરત ગયા પછી ત્યાં નવાપરા-કરવા રોડ પરના શ્રી શાંતિનાથજીના દેરાસર પાસેના બસરાઈ મહોલ્લાનાં મકાનમાં રૂમ ભાડે રાખી ત્યાં ઘર ચાલુ કર્યું.

હવે તેઓ મુક્ત હતા: ધર્મમય જીવન જીવવા માટે. અહીં આવ્યા પછી તેમણે આ માટે કેવી કમર કસી, કેવી સાધનાઓ કરી, તેમજ તેમની એ કરણીમાં ગજરાબહેને પણ કેવો સૂર પૂરાવ્યો, તેની હકીકતો ભારે રોમાંચક અને આપણને ચકિત કરી મૂકે તેવી છે. આગળનાં પ્રકરણોમાં આપણે એમની એ સાધનાયાત્રાનું રસદાયક વિહંગાવલોકન કરીશું.

ॐ

## (૮)
# ધર્મયાત્રા: ૧૯૮૯ થી ૧૯૯૬

"ધર્મ વધે તો ધન વધે, ધન વધે મન વધી જાય;

મન વધે મા'તમ વધે, એમ વધત વધત વધ જાય"

- આ પંક્તિઓમાં ' ધન વધે ' એટલું બાદ કરીએ, અથવા 'ધન'નો અર્થ 'સંતોષધન' એવો કરવાની છૂટ લઈએ તો, સંયુક્ત પરિવાર થકી છૂટા થયા પછીની છગનભાઈની સ્થિતિનું આબાદ ચિત્રણ થયું છે. ૧૯૮૯ના વર્ષથી જ, જે હેતુસર તેઓ છૂટા પડ્યા હતા તે હેતુની સિદ્ધિ માટે તેઓએ કમર કસી.

સૌ પ્રથમ તેમણે વર્ધમાન તપનો પાયો નાખ્યો. અગાઉ કહેવાયું છે તેમ, નવપદજીની નવ ઓળી તો આ વર્ષે જ પૂરી થતી હતી. પરંતુ એક વખત જે તપ લીધું, શરૂ કર્યું, તે તેની મુદત પૂરી થતાં પૂરૂં કરવું-મૂકી દેવું, તે વાત તેમને સ્વીકાર્ય નહોતી. આ દિવસોમાં આદરેલાં અનેકવિધ તપ તેમણે જીવનના અંત સુધી સતત ચાલુ જ રાખેલાં.

આ વર્ષે સુરતમાં પંન્યાસજી શ્રીભક્તિવિજયજી મહારાજ (આચાર્ય શ્રી વિજયભક્તિસૂરિજી - સમીવાળા) બિરાજતા હતા. તેઓની નિશ્રામાં ઉપધાનતપ મંડાતાં છગનભાઈ તથા ગજરાબહેન તેમાં જોડાઈ ગયાં. વિધિવત્ આરાધના કરી માળા પહેરી. સં. ૧૯૮૬માં પુત્રમરણ-નિમિત્તે અછડતું વવાયેલું વૈરાગ્યનું બીજ, આ આરાધના દરમ્યાન, સાધુસમાગમ તથા ધર્મશ્રવણના પ્રતાપે દૃઢમૂળ બન્યું. ફલતઃ ઉપધાનની આરાધના, તેમને મન સાચા અર્થમાં સંયમની વાનગી





અથવા તાલીમ સમી નીવડી. બે જ વર્ષમાં તેમણે તમામ- છએ ઉપધાન વહી લીધાં.

વર્ધમાનતપનો પાયો ૧૯૮૯ના ફાગણ સુદિ પૂનમે તેમણે નાખવો આરંભ્યો. તે વખતે દર વર્ષે એક ઓળી કરવાનો તેમણે સંકલ્પ કર્યો હતો. પરંતુ ૧૯૯૬ના આસો સુદિ પૂનમ સુધીમાં તેમણે રફતે રફતે બત્રીશ ઓળી કરી લીધી. ઓળી દરમિયાન બીજાં અનેકવિધ નાના-મોટાં તપ ચાલુ જ રાખ્યાં, એટલું જ નહિ, પણ એ તપ-નિમિત્તે, ચાલુ ઓળીમાં ઉપવાસ કરવાના થાય, તો તેના વળતરરૂપે, ઓળી પૂર્ણ થયા બાદ, જેટલા દિવસ ઉપવાસમાં ગયા હોય તેટલાં આંબેલ જુદાં વાળી આપવાની પદ્ધતિ તેમણે અપનાવી હતી.

સં. ૧૯૮૬માં તેમણે ચૌદશનું તપ અંગીકાર કરેલું. પ્રત્યેક ચૌદશે ઉપવાસ કરવાનો, અને બને તો તે દિવસે પૌષધ વ્રત પણ; આ તપ સં. ૨૦૦૧માં પૂરૂં કરવાની તેમની ગણતરી હતી. પરંતુ પાછળથી તો ચૌદશના ઉપવાસનો સંકલ્પ તેમણે જીવનના અંત સુધી જાળવી રાખ્યો. એટલે સુધી કે વર્ધમાનતપની ઓળીમાં સિદ્ધિતપ ચાલતો હોય, તેમાં પારણાનું આંબેલ ચૌદશના દિવસે આવતું હોય, અને તે ઉપર સાત કે આઠ ઉપવાસ કરવાના હોય, તો પણ તે ચૌદશનું આંબેલ નહિ પણ ઉપવાસ જ કરતા.

મૌન એકાદશીની આરાધના સં. ૧૯૮૮ થી અને જ્ઞાનપંચમીની ૧૯૮૯થી આદરી ; આરાધના ક્રમશઃ સં. ૨૦૦૦માં અને ૧૯૯૬ માં પૂરી થાય તે રીતે. પરંતુ આ બન્નેના ઉપવાસ (ક્રિયાપૂર્વક જ ) તેમણે જીવનભર ચાલુ જ રાખ્યા. પોષદશમીની શ્રી પાર્શ્વનાથ - કલ્યાણકની આરાધના ૧૯૯૦ થી આરંભી. અષ્ટમી (આઠમ) નું તપ ૧૯૮૯થી આરંભ્યું, ૧૯૯૮માં પૂરૂં થાય તે રીતે. ૧૯૯૦માં વીશસ્થાનકપદની આરાધના એકાસણાથી શરૂ કરી. ૧૯૯૪ સુધીમાં ૧૪ ઓળી કરી. દર વર્ષે બે ઓળી કરવાની જ. યાદ રહે કે આ બધી વાતો છગનભાઈની છે. એટલે કે દીક્ષા લીધા પહેલાંની અવસ્થાની છે.

સં. ૧૯૯૪-૯૫-૯૬ દરમ્યાન સળંગ બે વર્ષીતપ કર્યાં. બીજા વર્ષીતપમાં ગજરાબહેને પણ સાથ આપ્યો. આ ઉપરાંત, ૧૯૯૪-૯૫માં જ, સિદ્ધિતપ, ૪૫ આગમ-તપ, ચૌદ પૂર્વતપ, અષ્ટાપદજીનો તપ, બાવન જિનાલય તપ, ચોવીસ જિનનો તપ, ક્ષીરસમુદ્ર તપ, ૧૬ અને ૮ ઉપવાસ, ત્રણેકવાર ૭ ઉપવાસ, ચોવિહાર છઠ્ઠ કરી ૭ યાત્રા - ચાર વખત (૧૯૮૯ થી ૧૯૯૫માં) જેવાં વિવિધ તપ છગનભાઈએ કર્યાં. શ્રીશાંતિનાથ ભગવાને મેઘરથ રાજાના ભવમાં કરેલ તપ-એ નામે ઓળખાતી એક આરાધના પણ તેઓએ આ ગાળામાં કરવા ધાર્યાનું તેમની નોંધમાં છે. પરંતુ તે તપ ક્યારે કર્યું તેનો સ્પષ્ટ નિર્દેશ નથી. આ તો વિશિષ્ટ તપોની વાત થઈ. પરંતુ તેવુ કોઈ તપ ચાલુ ના હોય તેવા દિવસોમાં પણ ઉપવાસ, આંબેલ કે એકાસણા-બેસણાં તો નિયમિતપણે ચાલુ જ રહેતાં.

વ્રત-નિયમોની વાત કરીએ તો, સં. ૧૯૯૦ થી બાર પર્વતિથિ તથા વાર્ષિક છ અઠ્ઠાઈઓમાં બ્રહ્મચર્ય-પાલનનો તેઓ બન્નેએ નિયમ કરી લીધેલો. અને ૧૯૯૫માં માગશર શુદિ પાંચમે, પાલીતાણામાં, બાર વ્રત અને ચોથું વ્રત-સર્વથી, યાવજ્જીવ, વિધિપૂર્વક બન્નેએ અંગીકાર કર્યાં હતાં. ૧૯૮૯ થી વર્ષની ત્રણે ચોમાસી ચૌદશના પૌષધોપવાસની પ્રતિજ્ઞા હતી જ,



તદુપરાંત અહોરાત્રિના પૌષધોપવાસ ૧૯૮૯ થી ૧૯૯૫ સુધીમાં ઘણા કર્યા. દર વર્ષે ચોસઠ પહોરી પૌષધ ખરા જ. પર્વદિનોએ પણ, વ્રતોમાં કરેલી ધારણા પ્રમાણે પૌષધોપવાસ તથા દેશાવગાશિક ખરાં જ. તે ઉપરાંત, ૧૯૮૮ થી ૯૫ના ગાળામાં ૧૯૩ાા અહોરાત્ર પૌષધોપવાસ તો વધારાના કર્યાનું તેમની નોંધમાં તેમણે સ્વહસ્તે નોંધ્યુ છે. એ જ રીતે, દર વર્ષે એક કે બે વખત કરવા ધારેલ દેશાવગાશિક વ્રતનો આંક ૧૯૯૫માં જ ૫૮નો આવ્યો હતો.

ચૌદ નિયમ નિત્ય સવારે ધારવાના અને સાંજે સંક્ષેપવાના, તેની તેમની નોંધ જોતાં અચંબો થાય. નાનકડી ચબરખીમાં થયેલી એ નોંધમાં, કેટલું ધાર્યું તેની સંખ્યા, કેટલું વાપર્યું તેની સંખ્યા, ધારણા કરતાં ઓછું જ વાપર્યું હોય તેથી તે ન વાપરવાથી થયેલ લાભમાં કેટલું તેની વિગત, આ બધું જ જોવા મળે. સાથે નિયમોની ટૂંકાક્ષરી પણ સુસ્પષ્ટ સમજૂતી પણ ખરી જ.

નવકારવાળી તથા સામાયિકની આરાધના તો નિત્ય ચાલુ જ હોય. પણ તે માટે ૧૯૮૮માં નિયમો લીધાઃ રોજ એક સામાયિક કરવાની અને અમુક નવકારવાળી ગણવી જ. પણ વધારો એટલો બધો કે ૧૯૯૫ સુધીમાં ૫૬૫૬ સામાયિક અને ૧૦૧૬૩ બાંધી માળા કર્યાની નોંધ મળે છે. આમાં પણ કોઇક સ્વજન કે મુનિરાજ આદિના સ્વર્ગગમનાદિ નિમિત્તે ધારેલ સામાયિક તથા માળા અલગ જ.

શ્રાવકોચિત અન્ય આવશ્યક નિયમોમાં-સાત વ્યસન અને ચાર મહાવિગઈનો સર્વથા ત્યાગ, ઉકાળેલ પાણી પીવાનું, નિત્ય ઉભય ટંકનાં પ્રતિક્રમણ, પાંચ તિથિએ તથા બે શાશ્વત ઓળીમાં લીલોતરીનો ત્યાગ, વાસી-દ્વિદળ બોળ-અથાણાં-કંદમૂળ આદિ, અભક્ષ્ય અનંતકાય-બરફ-આઈસક્રીમ વગેરે, પાન-સોપારી-ચા-બીડી-રાત્રિભોજન આ બધાંનો સર્વથા ત્યાગ, આર્દ્રા નક્ષત્ર પછી કેરીનો આઠ માસ ત્યાગ, નાટક, સિનેમા, કાર્નિવલ જોવાનો સર્વથા ત્યાગ, નિત્ય ચોવિહાર (કારણે તિવિહાર) તથા નવકારશી; ચોમાસામાં ભાજીપાલાનો ત્યાગ, વ્રત લીધા પછી સંથારા પર શયન, દર વર્ષે કોઈક તીર્થની યાત્રા કરવી જ વગેરે વગેરે.

વળી ચાતુર્માસ દરમ્યાન, - મગ સિવાયનું આખું કઠોળ તથા અમુક સિવાયની સર્વ લીલોતરી બંધ; બજારના રવા, મેંદા, લોટનો ત્યાગ; ખાંડનો ત્યાગ; પગરખાની એક જોડીની છૂટ અને પાછળથી તો તેનો પણ ત્યાગ; બહારના (ઘર સિવાયના) ચૂલામાં પણ અમુકની જયણા અને શેષનો ત્યાગ, (સ્વામીભક્તિમાં તથા ગોચરીપૌષધમાં તે વિષયની જયણા). ૧૯૯૬માં છ વિગઇનો ત્રણ મહિના માટે ત્યાગ; સૂકો મેવો બંધ ; રોજ એક કાચી વિગઈનો ત્યાગ; થાળી ધોઈને પીવી (કાયમ) વગેરે વગેરે...

આવા તો એટલા બધા નિયમો છે કે તે વાંચીને જ આપણી આંખો પહોળી થઈ જાય !

પાલીતાણામાં શ્રી સિદ્ધગિરિની છાયામાં ૧૯૯૪માં ચોમાસું પણ કર્યું, અને ભવ આલોચના પણ લીધી અને કરી.

અને આ બધી વાતો તો મુખ્યત્વે છગનભાઈની થઈ. પણ ગજરાબહેનની સ્થિતિ શી ? તેવો પ્રશ્ન અહીં આપણને અવશ્ય થાય. આનો જવાબ શોધતાં એક મુદ્દો આંખે ઊડીને વળગે છે કે ગજરાબહેનની ક્ષમતા છગનભાઈ જેટલી નહિ જ હોય; અને વળી છગનભાઈની સારવાર





તથા વૈયાવચ્ચની સઘળીય જવાબદારી પણ, મોટા ભાઈથી છૂટા પડ્યા પછી ગજરાબહેનની જ હતી; એટલે તેમણે છગનભાઈએ કર્યું તેવું નહિ કર્યું હોય. છતાં ઉપરોક્ત નિયમોમાં મહદંશે તેઓ પણ જોડાયાં હતાં, અને બાર વ્રતો, ચોથું વ્રત, તેમજ ત્રણે ઉપધાન, વર્ષીતપ (એક), ૨૪ જિનનો તપ, વર્ધમાન તપની ઓળીઓ (૧૯૯૧માં પાયો નાખીને ૯૩ સુધીમાં ૧૧ ઓળી કર્યાની નોંધ છે), ચૌદશની આરાધના વગેરે બાબતો તેમણે પણ કરી હતી. અને તે વિકસાવવામાં છગનભાઇની ધીરજ અને સમજાવટપૂર્વકની અને છતાં જિદ્દ કે બળજબરી વિનાની મહેનતે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ જ કારણે, પોતે જે ન કરી શકે તે બધું જ છગનભાઇ કરતાં હોય તો, તેમાં તેમની પ્રેમભરી સહમતી જ નહી, પણ તેઓને જે પણ જાતની શુશ્રૂષા તથા અનુકૂળતા જોઇએ તે તમામ સંભાળવાની ગજરાબહેને સતત કાળજી સેવી હતી.

મોટા ભાગે સ્ત્રી ધર્મ કે તપ કરવા જતાં પુરુષને, સ્વાસ્થ્યની કે કામકાજના બોજની કે તેવી કોઈ પણ બીક બતાવી, તેને તપ અને ધર્મમાં આગળ વધતો રોકવાની જ પેરવી કરતી હોય છે. ચૌદશ હોય અને પતિ કે પુત્ર જો આંબેલ-એકાસણું કરવાની વાત કરે, તો તેને માથું દુ:ખવાથી લઇને એવી એટલી બધી વાતોની બીક અથવા પ્રલોભન તેની પત્ની કે માતા આપશે, કે પેલાનુ મન ત્યાં ને ત્યાં જ પડી જાય. મોહની આ જ રમત છે.

આની સામે ગજરાબહેનને યાંદ કરીએ, તો ખ્યાલ આવે કે આદર્શ ધર્મપત્ની કેવી હોય ! પતિ ધર્મ વધુ કરે, તો તેને રોકવાને બદલે ઉત્તેજન આપે અને શક્ય હોય ત્યારે સાથે પણ ચાલે, એનું નામ ધર્મપત્ની. ગજરાબહેનનો એવો સાથ ન હોત તો છગનભાઇ આટલી બધી આરાધના કરી શક્યા હોત કે કેમ, તે પ્રશ્ન થાત.

આવુ દાંપત્ય પણ આ કાળમાં તો વિરલ છે.

ॐ

## (૯)
# તીર્થયાત્રા-૧

ભારતીય સંસ્કાર પ્રમાણે ભવસાગર હેય છે, મોક્ષ ઉપાદેય.

ભવસાગર તરવાની અદમ્ય ઝંખના એ આર્યત્વનું પ્રમુખ લક્ષણ છે.

ભવસાગર તરવા માટે આર્ય પુરુષોએ વિધવિધ ઉપાયો-આલંબનો દર્શાવ્યા છે. એમાનું એક શ્રેષ્ઠ આલંબન તે તીર્થયાત્રા.

અફાટ સંસાર-સાગરના બે કિનારા: એક તરફ તીર્થ અને બીજી તરફ મુક્તિ. તારે, સામે કિનારે યાત્રિકને પહોંચાડી આપે, તેનું નામ તીર્થ. આપણી આ સૃષ્ટિ પર આવાં કેટલાંક તીર્થો







છે, જેની યાત્રા કરીને ભાવિકો પોતાની મુક્તિ અંકે કરી શકે છે. આવાં તીર્થો વિશે મહાભારતકારે કહ્યું છે કે, -

"જેમ આપણી કાયામાં અમુક અવયવો ઉત્તમ મનાય છે, તેમ પૃથ્વીના પણ અમુક અમુક ભાગ પવિત્ર માનવામાં આવે છે. એ સ્થાનોની ભૂમિનો વિલક્ષણ પ્રભાવ; ત્યાં વહેતાં નદી, સરોવર, કુંડ આદિનાં જળનું વિશિષ્ટ માહાત્મ્ય અને પૂર્વે મહાન સાધક મુનિઓનાં ત્યાં થયેલાં પદાર્પણ તથા સાધના-આ બધાં કારણોથી તે ભૂભાગોને 'પવિત્ર' અને વળી 'તારક' તીર્થનો દરજ્જો પ્રાપ્ત થયો હોય છે. આવાં તીર્થોની, મનને નિર્મળ બનાવી, સાચા ભાવપૂર્વક યાત્રા કરે, તે અવશ્ય ભવસાગર તરી જાય."

છગનભાઇની તીર્થયાત્રા આ પ્રકારની હતી, એમ નિશ્ચિતપણે કહી શકાય. એમણે લીધેલા વ્રતો અને કેળવવા માંડેલો વૈરાગ્ય-એ બે ચીજને યાદ રાખીએ, તો જ આ વિધાનની યથાર્થતા સમજી શકાય.

આપણે જોયું કે એમની નિયમાવલીમાં 'દર વર્ષે કોઇ ને કોઇ તીર્થની યાત્રા કરવા' નો પણ એક નિયમ હતો. એટલે તેઓ પ્રતિવર્ષ યાત્રા તો કરતાં હશે જ. પરંતુ, પોતે એકાકી તેમ જ સજોડે કરેલી કેટલીક વિશિષ્ટ તીર્થયાત્રાઓની નોંધ તેમણે સ્વહસ્તે કરેલી મળી આવે છે. એનું અછડતું અવલોકન પણ, આપણી સમક્ષ, એમના વ્યવહારુ શાણપણને તથા એમના અંતરના ભાવજગતને છતું કરી આપે તેવું બને તેમ છે.

તેમની નોંધ પ્રમાણે, તેમણે (બન્નેએ) પ્રથમ પદયાત્રા સૂરતથી ઝઘડીયાજી તીર્થની કરી હતી. ખૂબ ટૂંકાક્ષરી એવી આ નોંધનું મથાળું તેમણે આ રીતે બાંધ્યું છે:

"સંવત ૧૯૮૯ના માગશર શુદ ૧૩શે સુરતથી ઝઘડીઆનો છરી પાલી પગે ચાલતો સંઘ મુનિ મહારાજ શ્રી ભક્તિવિજય આદી ઠાણા સાથે સંઘ નીકળ્યો ત્યારે મુકામ કર્યો તે."

આ સંઘ માગશર વદ ૮ના ઝઘડિયા પહોંચ્યો અને તે રાત્રે ટ્રેન-ફેરથી સંઘ પાછો ફર્યો હતો. આમાં કયે દિવસે ક્યાં મુકામ કર્યો, ક્યાં દેરાસર હતું, તેમ જ ક્યાં-કેટલાં સંઘજમણ થયાં વગેરેની ટૂંકી નોંધ તેમણે કરી છે.

આ પહેલી પદયાત્રા એમના દિલને બરાબર માફક આવી ગઇ હોવી જોઇએ, અને તેથી આવી પદયાત્રા ફરી ફરી કરવા માટે તેમણે ગાંઠ વાળી હોવી જોઇએ. કેમ કે આ પછી એકાદ વર્ષમાં જ તેમણે, માત્ર એક મિત્રની સાથે મળીને, ભરૂચથી સિદ્ધાચલજીની પગપાળા યાત્રા કરી છે. આમ કરવા પાછળ તીર્થયાત્રા ઉપરાંત, અંતરમાં ઉછળતા દીક્ષા લેવાના ભાવે પણ ભાગ ભજવ્યો હશે. ક્યારે લેવી તેનું નિશ્ચિત આયોજન ન હોય, તો પણ ગમે ત્યારે લેવી હોય તો, લીધા પછી વિહારાદિ સહન થઇ શકે કે નહિ, તેની જાત-ચકાસણી કરવાની વૃત્તિ આવી યાત્રા પાછળ કામ કરી ગઇ હોય તો ના નહિ. તેમણે આ યાત્રાની ટૂંકી પણ રસદાયક વિગતોની કરેલી નોંધનું શીર્ષક બાંધતાં લખ્યું છે:

"સંવત ૧૯૯૦નાં ચૈત્ર વદ ૧૩ને વાર બુધ તા. ૧૧-૪-૩૪ શે નવસારીથી ભરૂચ ટ્રેનમાં જઇ





ત્યાંથી મનસુખલાલ સાથે પગે ચાલીને "શ્રી સીદ્ધક્ષેત્ર પાલીતાણા" ની જાત્રા છગનલાલ ગયા ત્યારે રસ્તાના મુકામની નોંધ."

આ નોંધમાં તેમણે તિથિ, ગામ, બપોરે કે રાતે રહ્યા તે, દેરાસર, ઉપાશ્રય, તથા મૂળનાયક ભગવાનનાં નામ, ત્યાંના મુખ્ય કાર્યકર્તા ગૃહસ્થનાં નામ, રિમાર્ક-આટલા કોષ્ઠક નોંધ્યા છે. ક્યાંક અર્ધો તો ક્યાંક એક દિવસ તેઓ રહ્યા છે.

નવસારીથી ચૈત્ર વદિ તેરસે ટ્રેન દ્વારા નીકળ્યા. રાત્રે ભરૂચ પહોંચ્યા. ત્યાં ત્યાંના સંગાથી મિત્ર ગૃહસ્થ મનસુખલાલ ધરમચંદને ત્યાં ઊતર્યા.

ચૈત્ર વદિ ચૌદશની સવારે તે બન્ને મિત્રોએ પ્રસ્થાન કરી દીધું. તે વર્ષે વૈશાખ બે હતા. પ્રથમ વૈ. શુ. ત્રીજે કાવી પહોંચ્યા. શુદ ૪ના તેઓ કાવી દરીઆના ઓવારે આવી ત્યાં સૂઇ રહ્યા, તેની નોંધ પ્રમાણે-'દરીઆમાં સૂઇ રહેલા. બીજી ચોથે સવારે હોડીમાં બેઠા, અને ધોવારણ ૧૦ વાગે ઊતરી, ત્યાંથી ચાલતાં બપોરે ત્રણ વાગે રાળજ પહોંચ્યા'. "રાળજનો રસ્તો ખારવાળો ભેંકાર ઝાડ વસ્તી વગરનો" એમ તેઓ નોંધે છે. ત્યાં દર્શન કરી સાંજે શકરપર થઇ રાતે ખંભાત પહોંચી ગયા. ત્યાં 'વર્ધમાન ખાતા' માં મુકામ કર્યો. ત્યાં ૭૫ દેહરાં હોવાનું તેઓ નોંધે છે.


ખંભાતથી તેઓ ભાલના માર્ગે આગળ વધ્યા. ભાલના મુલક માટે તેમણે લખ્યું છે કે "અહીંથી ભાલનો મુલક. દરીઆનો બહોળો રસ્તો. પાણી સાથે રાખવાની જરૂર. ઝાડ બીડ માણસ કોઇ મળે નહી તેવો ભેંકાર રસ્તો. રેતાળ મેદાન." આ મુલકમાં અમુક ગામોમાં ઘર દેરાસર, તો ક્યાંક ઉપાશ્રયમાં સિદ્ધચક્રના ગટા કે ફોટા હોવાનું તેમણે નોંધ્યું છે.

પ્ર. વૈ. શુ. ૧૨ના બપોરે તેઓ ઈટારીઆ પહોંચ્યા. ત્યાંથી સાંજવેળાએ સિદ્ધગિરિનાં દર્શન તેમણે કર્યા. પછી વળા ગયા અને ત્યાંથી ઉમરાળાવાળો રસ્તો લીધો. રસ્તામાં આવતાં ગામોમાં જ્યાં જ્યાં દેરાસર હોય ત્યાં ત્યાં દર્શન માટે અટકવાનો તેમનો નિશ્ચય હશે અને તેનો પાકો અમલ કર્યો હશે, તેમ નોંધ પરથી સમજાય છે. પ્ર. વૈ.શુ. ૧૪ના રોજ સવારે ઉમરાળાથી નીકળી, વાટમાં આવતાં નવ ગામો ખુંદીને તે જ દિનની રાત્રે ૯ વાગે તેઓ પાલીતાણા પહોંચી ગયા.ત્યાં પ્રથમ વીરજી દેવજીની ધર્મશાળામાં રાત રહી,પછી કુકસીવાલા ચંપાલાલની ધર્મશાળામાં મુકામ કર્યો.

આનો મતલબ એ કે ચૈત્ર વદિ ૧૪થી પ્રથમ વૈશાખ શુદિ ૧૪ એમ ફક્ત પંદર જ દિવસમાં તેઓ ભરુચથી પાલીતાણા પગપાળા પહોંચ્યા હતા. બે જણ એકલા, અજાણ્યા, અને વળી તે કાળે આજના જેવા પાકા રસ્તા તથા વાહનવ્યવહાર વગેરેની સુવિધા પણ નહિ; આ બધું લક્ષ્યમાં લેતાં તેમનું આ પ્રવાસ- સાહસ આપણને એકબાજુ હેરત પમાડી જાય છે, તો બીજી બાજુ તેમના આંતરિક ભાવોના પ્રવાહની દિશાનો કાંઈક અણસારો પણ આપી જાય છે.

આગળ વધીએ. પાલીતાણા પહોંચીને બે-ચાર દહાડા વીસામો લેવાની તો વાત જ તેમના મગજમાં નહિ ઉગી હોય. કેમ કે પૂનમના દિવસે જ તેમણે ગિરિરાજની યાત્રા કરી. ખરેખર







તો પૂનમથી તેમણે યાત્રાનો આરંભ કર્યો, એમ કહેવું વધુ યોગ્ય ગણાય. તેઓ પોતાના આ પ્રવાસની નોંધનું સમાપન કરતાં લખે છે કે,

"અને પ્રથમ વૈશાખ શુદિ ૧૫ની પ્રથમ જાત્રા સિદ્ધગીરીની કીધી છે ને તે સાથેજ નવાણું જાત્રા પણ પૂરી કરી. અખાડ (અષાઢ) શુદ ૭મે પાલીતાણાથી નીકળી રસ્તામાં શીહોર, ગીરનાર, વંથલી, રાજકોટ, જામનગર, ભોયણી, મેશાણાં, તારંગાજી, પાનશર, કલોલ, શેરીશાજી, અમદાવાદ, ભરુચ, કરી શ્રાવણ શુદ ૪થે નવસારી ગયા હતા.

આ ઉપરથી ફલિત થાય છે કે તેમણે સિદ્ધાચલજીની પ્રથમ નવાણું ૧૯૯૦માં કરી હતી, અને તે પણ પગપાળા આવીને.

છગનભાઈનું આ સાહસ આપણને અચંબો પમાડે તેવું જરૂર છે. પરંતુ તેથીયે વધુ દાદ તો ગજરાબેનને જ આપવી પડે. કેમ કે એમણે જુદું ઘર માંડ્યું હતું. તેથી પોતે આટલા વખત પૂરતાં સાવ એકલાં થઈ જવાનાં તેનો પૂરો ખ્યાલ તેમને હતો. છતાં તેમણે કોઈ જ રુકાવટ કર્યા વિના પતિને પગપાળા જવાની અને ૯૯ કરવાની સંમતિ આપી. એમાં એમની પતિનિષ્ઠા તો ખરી જ, સાથે સાથે મૂંગી પરંતુ દૃઢ એવી ધર્મનિષ્ઠા પણ પ્રગટ થતી જોવાય છે.

## (૧૦)
## તીર્થયાત્રા - ૨

આ પછી તો છગનભાઈને પદયાત્રાનો જાણે ચસકો લાગ્યો ! પહેલી ૧૯૮૯માં સંઘ સાથે, બીજી ૧૯૯૦માં એકલા; એ બે યાત્રા પછી થોડા જ મહિનામાં - ૧૯૯૧માં - અમદાવાદથી માકુભાઈ શેઠનો ઐતિહાસિક સંઘ નીકળવાનું જાહેર થયું. આ વાતની ખબર મળતાં જ તેમણે સજોડે સંઘમાં જોડાવાનું નક્કી કર્યું અને પોતાનું નામ પણ મોકલી દીધું.

માકુભાઈ (શેઠ માણેકલાલ મનસુખભાઈ)નો સંઘ એ આ કાળનું - વીસમા સૈકાનું મોટું અને આશ્ચર્યરૂપ ધર્મકાર્ય હતું. સૂરિસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી તથા તેઓશ્રીના સાંનિધ્યમાં નીકળેલા આ સંઘે, મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળના વિરાટ સંઘોની યાત્રા કેવી હશે, તેની અનુપમ ઝાંખી આપેલી. સંઘમાં તેર હજાર જેટલા યાત્રિકો હતા, તો તેરસોથી વધુ બળદગાડાં હતાં. પહેલું ગાડું સામા મુકામે પહોંચે ત્યારે છેલ્લું ગાડું પાછલા મુકામેથી આગળ વધવા માટે રસ્તો મળે તેની પ્રતીક્ષા કરતું હોય. સંઘનું પ્રસ્થાન થયું હોય ત્યારે અમદાવાદના માણેકચોક અને ત્રણ દરવાજાના વિસ્તારમાં સંઘને વળાવવા માટે પચાસ હજાર કરતાં વધુ જનસમૂહ ભેગો મળેલો. આ સમૂહમાં ભાવનગર રાજ્યના વયોવૃદ્ધ દીવાન સર પ્રભાશંકર પટ્ટણી પણ હતા. તે પ્રસંગે તેમણે કહેલું કે 'આ તો સંઘની ભીડ છે. એમાં યાત્રિકોના ધક્કા પણ પુણ્ય હોય તો ખાવા મળે. આ ભીંસથી ડરીને ભાગી ન જવાય'.



આ સંઘમાં જોડાયેલા યાત્રિકો કે સંઘને જોનારા ભાવિકો પૈકી આજે તો ક્યાંક કોઈ રડ્યા-ખડ્યા બચ્યા હોય તો. પરંતુ આવા મહાન સંઘની વિસ્તૃત નોંધ તે સમયે કોઈએ લીધી કે લખી નહિ, તે આપણી મોટી કમનસીબી જ ગણાય. વર્ષોથી ફાંફાં મારવા છતાં આ સંઘની પ્રમાણભૂત થોડીક પણ લિખિત માહિતી મેળવવામાં મુશ્કેલી જ અનુભવી છે.

એ સમય મૂંગી ફિલ્મોનો હતો. ફોટોગ્રાફીની તથા ફિલ્મની કળાનો તે વખતે ઠીક ઠીક વિકાસ થયેલો. તેનો લાભ લઈને સંઘપતિએ આ આખાયે સંઘની મૂંગી ફિલ્મ લેવડાવેલી. જૈન ધર્મના ઇતિહાસમાં એ પ્રથમ ફિલ્મ હોવી જોઈએ. એ સમય રૂઢિચુસ્તતાનો હતો, અને એ યુગ ભવભીરુ ગીતાર્થોનો યુગ હતો. છતાં આ પ્રવૃત્તિ સામે કોઈએ વિરોધ કર્યો હોય કે ફિલ્મ લેવાતી હોય ત્યારે મોઢા આડા પડદા ઢાંકવા કે મંચ કે વરઘોડામાંથી અન્યની લઘુતા થાય તે રીતે ભાગી જવાનું કોઈએ કર્યું હોય તેવું જાણવા મળતું નથી. ખાનગીમાં જુદા અને જાહેરમાં જુદા - એવા, આજે જોવા મળતા, દંભથી પણ તે બધા વેગળા હતા. દુર્ભાગ્યે, માવજતની સદંતર ઉપેક્ષાને કારણે, એ ફિલ્મના સઘળા (આશરે ત્રીસ) રીલો આજે તો બરબાદ થઈ ગયાનું જાણવા મળે છે. પરંતુ એ ફિલ્મ જ્યારે જોઈ શકાય તેવી સ્થિતિમાં હતી ત્યારે જેણે જોઈ છે તેણે એમાં સકલ સંઘને જ નહિ, પણ સૂરિસમ્રાટશ્રી તથા શ્રીઆનંદસાગરસૂરિ મ. જેવા પૂજ્યોને પણ, અણગમાની કે દંભની જરાસરખી પણ લાગણી વગર તદ્દન સહજ રીતે વર્તતાં જોયેલાં છે. પોતાનો પ્રચાર કરવા માટે પોતાનાં વાજિંત્ર જેવાં છાપાં - સામયિકો ચલાવવાં, અને સાથે સાથે, ફિલ્મ - ફોટાની સહજ કે સ્વપ્રેરિત પ્રવૃત્તિ થતી હોય તેની સામે - ખાસ કરીને જાહેરમાં - પુણ્યપ્રકોપ ઠલવવો, આવો અંતર્વિરોધ ૧૯૯૧ના એ ગીતાર્થપુંગવોના જીવનમાં ન હતો, એટલું કહેવું પ્રસંગોચિત બને તેમ છે.

મૂળ મુદ્દા પર આવીએ. સંઘની ફિલ્મ તથા ફોટા-બધું નષ્ટ થયું છે, અને સંઘની સંક્ષિપ્ત નોંધ પણ ક્યાંયથી મળી શકે તમ નથી; આ સ્થિતિમાં છગનભાઈએ, પોતાની પદ્ધતિ પ્રમાણે માત્ર મુકામો, માઈલેજ અને દેરાસર - ઉપાશ્રયની નોંધ, પોતાની નોંધપોથીમાંથી કરેલી મળી આવે છે, તે પણ ભાવતાં ભોજનસમી લાગે છે. એ નોંધનું મથાળું તેમણે આમ બાંધ્યું છે:

"સંવત ૧૯૯૧નાં માગશર વદ ૮ શનીએ રાત્રે ૮॥ ની ટ્રેનમાં નવસારીથી અમદાવાદ જઈ ત્યાંથી શેઠ મનશુખભાઈ ભગુભાઈનાં ત્રફથી (તરફથી) શેઠ માણેકલાલ મનસુખભાઈએ "છ' રી" પારતો સંઘ માગશર વદ ૧૦ ને સોમવારે અમદાવાદથી કાઢ્યો. "જુનાગઢ રૈવતાચળગીરી" ત્થા "શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણા"નો પગે ચાલતો કાઢ્યો તેમાં છગનલાલ ત્યાં ગજરા બંને ગયા. ત્યારે રસ્તામાં મુકામ આવ્યા તેની નોંધ."

માગશર વદિ દશમે સંઘનું પ્રયાણ થયું. પહેલો પડાવ સોસાયટીમાં થયો. ત્યાંથી સરખેજના માર્ગે ધોળકા, કોઠ, લીંબડી, ચુડા, પાળિયાદ, વીંછિયા, જશદણ, ગોંડલ, જેતપુર થઈને પોષ વદિ અમાસે સંઘ જૂનાગઢ પહોંચ્યો હતો. રસ્તામાં આવતાં તમામ દેશી રાજ્યોએ સંઘનું સ્વાગત કરેલું. એકમાત્ર ગોંડલ રાજ્યે પોતાના નિયમોમાં ફેરફાર નહિ કરવાનું અને જકાત માફી વગેરે નહિ કરવાનું અક્કડ વલણ દાખવેલું. એટલે સંઘે પણ થોડાક મુકામોનો વધુ ચક્રાવો લઈને પણ, ગોંડલને બદલે બીજા રસ્તે જવાનું ઠરાવેલું.







આથી ગોંડલ રાજ્યની ચોતરફ ભારે ટીકા થઈ. એટલું જ નહિ, પણ ગોંડલનાં જૈન - અજૈન --ખાસ કરીને વહોરા - મહાજનો વગેરેની લાગણી દૂભાઈ કે સંઘ જેવો સંઘ, રાણાશ્રીની અકડાઈને કારણે, આપણા શહેરને ટાળીને જાય, તે ઉચિત નથી થતું. આ લોકલાગણી ગોંડલનાં મહારાણી સુધી પહોંચી. તેમનો ધર્મપરાયણ જીવ પણ આ બધું જાણતાં દૂભાયો. એટલે તેમણે રાજ સામે સત્યાગ્રહ જાહેર કર્યો કે સંઘ ગોંડલમાં ન આવે ત્યાં સુધી મારે અન્ન-જળ-ત્યાગ.

ગોંડલના રાણા શ્રીભગવતસિંહજી તો ચોંકી જ ગયા, આ સાંભળીને. પ્રજાની તથા પોતાના ઘરની લાગણી તેમને સમજાઈ. તેમણે તત્કાળ સંઘને માટે જકાતમાફી સહિતનાં સઘળાં પગલાં જાહેર કરી મહાજનોને સંઘ પાસે મોકલ્યાં. પણ સંઘે તો ચક્રાવો લઈ લીધેલો, તેથી પાછો કેમ વળે ? છેવટે રાણાશ્રી પોતે સંઘને વિનંતિ કરવા આવ્યા; સંઘને થનારી નુકસાનીનું ખર્ચ રાજ તરફથી સંઘ સ્વીકારે તેવી માગણી કરી; અને વધુમાં, સંઘનું લાલ જાજમ બિછાવીને, ગવર્નર જનરલનું જ થાય તે પ્રકારનું, વિશિષ્ટ સ્વાગત રાજ્ય તરફથી કરવાનું ઠરાવ્યું. મહારાણીનો સત્યાગ્રહ, રાજની આવી ભાવના અને લાભાલાભ એ બધાનો વિચાર કરી સંઘે ગોંડલ જવાનું સ્વીકાર્યું, તે પછી જ રાણીજીએ પારણાં કર્યાં.

આ પ્રસંગની ટૂંક નોંધ છગનભાઈને આ શબ્દોમાં કરી છે : "ગોંડલ નહીં જવા માટે ચક્રાવો લેવો પડ્યો હતો, તે પાછળથી ગોંડલના રાજના બહુ આગ્રહથી સંઘ ગયો હતો."

જૂનાગઢમાં મહા શુદિ એકમે સંઘે યાત્રા કરી, અને પાંચમે પાલીતાણા માટે પ્રયાણ આરંભ્યું. મહા વદિ એકમે સંઘ ઘેટી પહોંચ્યો. છગનભાઈ તથા ગજરાબહેન પૂનમની રાતે જ ઘેટી પહોંચી ગયેલાં, અને વદ એકમે ગિરિરાજ પર ચડી દાદાની પૂજા કરી પાછા ઘેટી ઊતરી સંઘમાં મળી ગયેલાં. વદ ત્રીજે સંઘે પાલીતાણા પ્રવેશ કર્યો. વદ પાંચમે સંઘવીએ તીર્થમાળા પહેરી, શેત્રુંજી નદીની તથા ડુંગરની પૂજા પણ કરી. મહા વદિ છઠે સંઘે બાર ગાઉની પ્રદક્ષિણા શરૂ કરી, તેમાં છઠે કદંબગિરિ અને સાતમે હસ્તગિરિની સ્પર્શના કરી. આઠમે ચોક થઈ પાલીતાણા પાછા આવ્યા.

હવે સંઘનું વિસર્જન થઈ જવાનું હતું. યાત્રાળુઓને અમદાવાદ સુધી પહોંચાડવા માટે સંઘવી તરફથી ખાસ ટ્રેઈન મૂકાવવામાં આવી હતી. છગનભાઈ અને ગજરાબહેન, તેમની પદ્ધતિ પ્રમાણે કદાચ પાલીતાણા થોડો વખત રોકાયાં હોત, અને યાત્રાઓ કરી હોત, તેમ અનુમાન કરી શકાય. પરંતુ એક કમનસીબ બનાવ એવો બન્યો હતો કે તેઓને ઘેર પહોંચવાની ફરજ પડી ગઈ.

બન્યું એવું કે છગનભાઈના પિતાતુલ્ય વડીલ ભાઈ નાનચંદભાઈનું સૂરતમાં મહા શુદિ પૂનમે દુઃખદ અવસાન થઈ ગયું. તેના સમાચાર આપતો કાગળ બરાબર મહા વદિ નોમને દહાડે જ છગનભાઈને મળ્યો. યોગાનુયોગ તો જુઓ ! પત્ર વહેલો મળ્યો હોત તો આખાયે સંઘ દરમ્યાન કરેલી આરાધનાની લહેર અધવચ્ચે તૂટી જાત, અને છેલ્લા દિવસોમાં તેમને બધું મૂકીને નાસભાગ કરવી પડત. પણ આ તો બધો જ કાર્યક્રમ પતી ગયો પછી જ પત્ર પહોંચ્યો !



કાગળ મળતાં જ તેઓ બન્ને તે જ રાત્રે ૭-૦૦ વાગે ઉપડતી સ્પેશ્યલ ટ્રેનમાં બેસી દસમે બપોરે અમદાવાદ આવ્યાં. ત્યાંથી એક વાગ્યાની ગાડીમાં બેસી રાતે અગિયાર વાગે નવસારી ઊતરી બાર વાગે સૂરત પહોંચ્યાં.

બચપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ, એટલે મોટા ભાઈ જ તેમના માટે પિતાતુલ્ય હતા. વળી ભેગા હતા ત્યારે અને છૂટા થયા પછી પણ, મોટા ભાઈ - ભાભીએ આ દંપતીને પુત્રવત્ જ પાળેલાં - સાચવેલાં. એટલે એમના પ્રત્યે અનન્ય મમતા હોય તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આ જ કારણે, આમ એકાએક મોટા ભાઈનો વિરહ તેમના માટે આઘાતજનક બન્યો જ હશે. પરંતુ નવાઈની વાત એ છે કે પોતાની યાત્રા, તપસ્યા વગેરે ધર્મકરણીની વિગતવાર નોંધ કરનાર છગનભાઈ, કોઈ નોંધમાં ક્યાંય, પોતાની સાંસારિક આવી ઘટનાઓ કે વિડંબનાઓ વિશે એક અક્ષર પણ લખતા નથી. માત્ર એક ઠેકાણે એટલું નોંધ્યું છે કે - "ભાઈ માહા શુદિ ૧૫મે રાત્રે ૨ વાગે ગુજરી ગયા, તેની પાછળ કરવાનું: સામાયક ૧૦૧, બાંધી નોકારવાળી ૧૦૧, ઉપવાસ ૫, પોશા ૨, છઠ ૧." અને આ બધું પોતે ૧૯૯૧માં જ કરી દીધું હોવાનું સૂચવતી ચોકડી પણ તેમણે આ દરેકની જોડે જ લખી દીધી છે. આ સિવાય, પોતાને લાગેલ દુઃખ વિશે કે મોટા ભાઈના પરિવાર વિશે કે તે પરિવાર સાથેના પોતાના હવેના વ્યવહાર વિશે કોઈ જ નિર્દેશ તેઓ ક્યાંય કરતા નથી.

સંસારની આ બધી ક્ષણિકતાનો પૂરો પરિચય, તેને કારણે મનમાં ઘૂંટાયે જતી અનાસક્તિ અને વિરાગ દશા - આના લીધે આ બધી સાંસારિક ઘટમાળ પરત્વે વધુ ઉદાસીન, વધુ નિર્લેપ બન્યા હશે એવું, આ ઉપરથી કલ્પી શકાય છે.

સ. ૧૯૯૨માં છગનભાઈ અને ગજરાબહેને શ્રી સમેતશિખર તીર્થની ટ્રેન દ્વારા યાત્રા કરી, તેની નોંધનું મથાળું બાંધતાં તેઓએ લખ્યું છે કે : "શંવત ૧૯૯૨નાં આશો વદ ૭ વાર ગુરુ તા. ૫-૧૧-૩૬ને દીને સવારે ૧૦ વાગે સુરતથી નીકલી ૧૧॥ની સુરતથી શ્રી શમેતશિખરજી જૈન સ્પેસીયલ ટ્રેઈન ઓરગેનાઈઝર શા. ચંદુલાલ છગનલાલ શાહે અમદાવાદથી લાવી સુરતથી ઉપાડી નીચેનાં સ્થળોએ જાત્રાઓ કરાવી તેનું ટૂંક વૃત્તાંત. મુશાફરી દીવશ ૬૪ની ખોરાકી સાથે ટ્રેન ફેર રૂ. ૧૦૫, તેમાં છગન ત્થા છગનની વહુ ત્થા મામા રામાજી ત્થા માશી રતન ગયા ત્યારની વીગત."

કયા દિવસે કયા ક્ષેત્રની યાત્રા કરી, ત્યાં કેટલાં મંદિરો વગેરે છે તથા તે ક્ષેત્રની શી વિશેષતા છે, તેની ટૂંકી પણ મજાની નોંધ તેમણે કરી છે. આ પ્રવાસમાં સમેતશિખર બાજુનાં તમામ તીર્થો ઉપરાંત દિલ્હી અને રાજસ્થાન તરફનાં જેસલમેર સુધીનાં તમામ તીર્થોની યાત્રાનો ઉપક્રમ હતો.

સૂરતથી તા. ૫-૧૧-૩૬ના નીકળેલ સ્પે. ટ્રેન તા. ૧૦-૧-૩૭ના સૂરત પાછી આવી. પછી આયોજકે ટિકિટ દીઠ ૧૦ રૂપિયા રિફંડના આપતાં રૂ. ૯૫માં ખોરાકી સાથે ૬૪ દિવસની ટ્રેન યાત્રા થઈ. આવી યાત્રાની આજે કલ્પના પણ થઈ શકે ખરી ?







વધુમાં તેઓએ નોંધ્યું છે કે "મોટર ખરચ વીગેરે સૌ સૌને માથે ખરચ થયો છે. એક ટીકીટે ખરચના રૂ. ૫૦ થી ૭૫ સુધી ગણવા. ધર્માદા જુદા. સ્પેશીયલને રસ્તામાં ૨૫ થી ૩૦ નોકારશીઓ મળી હતી. ચા પાણી નાસ્તો પણ મળેલો."

સ્પેશ્યલ ટ્રેન જયાં જાય ત્યાં સુધી યાત્રા સંઘે ધર્માદો કરવો પડે, તેવી તે સમયમાં (પણ) પ્રવૃત્તિ હશે, તેથી તે માટે આયોજકે યાત્રિકો પાસે ટીપરૂપે રકમ ઉઘરાવી હતી. આ ટીપ વિશે એક વ્યવહારુ ટિપ્પણી કરતાં છગનભાઈએ નોંધ્યું કે - "સ્પેશીયલમાં ધર્માદાની ટીપ કરેલી તેથી દરેક સ્થળોએ સ્પેશીયલ તરફથી રકમનો ધર્માદા આપી છે. ટીપ નહીં કરે તો ધર્માદા વધારે વપરાતે. માટે દરેક સ્થળે દરેક જુદા જુદા આપવા તે ઉત્તમ."

આ સિવાય, ૧૯૯૪માં તેમણે પાલીતાણા ચોમાસું કર્યું. ત્યારે ત્યાં રહ્યા તે વખતમાં જય તળાટીની ૨૨૫ યાત્રા કરી. ચૌવિહાર છઠે સાત યાત્રા સં. ૧૯૮૯માં બે વાર કરેલી, તેમ આ વર્ષે પણ બે વખત કરી. ચાતુર્માસ બાદ ગિરિરાજની બીજી વાર નવાણું કરી. પાલીતાણાની પંચતીર્થી જુહારવાપૂર્વક તળાજા તીર્થની ૧૦૯ યાત્રા ત્યાં રહીને કરી. ૧૯૯૫માં વધુ બે વખત ગિરિરાજની નવાણું કરી. તેમની નોંધ અનુસાર, ૧૯૮૯ થી ૧૯૯૬ સુધીમાં તેમણે સિદ્ધગિરિજી ૫૧૦ યાત્રા કરી હતી.

સં. ૧૯૯૬માં તે દંપતીએ કેશરીઆજી વગેરે તીર્થોની યાત્રા ટ્રેન અને બસ દ્વારા કરી. તેમાં મધ્ય ભારતનાં બધાં તીર્થોની તથા હસ્તિનાપુરની સ્પર્શના કરીને બન્ને પાલીતાણા પહોંચ્યાં. ત્યાં તેમણે વર્ષીતપનાં પારણાં કર્યાં.

આ થયો તેમના તીર્થાટનનો રોચક વૃત્તાંત.

(૧૧)

# અને દીક્ષા

છગનભાઈ અને ગજરાબહેનની ગૃહચર્યાનો અને તે ચર્યામાં સતત ડોકાયા કરતી તેમની પ્રકૃતિનો તથા તેમના માનસનો પૃથક્કરણાત્મક અભ્યાસ કરતાં એક વાત સ્પષ્ટ તરી આવે છે કે આ બે વ્યક્તિઓનું દાંપત્ય એક આદર્શ અને સંવાદી દાંપત્ય હતું. ઘણીવાર ભણતરની ખાઈ, ધન - સાધનની ઓછપ અને કોઈ એક પાત્રની વધુ પડતી ધાર્મિકતા, આવા દાંપત્યમાં ઊભી તિરાડ પાડીને માનસિક કજોડાનું સર્જન કરી આપે છે. પરિણામે દેખીતી રીતે ધર્મમય જણાતું જીવન વાસ્તવમાં ક્લેશમય અને તનાવગ્રસ્ત જીવન બની રહે છે. સદ્‌ભાગ્યે, આ દંપતીની જીવન - પદ્ધતિ એટલી બધી સમજણભરેલી હતી કે એમના દાંપત્યમાં તિરાડ પડવાની વાત તો બાજુ પર, બલ્કે જેમ જેમ સમય વીતતો ગયો અને ધર્મપરાયણતા વધતી ગઈ, તેમ તેમ બન્નેના પારસ્પરિક સૌહાર્દ અથવા સદ્‌ભાવમાં સતત વૃદ્ધિ જ થતી રહી.



આનું સીધું ફળ એ નીપજેલું કે તે બન્નેમાં એકમેક ઉપરનો અધિકારભાવ અથવા તો પોતાને ગમે તે જ સામી વ્યક્તિએ કરવું પડે તેવો હઠાગ્રહ, કદાપિ આવ્યો જ નહિ. જે કરવું તે પરસ્પરના સલાહ - સંપ અને સમજૂતીથી કરવું; ધર્મનું કોઈ પણ કામ બને ત્યાં સુધી બન્નેએ સાથે જ કરવું; કોઈ પ્રવૃત્તિ એકને અનુકૂળ હોય પણ બીજાને અનૂકૂળ ન હોય તો તે પ્રવૃત્તિ બળજબરીથી તેના પર લાદવાની કોઈ જ તત્પરતા નહિ; તો, જેને જે પ્રવૃત્તિ અનુકૂળ ન હોય, તે સામાને પણ તે પ્રવૃત્તિ ન કરવા દે, તેવું પણ નહિ.

આવી સમજણ અને સંવાદિતાને લીધે જ છગનભાઈ વર્ષો સુધી ધારી તપસ્યા, યાત્રા અને ધર્મસાધના કરી શક્યા હતા. તેમણે ઘણી કઠિન આરાધનાઓ પણ કરી, સતત કરી. પણ ગજરાબહેને તે બધામાં ફરજિયાત જોડાવું જ તેવી વાત નહિ. તો સામા પક્ષે, પોતાનાથી જ્યારે જે થઈ શકે તેવી આરાધનામાં ગજરાબહેન હોંશભેર જોડાય, પણ પોતાનાથી ન થઈ શકે કે પોતાને કરવાનું મન ન હોય તેવી ઘણી બધી આરાધનાઓ છગનભાઈ કરે, તો તેમને કોઈ નિષેધ કે અવરોધો નહિ, બલ્કે પ્રેમપૂર્વક સંમતિ જ આપે અને અનુકૂળતા પણ કરી આપે. વધુમાં, ગૃહસ્થી ચલાવવામાં કોઈ વાતે ઓછા વધતાનો કોઈ કકળાટ પણ નહિ.

આવું દાંપત્ય આદર્શ દાંપત્ય બની રહે તેમાં નવાઈ પણ શી ?

ૐ

આપણે આગળ જોઈ ગયા છીએ તેમ, પોતાને ત્યાં થયેલ એક સંતાનનું અવસાન નીપજ્યા પછી, છગનભાઈના ચિત્તમાં વૈરાગ્યભાવનાએ પ્રવેશ કરી દીધો હતો, અને તે ભાવનાને પોષણ મળે તે રીતની ધર્મચર્યા પણ, ત્યાર પછી, તેમણે વિશેષે અપનાવી લીધી હતી. આ ધર્મચર્યા વધતી વધતી સંવત ૧૯૯૬ સુધીમાં કઈ હદે વૃદ્ધિ પામી, તે પણ આપણે વિસ્તારથી અવલોક્યું છે. ઉત્તરોત્તર વધતી આ ધર્મકરણીની સાથે જ તેમના અંતરનો વૈરાગ્યભાવ પણ પ્રબળ બનતો ગયો હતો. અને આ વૈરાગ્યની વાત અર્થાત્ પોતે હવે આ સંસારમાં વધુ વખત રહેવા નથી માગતા, પણ સંસાર ત્યાગીને ચારિત્રના પંથે પળવા ઇચ્છે છે તેની વાત, તેઓ ગજરાબહેન સાથે ચર્ચતા જ હશે, તેમાં શંકા નથી. હમણાં જ, ઉપર વર્ણવ્યું તેમ, પારસ્પરિક સમજણના સેતુથી મઢેલા દાંપત્યમાં આવી મહત્ત્વની અને ગંભીર બાબત પરત્વે એવી શંકા કરી પણ કેમ શકાય ?

વધુમાં, આ અરસામાં છગનભાઈએ ગુરુ ભગવંતોનો સમાગમ પણ વધારી દીધો હતો. સમીવાળા પૂ. ભક્તિસૂરિ મહારાજ, પૂ. આનંદસાગરસૂરિ મહારાજ, તથા ત્યાર પછી સૂરતના આંગણે પધારેલા, શાસનસમ્રાટ બાલબ્રહ્મચારી પૂજ્યપાદ આચાર્યશ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધરો પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ, પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી તથા પૂજ્યપાદ શાંતમૂર્તિ આચાર્ય શ્રીવિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ આદિ પૂજ્યોનો સત્સંગ તેઓ સતત કેળવતા રહેલા. આ બધા પૂજ્યોમાં આચાર્ય







શ્રીવિજયવિજ્ઞાનસૂરિજી મહારાજ તથા તેમના શિષ્ય પંન્યાસ શ્રીકસ્તૂરવિજયજીનું ચાતુર્માસ ૧૯૯૬માં સૂરત - નવાપરાના ઉપાશ્રયે થતાં તેમના સૌમ્યતા, ચારિત્રપરાયણતા તથા જ્ઞાન - ધ્યાન વગેરે પ્રતિ છગનભાઈ વિશેષે આકર્ષાયા. પોતાના વૈરાગ્યને તથા તપોબળને સોળે કળાએ વિકસાવવા માટે જેવો સહારો ખપતો હતો, તે આ પૂજ્યો પાસે બરાબર મળી રહેશે તેની તેમના દિલને ખાતરી બેઠી. અને તે સાથે જ, હવે વહેલી તકે દીક્ષા ગ્રહણ કરવા માટે તેમનું અંતર થનગનવા માંડ્યું.

પુણ્યશાળી તો એટલા બધા કે તેઓ દીક્ષા લે તો તેમના પરિવારમાંથી તેમને રૂકાવટ કરે તેવું કોઈ પાત્ર ન હતું. હજી તો બન્ને ભાઈઓનો પરિવાર સંયુક્ત જ હતો. વ્યાવહારિક દૃષ્ટિએ, બાપીકી મિલકતમાંથી કોઈ ભાગલાગ વહેંચાયા નહોતા; બલ્કે એવી જુદાઈની કલ્પના પણ તેમના પરિવારમાં કોઈને ન હતી. છતાં માતાતુલ્ય ભાભી, ભત્રીજાઓ અને અન્ય સર્વ સગા - સ્નેહીઓ - સૌ કોઈ છગનભાઈ દીક્ષા લે તેમાં પ્રસન્નભાવે સંમત હતા. અરે, ગજરાબહેન પણ પ્રસન્ન હતાં. વાત એમ હતી કે છગનભાઈ જેવા સાધક જીવના સાહચર્યના પ્રતાપે ગજરબહેન માત્ર ધર્મના જ નહિ, પણ વૈરાગ્યના રંગે પણ રંગાયાં હતાં. ત્યાં સુધી કે તેમના અંતરમાં પણ છગનભાઈ નીકળે તો સાથે નીકળવાનાં અરમાન પેદા થયાં હતાં. તકલીફ એક જ હતી કે તેમનું ધાર્મિક ભણતર સાવ નજેવું હતું. વળી, નવું ભણવામાં કષ્ટ પણ ઘણું પડતું. તેથી સાધ્વી થઈને કોઈને માથે પડવાનું કે લાચાર કે ઓશિયાળી જિંદગી જીવવાનું તેમને નામંજૂર હતું. આથી ભાવ થતા, વધતા અને પાછા પડી જતા.

છગનભાઈના મનમાં ખરું કે એકવાર દીક્ષા લઈ લેવી. પછી પડે એવા દેવાય. કામ કામને શીખવે. પરંતુ તેમણે તેમની, દાંપત્યજીવનમાં કાયમ દાખવેલી સમજણ અને સમતુલા આ પ્રસંગે પણ અકબંધ જાળવી. પોતાની સાથે ગજરાબહેને દીક્ષા લેવી જ એવો આગ્રહ, આડકતરી રીતે પણ તેમણે સેવ્યો નહિ. ગજરાબહેને પોતાને માટે જે નિર્ણય કરવો હોય તેની તેમને સ્વતંત્રતા આપી. બલ્કે પોતાની દીક્ષાનો નિર્ણય પણ ગજરાબહેનની રાજીખુશીથી સંમતિ મળ્યા પછી જ તેમણે લીધો. સગાંવહાલાં પણ એવાં કે આ બન્ને જણ જે નિર્ણય લે, તે પછી ઉદ્ભવનારી દરેક પરિસ્થિતિને પ્રેમપૂર્વક સાનુકૂળ બનીને સંભાળી લેવાને તૈયાર.

આમ, ૧૯૯૬ના ચાતુર્માસ દરમિયાન, આ ચોમાસું પૂરું થયે દીક્ષા લેવાનો નિર્ણય, છગનભાઈએ કરી લીધો હતો. તે નિર્ણયને અનુરૂપ રીતે જ, તે ચોમાસાનો મોટો ભાગ તેમણે, આંબેલની ઓળી, અહોરાત્ર તથા દેશાવગાશિક વ્રત કરવાપૂર્વક ઉપાશ્રયમાં જ વ્યતીત કર્યો.

હવે એક વાત નક્કી હતી કે છગનભાઈ દીક્ષા લે, અને ગજરાબહેન ઘરે રહે. ભવિષ્યમાં તેમના ભાવ થાય અને દીક્ષા લેવી હોય તો લે, પણ તેમ ન બને તો અને ત્યાં સુધી તેમના જીવન-નિર્વાહનું શું ? વ્યવહારની ઊંડી સૂઝ ધરાવતા છગનભાઈએ આ મુદ્દો ખૂબ ગંભીરતાથી વિચારી લીધો. ગજરાબહેને કોઈની પરાધીનતા વેઠવી ન પડે કે કોઈને ગજરાબહેનનો ભાર માથે પડ્યાનું ન લાગે તે રીતે, પોતાના નિકટના સ્વજનો સાથે સલાહ મસલત કરીને, ગજરાબહેનના ભાવીને અંગે, પોતાની આપકમાઈથી તથા બાપીકી મિલકતમાંથી પોતાના



ભાગે આવનાર મિલકતનું એક વીલ તૈયાર કર્યું. એ વીલનું લખાણ વાંચતાં, છગનભાઈ કેટલા બધા દૂરંદેશી વિચારના માણસ હતા, અને પોતાનો મનોરથ પાર પાડવા જતાં પોતાનાં પત્નીને લેશ પણ અન્યાય ન થાય તે માટેની તેમની તત્પરતા કેવી હતી, તેનો આપણને પાકો ખ્યાલ મળે છે. વીલનો આરંભ તેમણે આ રીતે કર્યો છેઃ

શ્રી૧।
શ્રી પાર્શ્વનાથાએ નમઃ
શ્રી ગૌતમસ્વામીજીની લબ્ધી હોજો

'શ્રી સંવત ૧૯૯૬ના આસો વદ ૭ ને વાર બુધ તા. ૨૩-૧૦-૪૦ના દીને લખત નંગ ૧ હું નીચે સહી કરનાર શા. છગનલાલ ફકીરચંદ ઠરાવ કરું છું કે મારી ઈચ્છા ચારિત્ર ગ્રહણ કરવાની એટલે દીક્ષા લેવાની થઈ છે. અને તેથી કરીને મેં મારી પાસેની જે કાંઈ રોકડ રકમ ત્થા સુનાં (સોના) રૂપાની જનશો તથા રાશરશીલું નીચે પ્રમાણે છે, તે તમામ હમારે ધણીઆણી બાઈ ગજરાને શોંપવામાં આવે છે. તેની વ્યવસ્થા કરવા નીચે જણાવેલા મારા શગાસંબંધી હું શોંપી જાઉં છું, તે મુજબ તેઓએ વ્યવસ્થા કરવી. વ્યવસ્થા કરનારાઓના નામ- શા. રામચંદ્ર પ્રેમાજી ત્થા શા. કેશરીચંદ રામચંદ ત્થા હમારે ભાઈ નાનંચદ ફકીરચંદની પેઢીનાં વહીવટ કરનાર મગનલાલ નાનચંદ તે ત્રણેવ મલી વ્યવસ્થા કરવી.'

આ પછી પોતાની પાસેની જણસો તથા રોકડ વગેરેની યાદી આપી છે અને પછી તેનો ઉપયોગ તથા વ્યવસ્થા, ક્યારે - કેવા સંયોગોમાં કેવી રીતે કરવાં, તેની સ્પષ્ટ સૂચના આપતાં તેમણે લખ્યું છે કે -

'ઉપર મુજબની જણાવેલી મિલકતોની વ્યવસ્થા ઉપર જણાવેલાં શખશોએ વહીવટ કરવો, અને હમારી ધણીઆણી બાઈ ગજરાને તેમની હયાતી સુધી દર માશે રૂ. ૧૦ દશ લેખે ખોરાકી (આજીવીકા) વીગેરે પરચુરણ વાપરવા શારૂ આપવા. તે દરમિયાન એમને એટલે હમારી ધણીઆણી બાઈ ગજરાની ભાવનાં જ્યારે દીક્ષા લેવાની થાય ત્યારે મીલકતમાંથી એમની શલાહ લઈ દીક્ષા માટે જોઈતો ખરચો કરવો અને રાજી રંગે દીક્ષા અપાવવી. તે દીક્ષા થયા બાદ જે કાંઈ જનશમાં ત્થા રોકડ તથા રાશરશીલું વીગેરે ઉપર જણાવેલી યાદીમાં રહે તે તમામ હમારે ભાઈ નાનચંદ ફકીરચંદનાં વારશોને આપવી. તેમાં બીજા કોઈનો હક રાખ્યો નથી. બાઈ ગજરાએ દીક્ષા લીધા પછી ભવિષ્યમાં કર્મના અંતરાયે દીક્ષા છોડી પાછું સંસારમાં આવવું પડે તો તેને હમારા ભાઈ નાનચંદ ફકીરચંદનાં વારશોએ જ્યાં લગી જીવે ત્યાં સુધી એ હમારી ધણીઆણીને પાળવી. હમારે પીતા શ્રી ફકીરચંદ ઓખાજીની પેઢીમાંથી ફક્ત જનશો પૈકી પલ્લાની જનશોની વહેંચણ કરી છે. તે શીવાયની તમામ વહેંચણ હજુ બાકી છે.તેમાં હમારે હીસ્સે જે કાંઈ આવે તે તમામ આજથી હમારે ભાઈ નાનચંદ ફકીરચંદનાં વારશોને સુપરત કરું છું. એટલે પીતાશ્રી ફકીરચંદ ઓખાજીની પેઢીમાં ભાગીદાર તરીકે બીજા કોઈનો કોઈ પણ પ્રકારનો હક્ક કે દાવો મેં રાખ્યો નથી. છતાં ભવિષ્યમાં મારા તરફથી કોઈ મારા નીમે (નામે) ભાગનો હીસ્સો લેવા નીકલે તો તે આ લખતથી રદ છે. આજ સુધીમાં મારે માથે કોઈ પણ



પ્રકારનું કોઈનું દેવું નથી. અને કોઈ કાઢતા આવે તો તે આથી રદ છે. આ લખત મેં મારી રાજીખુશીથી કર્યું છે, તે મને કબૂલ છે. ઉપરની રકમ ત્થા જનશો શા. રામચંદ પ્રેમાંજીને ત્યાં જ કાયમ રાખવી. એ જ દા. શા. છગનલાલ ફકીરચંદનાં છે.

આ વીલ વાંચ્યા પછી છગનભાઈની ન્યાયવૃત્તિ તથા કોઠાસૂઝ માટે અહોભાવ ન જાગે તો જ આશ્ચર્ય.

ૐ

છગનભાઈ પોતે મૂળ નવસારીના, તેથી દીક્ષા ત્યાં લેવાની તેમની ધારણા હશે. પરંતુ તેમના શેઠ શ્રીદલીચંદ વીરચંદ શ્રોફ તથા છગનભાઈની સાથે નવાપરા - ઉપાશ્રયમાં કાયમ આરાધના કરનાર શ્રાવક બંધુઓ તેમને પોતાના સ્વજન માનીને જ વર્તતા. તે સૌનો આગ્રહ રહ્યો કે દીક્ષા તો નવાપરાના આંગણે જ થવી જોઈએ. અમે બીજે નહિ જવા જઈએ. આથી દીક્ષાનો પ્રસંગ ત્યાં જ કરવાનું નક્કી થયું.

તે નિર્ણય અનુસાર પૂજ્ય ગુરુભગવંતને વિનંતિ કરતાં તેઓશ્રીએ સં. ૧૯૯૭ના માગશર શુદિ બીજનું શુભ મુહૂર્ત આપ્યું. તે મુહૂર્તને શ્રીસંઘે તથા છગનભાઈના પરિવારે ઉલ્લાસભેર વધાવ્યું, અને દીક્ષા મહોત્સવની તૈયારીઓ આદરી દીધી. નવાપરાના સંઘે પોતાના પનોતા સપૂતના દીક્ષા - મહોત્સવના, વાયણાં જમવાં, માનપત્રનો ભવ્ય મેળાવડો, વર્ષીદાનનો વરઘોડો ઈત્યાદિ પ્રસંગો એવા ઉમંગથી અને ઠાઠથી ઉજવ્યા કે સૂરતના તે સમયના ઈતિહાસમાં એ મહોત્સવ અજોડ ગણાઈ ગયો.

જરા કલ્પના તો કરો ! પતિ વરરાજાના લેબાશમાં બગીમાં બેઠો હોય અને છૂટા હાથે વર્ષીદાન ઉછાળતો હોય ; એનાં પત્ની પાછળ પાછળ ટોળે વળેલી સ્ત્રીઓના સમૂહ - વચાળે પગપાળાં ચાલતાં હોય, એમણે પણ સોળ શણગાર સજ્યાં હોય અને વળી માથે દીક્ષાની છાબ લીધી હોય; મંગલગીતો ગવાતાં હોય અને બન્નેનો હરખ માતો ન હોય; કેવું અલૌકિક એ દૃશ્ય હશે ! પતિના વિયોગે રોકકળ મચાવવાને બદલે, સન્માર્ગે જતાં પતિને હસતે હૈયે વધાવીને વિદાય કરવા નીકળતી આર્ય નારીનું આ દિવ્ય સ્વરૂપ આ દેશમાં જ, અરે, આ જૈન શાસનમાં જ જોવા મળે. બાકી ન ભૂતો ન ભવિષ્યતિ.

ગુરુભગવંતે ફરમાવેલા મુહૂર્તના શુભ દિન માગશર શુદિ બીજે, નવાપરા-સંઘના આંગણે, છગનભાઈની દીક્ષાની મંગલક્રિયા પૂજ્ય ગુરુભગવંતોના હાથે સંપન્ન થઈ, અને તે દિવસે છગનભાઈ છગનભાઈ મટી, પંન્યાસ શ્રીકસ્તૂરવિજયજીના શિષ્યરત્ન મુનિરાજ શ્રીકુમુદચંદ્રવિજયજી તરીકે પ્રસ્થાપિત થયા. તે જ સમયે ધ્રાંગધ્રાના રહીશ ભાણજીભાઈ નામના મુમુક્ષુ શ્રાવકના પણ દીક્ષા થઈ, જેઓ મુનિ શ્રીજયવિજયજી તરીકે જાહેર થયા.

તે દિવસે જીવનના ઉત્થાનની એક મહાન આકાંક્ષા છગનભાઈએ સિદ્ધ કરી, અને પોતાના આ માનવ ભવને રળિયાત બનાવી લીધો.



# (૧૨)
# 'દીક્ષા'નો મર્મ

દીક્ષા વિશે એટલું બધું કહેવાયું છે અને કહેવાય છે કે તે વિશે હવે કાંઈ પણ કહેવું તે કદાચ પિષ્ટપેષણ કે પુનરાવર્તન જ બની રહે.

આમ છતાં, દીક્ષા એ એક એવો પદાર્થ છે કે તેના વિશે ગેરસમજો પણ ઓછી નથી થઈ. આજે તો દીક્ષા વિશે એટલી બધી વિચિત્ર ધારણાઓ પ્રચલિત બની બેઠી છે, જેમાં વિવેકની સરખામણીમાં ગતાનુગતિકતાનું તત્ત્વ વધુ જોવા મળે છે. આ તત્ત્વ લાલપીળા પડદા કે રંગબેરંગી કંકોત્રીઓમાં લખાતાં અને વરઘોડામાં ઊંચે અવાજે ઉચ્ચારાતાં સૂત્રોમાં આબાદ પ્રગટ થાય છે. સૂત્રોનો પણ એક નશો હોય છે. અને નશો હંમેશાં વાસ્તવિકતાથી દૂર રાખનારું તત્ત્વ છે.

કોઈ પણ પ્રસંગ હોય, તેની વધામણી કે તેનો વિરોધ સૂત્રોચ્ચારો દ્વારા જ કરવાની આપણને પૂરતી ફાવટ છે. એ પ્રસંગની પૂરી જાણકારી કે સમજણ ન હોય, અને મોટા ભાગે તો તે પ્રસંગમાં ભાગ લેતી વેળાએ પણ તેનાથી તદ્દન વિપરીત વર્તન - વલણ બિન્ધાસ્ત ધરાવતા હોવા છતાંય, તે પ્રસંગને અનુરૂપ સૂત્રોચ્ચારો કરવાની ફાવટ અને ચીવટ આપણને કોઠે પડી ગઈ જણાય છે. આમાં જે તે પ્રસંગની તત્પૂરતી રોનક ઉભરતી હશે, પરંતુ એ પ્રસંગના માધ્યમથી જીવનમાં કે મનમાં જે અજવાસ પથરાવો જોઈએ તેનાથી મહદંશે વંચિત જ રહી જવાય છે. ફલતઃ, તે પ્રસંગ કોઈના આત્મિક ઉત્થાનના શ્રેષ્ઠ અવસરરૂપ પ્રસંગ હોવા છતાં, તેની સ્મૃતિ આપણામાં અમીટ બની રહેવાને બદલે ક્ષણજીવી કે ફટકિયા બની રહે છે.

છગનભાઈની દીક્ષાનો પ્રસંગ આવો, આડંબરના તાંડવ જેવો ફટકિયો પ્રસંગ નહોતો, પરંતુ અનેક આત્માઓના અંતરને જગાડી દેનારો અને સૂરત જેવા ક્ષેત્ર માટે તો ભાવિમાં આવા ઉત્તમ પ્રસંગો માટેનું બીજારોપણ કરી જનારો પ્રસંગ બની રહ્યો હતો.

આવું કેમ બન્યું, તે સમજવા માટે પણ આપણે અહીં દીક્ષાના મર્મને અને સ્વરૂપને તપાસી લેવાનું જરૂરી છે.

ॐ

'દીક્ષા' માં બે અક્ષર છેઃ દી અને ક્ષા.

દી એટલે દીનતા અને ક્ષા એટલે ક્ષય. દીનતાનો ક્ષય કરે તેનું નામ દીક્ષા.

સાધુ ક્યારેય દીન ન હોય, અને જે દીન હોય તે કદી સાધુ ન હોઈ શકે. સૂત્રમાં સાધુને "અદીણમણસો" - અદીન મનનો ધણી ગણાવ્યો છે. તે પણ આ વિધાનને જ પુષ્ટ કરે છે. વાચક યશોવિજયજી શ્રી શાંતિનાથ પ્રભુના સ્તવનમાં આ મુદ્દાને જરા વધુ નિખાલસભાવે છણે છેઃ







"મીટ ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ, તુજ સમક્તિ-દાનમેં"

આનું તાત્પર્ય આ રીતે પણ તારવી શકાયઃ દીનતા એ માનવમાત્રને વળગેલી ભૂતાવળ છે. એ દીનતાના વળગાડને દૂર કરવાના ઈરાદા સાથે થતો ખાસ પ્રયત્ન તેનું નામ દીક્ષા. આવી દીનતા દૂર કરી આપતા હશે માટે જ ભગવાન "દીન-દયાળ" કહેવાતા હશે ને !

દીક્ષા લેનારમાં બે ચીજો હોવી અનિવાર્યઃ 'બોધ' અને 'નિષ્ઠા.' ઉપાધ્યાયજી મહારાજ કહે છે તેમ "ભવની નિર્ગુણતાનો બોધ હોય, અને વ્રતપાલન માટે પૂરતી ધીરતા હોય, તે જ દીક્ષા માટે યોગ્ય" ગણાય. વાત પણ સાચી છે. નિષ્ઠા વિનાનો બોધ માત્ર માહિતી બની રહે અને માણસને જડ બનાવે. અને બોધ વિનાની નિષ્ઠા ઝનૂનમાં જ પરિણમે. એકલી નિષ્ઠા જ્યારે ઝનૂનમાં પરિણમે ત્યારે તે સમાજના સ્વાસ્થ માટે હાનિકર નીવડે. તો એકલા બોધને લીધે પેદા થતી જડતા વ્યક્તિને વ્યક્તિગત નુકસાન પહોંચાડે. એટલે બોધ અને નિષ્ઠા બન્નેનો સમન્વય સધાય ત્યારે મનુષ્યમાં વિવેક અને શ્રદ્ધાનો "દોય શિખાનો દીવડો" પ્રગટે છે, જે એને એકતરફ દીક્ષા માટે યોગ્ય પુરવાર કરી આપે છે, તો બીજી તરફ દીનતાના ક્ષય માટેની સજ્જતા પણ બક્ષે છે.

ના, સાધુ દીન ન હોય. એ લોકોનો, લોકોનાં ધન - સાધનોનો કે માનમરતબા અને આડંબરોનો હેવાયો ન હોય. એક સાધકને દીન બનાવવા માટે આમાંનું એકાદ વાનું પણ પૂરતું ગણાય. અને એકવાર આ બધાં તોફાનોના રવાડે ચડ્યો કે ખલાસ ! પછી એ તોફાનો એને દીન જ નહિ, પણ દુઃખી દુઃખી કરી મૂકવાનાં. વાચકવર્ય શ્રીઉમાસ્વાતિજી મહારાજની વાત આ સંદર્ભમાં ગાંઠે બાંધવા જેવી છેઃ "લોકવ્યાપારથી પર બનેલા સાધુને જે સુખ છે, તેવું સુખ દેવોના ઇન્દ્રને કે ચક્રવર્તી સમ્રાટને પણ સુલભ નથી."

અને જે દીન ન હોય તે હીન તો હોય જ શાનો ? દીનતા જ હીનતાની જનેતા છે. દીન જણ, પોતાની લાલસાને પોષવા ખાતર હીન કાર્યો કરતાં અચકાતો નથી, તે તો જગજાહેર વાત છે. હીનતા એટલે ક્ષુદ્રતા; હીનતા એટલે ક્ષુલ્લકતા; હીનતા એટલે નીચતા. આ હીનતા એકવાર હૈયામાં પેઠી, પછી ન કરવાનાં કામ સૂઝે; માયા અને પ્રપંચ, દ્વેષ અને ક્લેશ, મારું અને તારું, વિકારો અને વાસનાઓ અને એવું એવું બધું જ પછી ખડકાતું રહે અને જીવનને કચરાનો કોથળો બનાવતું રહે.

દીક્ષાર્થી પહેલેપ્રથમ દીનતાને નષ્ટ કરી મૂકે છે, પછી આવી હીનતાને અવકાશ ક્યાંથી રહેવાનો ? અને છતાં સુદીર્ઘ ભૂતકાળની "આદત સે મજબૂર" દીક્ષાર્થીમાં દીક્ષા લીધા પછી આવી કોઈ દીનતા અને હીનતાના સંસ્કાર રહી ગયા હોય, તો તેને નાબૂદ કરવા માટેની કોશિશ/સાધના તે જ દીક્ષા.

દીક્ષા લેતાં પહેલાં આટલી સમજ કેળવી લે તે દીક્ષા માટે યોગ્ય ગણાય.

દીક્ષા લીધા પછી પોતાનામાં પડેલી દીનતા-હીનતાને પ્રીછીને તેને નાબૂદ કરવામાં લાગી પડે, તેની દીક્ષા લીધી પ્રમાણ.



છગનભાઈ, આ અર્થમાં દીક્ષા માટે પૂરતા લાયક હતા, તેમ કહેવામાં હવે અતિશયોક્તિ નથી લાગતી. અને આપણે હવે પછીનાં પૃષ્ઠોમાં એ પણ જોઈશું કે તેઓ દીક્ષાજીવનમાં કેવા અદીન બનીને જીવ્યા, અને પોતાનામાં જે દીન - હીન ભાવો હતા તેને વીણીવીણીને કેવી રીતે તેમણે ખતમ કર્યા.

ક્યારેક એવું જોવા મળે છે કે દીક્ષા લેનારો દેખીતી રીતે જ અયોગ્ય છતાં તેને દીક્ષા આપવામાં આવે. ઘણીવાર એવું પણ બને કે દીક્ષા લીધી હોય પણ તેનું પછીનું આચરણ તેને અયોગ્ય ઠરાવી જતું હોય.

આવું જુએ, ત્યારે ઘણા લોકો હોબાળો મચાવી મૂકે છે અને દીક્ષાને તથા ધર્મને વગોવવા માંડે છે, અને બધા જ સાધુ બગડી ગયા છે, ખરાબ છે, તેવી ધારણાનો શિકાર પણ બની બેસે છે.


કોઈ પણ બાબતમાં વિવેકનું સ્થાન દેખાદેખી કે ગાડરિયા-વૃત્તિ લે ત્યારે આવું જ બનવાનું. એ રીતે, વિવેકવિહોણા મનુષ્યો "બિચારા" જ ગણાય, અને એટલે દયાપાત્ર પણ ગણાય. આવા લોકો કોઈ દીક્ષાનો પ્રસંગ આવે ત્યારે "સંસાર કાળો નાગ છે, સંયમ લીલો બાગ છે." "સોના કરતાં મોંઘું શું ? સંયમ સંયમ" અને "મીઠા કરતાં ખારું શું ? સંસાર સંસાર" જેવાં સૂત્રો પોકારવામાં પાછું વાળીને જોવાના નહિ. તો ક્યારેક કોઈનું અજુગતું ભાળી જાય ત્યારે ગોકીરો મચાવવામાં પણ એ આગલી હરોળમાં જ બિરાજવાના ! સંસાર જો "કાળો નાગ" હોય, તો એ ક્યારેક કર્મને પરવશ પડેલા સંયમીને પણ આભડી જઈ શકે એ તથ્ય પ્રત્યે આવા લોકો ઝાઝે ભાગે આંખ આડા કાન જ કરીને ચાલે છે. પણ એમાં એમનોય શો દોષ ? ખાટલે મોટી ખોડ કે "વિવેક"નો ચોથો પાયો જ ન મળે ! સર પ્રભાશંકર પટ્ટણી આવા "અવિવેકી"ને "માનસિક રીતે અપંગ" તરીકે ઓળખાવતા.

વાસ્તવમાં દીક્ષા એ એક પધ્ધતિ છે - સાધનાની પધ્ધતિ. એવી પધ્ધતિ કે જે આપણા ચિત્તની દીન-હીન વૃત્તિઓને નામશેષ કરે, અને આપણા ચિત્તનું જીવનનું તથા આત્માનું ઊર્ધ્વીકરણ કરે. આવી દીક્ષાપધ્ધતિ શીખવે તે ધર્મ, તે જૈન શાસન. સમજવાનું એટલું જ કે કોઇ વ્યક્તિ કે વ્યક્તિઓ પોતાની જ કોઇ આંતરિક અને મૂળભૂત ખામીને કારણે દીક્ષા લીધા પછી પણ બગડે, તો તેમાં આ શાસનનો કે તેની દીક્ષાપધ્ધતિનો શો દોષ? પાડાના વાંકે પખાલીને ડામ કેમ આપી જ શકાય ?

એક બે દાખલાથી આ મુદ્દાને વધુ સ્પષ્ટ કરીએ. પૈસો સૌને પ્રિય છે અને એને મેળવવા માટે સૌ ઉધામા કરે છે. પરિણામે ઘણા લોકો પૈસાદાર બને પણ છે. હવે જગતમાં જેટલા પૈસાદારો છે, તેમાંના ઘણાબધા લોકો પૈસાનો અવનવા અનર્થો સરજવા પાછળ ગેરઉપયોગ કરતા જ રહે છે. એ જ રીતે, વકીલોનો મોટો સમુદાય દેશ ને દુનિયામાં સર્વત્ર વ્યાપેલો છે. વકીલ એટલે બુદ્ધિમાન, એવો બુદ્ધિમાન કે જે પોતાના બુદ્ધિબળ વડે સાચાને ખોટું તો ખોટાને ખરું પુરવાર કરી આપે. હવે જુઓ કે વકીલોના આ બુદ્ધિકૌશલ્યના કારણે વિશ્વમાં કેટલા નિર્દોષો દંડાય છે એ કેટલા બધા દોષિતો નિર્દોષ છૂટી જાય છે !

આ સ્થિતિમાં બહેતર એ છે કે અનર્થો સર્જે તેવા પૈસા અને બુદ્ધિબળને વિશ્વમાંથી, છેવટે







આપણા ઘર અને જીવનમાંથી કાયમ ખાતે દેશવટો આપી દેવો. પણ આવું કોઈ કરે નહિ, વિચારે પણ નહિ. કેમ કે એ જ પૈસો અને બુદ્ધિબળના સદુપયોગથી આ સંસારમાં અગણિત ભલાઈનાં કાર્યો પણ થાય છે અને અનેક જીવોનું તથા મનુષ્યોનું રક્ષણ પણ થતું જ હોય છે. બહુ બહુ તો પૈસો અને બુદ્ધિનો ગેરઉપયોગને બહેકાવનારી પદ્ધતિમાં ફેરફાર આણી શકાય અથવા તેનો ગેરઉપયોગ ઘટે તેવી કોઈ વ્યવસ્થા નવસેરથી ગોઠવી શકાય. તેથી વધુ કાંઈ ન થઈ શકે.

આ જ વાત દીક્ષા અને ધર્મની બાબતને પણ બરાબર લાગુ પાડી શકાય તેમ છે. દીક્ષાનો એટલે કે મુનિવેષનો અને તેના આધારે મળતી સુવિધાઓનો ગેરઉપયોગ કરનારા થોડાક જીવો હોઈ શકે. સમજવા થતાં તે વાતને ચલાવી લેનારા પણ કોઈ કોઈ હોઈ શકે. પરંતુ તેટલા માત્રથી "દીક્ષા અને ધર્મ ખરાબ" એવા તારણ પર પહોંચવામાં તો બુદ્ધિનું દેવાળું જ ગણાય. પદ્ધતિમાં પરિવર્તન જરૂર આણી શકાય. પરંતુ "બધું ખરાબ જ છે" એમ માનવામાં તો અવિવેકનું વરવું પ્રદર્શન જ છે.

વસ્તુતઃ આ આખાયે વિવાદનો ઉકેલ ઉપાધ્યાયજી મહારાજે એક જ પંક્તિમાં આપી દીધો છેઃ

"यो बुध्द्वा भवनैर्गुण्यं धीरः स्याद् व्रतपालने, स योग्यः"

- "જે સંસારની અસારતાને સમજતો હોય અને વ્રતપાલનમાં ધીર પણ હોય તે દીક્ષા માટે યોગ્ય."

આ વિધાનનો મર્મ પકડતાં આવડે તો ઘણા બધા ઝઘડા આપોઆપ મટી જાય. ખરી રીતે એક માર્મિક પ્રશ્નના ઉકેલમાં થયેલું આ વિધાન છે. ઉપાધ્યાયજી મહારાજે પોતે જ એક પ્રશ્ન ઊભો કર્યો કે કયા મનુષ્યનો આંતરિક ભાવ શું છે તે આપણે કેમ કળી શકીએ ? અને કોઈના મનોભાવનો તાગ ન પામી શકીએ ત્યાં સુધી તે દીક્ષા માટે યોગ્ય કે અયોગ્ય - તે પણ કેમ નક્કી થાય ? તે નક્કી ન થઈ શકે, તો દીક્ષા આપવી જ નહિ તે જ યોગ્ય ગણાય ને ? તેમાં જ શાસ્ત્રાજ્ઞાનું પાલન ને ?

આ સવાલોનો જવાબ આપતાં તેઓએ ઉપરનું વિધાન કર્યું છે. તેઓ આ વિધાન દ્વારા એમ સૂચવવા માગે છે કે "કોઈના મનનો તાગ પામવો તે જરૂર કઠણ છે. પણ એટલે કોઈને દીક્ષા જ ન આપવી તે તો બહુ ભયાનક નિષ્કર્ષ બની રહે. કોઈના મનોભાવ ન કળી શકાય તેટલા માત્રથી કોઈનેય દીક્ષા આપવાનું મુલતવી રાખવામાં તો પરમાત્માના માર્ગનો જ ઉચ્છેદ આવી પડશે. દીક્ષા નહિ અપાય તો સાધુ નહિ રહે, અને સાધુ નહિ હોય તો "માર્ગ" અવિચ્છિન્નપણે શેં પ્રવર્તશે ? બલ્કે માર્ગનો ધ્વંસ આપણા જ હાથે નહિ થઈ જાય ? અને પ્રભુના માર્ગના ઉચ્છેદમાં આ રીતે પણ નિમિત્તભૂત બની જઈએ તો આપણા શા હાલહવાલ થાય ?

ના, આવું હરગીઝ ન કરાય. અરે, ધીર મહાપુરુષો તો મિથ્યાદૃષ્ટિ આત્માઓને પણ, માર્ગમાં પ્રવેશ આપવાની દૃષ્ટિથી જ, દ્રવ્યથી સમ્યક્ત્વનું તેમનામાં આરોપણ કરીને તેમને દીક્ષા સુદ્ધાં આપે છે. હવે જો જે સ્પષ્ટપણે મિથ્યાદૃષ્ટિ છે, તેને પણ આ રીતે વ્રત આપવામાં મહાપુરુષો



અનૌચિત્ય ન જોતાં હોય; ઊલટું માર્ગની અવિચ્છિન્નતા સમજતા હોય, તો કોઈના મનોભાવ ન કળી શકાય તેટલા પરથી જ દીક્ષા અટકાવવાનો આપણને કયો અધિકાર ?

પણ તો કેવા મનુષ્યને દીક્ષા આપવી ? અથવા દીક્ષા આપી શકાય તે માટેની લઘુતમ લાયકાત શી ? આના જવાબમાં ઉપાધ્યાયજી મહારાજે બે કસોટી આપીઃ ભવની અસારતાનો બોધ અને વ્રતપાલનમાં ધીરતા - આ બે વાનાં જેનામાં જણાય, તે દીક્ષા માટે યોગ્ય. બાકી ''भावभेदस्तु दुर्लक्ष्यो नोपयुज्यते'— મનના ભાવો કેવા હોય તે ઓળખવાનું દુષ્કર હોઈ તેને કસોટી બનાવી શકાય નહિ.

આ આખીયે લંબાણ ચર્ચાનો સાર એટલો કે દીક્ષા લેનાર/લીધેલા બધા ખરાબ જ હોય; હવે દીક્ષા આપતાં વિચાર કરવો જોઈએ; સાધુઓ બગડી ગયા છે; ધર્મ નકામો છે'' ઈત્યાદિ મંતવ્યો બૌદ્ધિક અપરિપક્વતાની અથવા તો નાદાન બુદ્ધિની નિશાનીરૂપ મંતવ્યો છે. પરમાત્માનું શાસન જેમ સ્વચ્છંદી કે દંભી સાધુઓ પર આધારિત નથી, તેમ આવાં અધકચરાં મંતવ્યોને આધારે પણ તે નથી ચાલવાનું.

આમ જુઓ તો આખો મનુષ્ય - સમાજ અપરિપક્વ જ છેને ! અલબત્ત, આત્મિક ઉન્નતિ કે ઊર્ધ્વીકરણની દૃષ્ટિએ જ. અપરિપક્વને પરિપક્વ બનાવનારી સાધનાની ભઠ્ઠી એટલે દીક્ષા.

આવી દીક્ષા છગનભાઈને મળી ગઈ, ગુરુભગવંતોના હાથે. તેમનામાં ભવની અસારતાનો બોધ તીવ્ર હોવા વિશે તથા તેમની વ્રતપાલનમાં નિષ્ઠા વિશે ખુદ ગુરુદેવોને પણ અતૂટ આસ્થા હતી. એટલે યોગ્યતા અંગે તો કોઈ પ્રશ્ન જ નહોતો ઊઠતો. દીક્ષા મળવા સાથે જ પોતાની ચૈતસિક વૃત્તિઓનું સંશોધન કરી તેના ઊર્ધ્વીકરણના કામમાં તેઓ કેવા મચી પડ્યા અને કેટલી મહેનતે કેવી સફળતા તેમણે હાંસલ કરી, તેવું અવલોકન હવે કરીશું.

ॐ

## (૧૩)
# ગુરુપરંપરા

જૈન શાસન ત્રણ તત્ત્વોના સાપેક્ષ સમન્વયથી વિકસેલું ધર્મશાસન છે.

જૈન શાસનની ઈમારતના ત્રણ આધાર આઃ દેવ તત્ત્વ, ગુરુ તત્ત્વ અને ધર્મતત્ત્વ.

પ્રત્યેક ઈમારતને સર્જવા માટે અને અડીખમ રાખવા માટે ત્રણ વાનાં મહત્ત્વનાં છેઃ પાયો, દીવાલ અને છત. પરિપૂર્ણ ઈમારત ચણવી હોય તો આમાંનું એક પણ ઓછું ન ચાલે. જૈન શાસનની શાશ્વત ઈમારતમાં પણ દેવતત્ત્વ પાયો છે, ગુરુતત્ત્વ દીવાલરૂપે છે, તો ધર્મતત્ત્વ એની છત છે. આ ત્રણ પૈકી એક પણ તત્ત્વ ન હોય તો જૈન શાસનમાં ન ચાલે. દેવ તત્ત્વનો પાયો જ ન હોય તો ઈમારત સ્વયં બિનપાયાદાર બની જાય. અને મજબૂત પાયો નંખાયા







પછીયે તે પર જો દીવાલ ચણીને છત ન નંખાય તો પાયો નકામો પડે !

આ ત્રણ તત્ત્વોમાં કોઈ એક તત્ત્વનું જ મહત્ત્વ નક્કી કરવું હોય તો બહુ મુશ્કેલ પડે. બીજા સંપ્રદાયોમાં ઘણે ભાગે "ગુરુ"ને સર્વોપરી પદ અપાય છે.

"ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગું પાય ?
બલિહારી ગુરુદેવકી, ગોવિંદ દિયો બતલાય"

"गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥"

આ બધી ઉક્તિઓ દેવ કરતાં ગુરુ વધુ ચડિયાતા હોવાનું સૂચવી જાય છે. જૈન શાસનમાં આ રીતે નિરપેક્ષપણે એક તત્ત્વ અન્ય તત્ત્વોને ઊતારી પાડે કે ઓછું આંકે તેવી માન્યતાને કોઈ સ્થાન નથી. અહીં ત્રણે તત્ત્વોનું પોતપોતાનું સ્થાન અને મહત્ત્વ છે, પણ તે અન્ય તત્ત્વોથી સાપેક્ષભાવે જ. કોઈ તત્ત્વનું નિરપેક્ષ મહત્ત્વ જૈન શાસનને અસ્વીકાર્ય છે.

આ ત્રણે તત્ત્વોની સાદી ઓળખ કાંઈક આ પ્રમાણે આપી શકાય :

દેવ તે, જે માર્ગ દેખાડે-માર્ગદર્શન કરાવે.

ગુરુ તે, જે માર્ગ પર ચાલે અને ચલાવે.

ધર્મ એટલે દેવે દેખાડેલો માર્ગ.

દેવે માર્ગ દેખાડ્યો તે તેમનો મોટો ઉપકાર. પણ તેમની ભૌતિક અનુપસ્થિતિમાં તેમણે ચીંધેલા માર્ગને સતત ચાલુ રાખવાનું કામ તો ગુરુનું જ ગણાય. આવા ગુરુઓની એક અવિચ્છિન્ન પરંપરા ભગવાન મહાવીરના શાસનમાં પ્રવર્તી. એ પરંપરાના આદિગુરુ ભગવાન સુધર્માસ્વામી. એ સુધર્માસ્વામી મહારાજની પાટપરંપરામાં અનેક મહાન ધર્માચાર્યો થયા, જેમણે એક તરફ પરમાત્માના માર્ગને અખંડ રાખ્યો, તો બીજી તરફ પોતાના આત્માનું હિત પણ સાધ્યું. ગુરુપરંપરાની આ ઉજ્જવલ શૃંખલાનો એક બલિષ્ઠ અંકોડો તે શ્રીવિજયનેમિસૂરિજી મહારાજ.

નેમિસૂરિ મહારાજ એટલે વિક્રમની વીસમી સદીમાં થયેલા એક પ્રભાવક ધર્મપુરુષ. એમની ઓળખાણ આપવી એ સૂર્યને ફાનસ ધરી ઓળખાવવા જેવું બની રહે. જૈન હોય અને એમનું નામ ન જાણતો હોય તેવું ભાગ્યે જ બને. વિ.સં. ૧૯૨૯ના કાર્તક શુદિ એકમે મહુવામાં જન્મ અને સં. ૨૦૦૫ના આસો વદિ અમાસની રાતે મહુવામાં - જન્મસ્થળથી પચાસ ડગલાં જ દૂર કાળધર્મ; જન્મદાતા માતાનું નામ દીવાળીબાઈ, તો કાળધર્મનો દિવસ પણ દીવાળી; આ અત્યંત વિરલ છતાં સ્થૂલ ઘટનાઓને બાજુ પર રાખીએ તો પણ, પોતાની ૧૬ વર્ષ વયે ઘેરથી ભાગી જઈને દીક્ષા લીધી, તે પછીના દીર્ઘ સંયમજીવનમાં પથરાયેલી તેમની અનેકવિધ વિશેષતાઓ તથા સિદ્ધિઓ, તેમના પ્રત્યે સહેજે માથું ઝૂકાવવા પ્રેરે તેવી છે. કેટલીક વાતોનું વિહંગાવલોકન કરીએ:




પરમગુરુ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના ચરણોમાં દીક્ષા ગ્રહણ પછી તેઓની આજ્ઞા અનુસાર ચારિત્રનું ઊંચું પાલન તથા તેઓશ્રીના અખંડ વૈયાવચ્ચ દ્વારા ગુરુકૃપાનું સંપાદન; અથાગ પરિશ્રમપૂર્વક જ્ઞાનોપાર્જન; ગુરુની ચિરવિદાય પછી સ્વતંત્ર વિચરણ દ્વારા ઉત્તરોત્તર ચડિયાતી શાસનસેવા; અનેક તેજસ્વી આત્માઓનો પ્રતિબોધીને શિષ્યો બનાવ્યા, જેઓ સમર્થ શાસન પ્રભાવક, પ્રતિભાસંપન્ન વિદ્વાન તથા સંયમના ખપી બન્યા; ઠેર ઠેર પાઠશાળાઓની યોજના કરી સમ્યગ્ જ્ઞાનનો પ્રસાર વધાર્યો તથા જ્ઞાનભંડારોની સ્થાપના દ્વારા પ્રાચીન સાહિત્યની રક્ષાનું તથા સંવર્ધનનું દેશકાલોચિત કાર્ય પણ કર્યું; જીવદયાનાં એવાં એવાં કાર્યો કર્યાં કે સમાજમાં જીવદયાના જ્યોતિર્ધર તરીકે જાણીતા થયા: દરિયાકાંઠાનાં ગામોમાં વિચરી હજારો માછીમારોની જાળો મૂકાવી, કસાઈખાને જતાં અગણિત જીવોને બચાવ્યા, છાપરિયાળીની પાંજરાપોળનાં લાખોના દેવાં બે વાર ફેડાવ્યાં - વગેરે; માતર, સ્તંભતીર્થ, શેરીસા, વામજ, કાપરડા, કંદબગિરિ વગેરે પ્રાચીન અનેક તીર્થોના જીર્ણોધ્ધાર કરાવ્યા, તો શત્રુંજય, ગિરનાર, તારંગા, સમેતશિખર જેવાં અનેક મહાતીર્થોની રક્ષા કાજે સફળ રીતે સતત ઝઝૂમ્યા અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના માર્ગદર્શક બની રહ્યા; અનેક ગ્રંથોની સ્વયં રચના કરી, શિષ્યો દ્વારા પણ રચના કરાવી, અને શ્રીહરિભદ્રસૂરિ, શ્રીહેમચંદ્રાચાર્ય તથા શ્રીયશોવિજયવાચકના શ્રેષ્ઠ અનેક ગ્રંથોનું સર્વપ્રથમ સંપાદન તથા પ્રકાશન કરાવીને શ્રીસંઘની જ્ઞાનસાધનાને વિકસાવવામાં પાયાના પત્થરની ગરજ સારી; અંજનશલાકા તથા સિદ્ધચક્રપૂજન, અરિહંતમહાપૂજન જેવાં શાસનમાન્ય વિશિષ્ટ અનુષ્ઠાનોની અસ્ત થયેલી પરંપરાને પુનઃ જીવિત કરી તે વિધાનોને તેની આમ્નાય સાથે પુનઃ પ્રસ્તુત કર્યાં; તો યોગોદ્વહનની વીસરાયેલી પ્રથાનો પુનઃ આરંભ કરી વિધિસહિત ગણિ-પંન્યાસપદ તથા સૂરિપદ પ્રાપ્ત કરનાર વીસમી સદીના તેઓ પ્રથમ તપાગચ્છીય આચાર્ય બન્યા; ભાવનગર, વલભીપુર, લીંબડી, ગોંડલ, ધ્રાંગધ્રા, જેસલમેર, ઉદયપુર વગેરે અનેક રિયાસતોના રાજા - રાણાઓને પ્રતિબોધ પમાડી તેમના દ્વારા તીર્થરક્ષા તથા જીવદયા વગેરેનાં સત્કાર્યો કરાવ્યાં; અનેક ક્ષેત્રોમાં જ્ઞાતિ-ગોળ-સંઘ વગેરેમાં પ્રસરેલા કુસંપો શમાવ્યા; ૧૯૯૦ના સાધુ સંમેલનના સફળ કર્ણધાર બની સાધુ - સમુદાયને ક્લેશ કરતો તથા તૂટી પડતો બચાવવાનું ભગીરથ કાર્ય કર્યું; પોતાનો તેજોદ્વેષ કરનાર સાધુઓએ પણ, તેમની આપત્તિને સમયે તેમની પડખે રહીને બચાવી લીધા અને પોતાના મહાનતા ચરિતાર્થ કરી.

શ્રીનેમિસૂરિજી મહારાજની બે મુખ્ય અને અનન્ય વિશેષતા તે આ: તેઓ આજન્મ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા અને વચનસિદ્ધ પણ હતા. તેઓ સંયમપાલનમાં અને શિષ્યોના અનુશાસનમાં અતિશય ચુસ્ત - કઠોર હતા, અને છતાં તેમણે ક્યારેય પોતાને ચારિત્રચૂડામણિ તરીકે ન ઓળખાવતાં, પૂર્વકાળના મહાપુરુષોના ચરણની રજ લેખે તથા પામર આત્મા તરીકે જ ઓળખાવવાનું પસંદ કર્યું હતું. આ મહાન સૂરિજીને સકલ સંઘ "શાસનસમ્રાટ" તરીકે ઓળખતો રહ્યો છે, અને એમાં જ ઉપર વર્ણવેલી સઘળીય વાતોનો સાર સમાઈ જાય છે.

એમના પટ્ટધર શિષ્યો અનેક. એમાંના એક તે આચાર્ય શ્રીવિજયવિજ્ઞાનસૂરિજી મહારાજ. મૂળ પોતે પાટણના. સોળ વર્ષની ઉંમરે સં. ૧૯૬૨મા, ભાગીને દીક્ષા લીધી. અને સૂરિસમ્રાટના







શિષ્ય વિજ્ઞાનવિજયજી બન્યા. પછીથી તેમના કુટુંબીજનોએ ધમાલ કરી. પરંતુ મોહના એ આક્રમણ સામે તેઓ અડીખમ રહ્યા; ફસાયા નહિ. સૂરિસમ્રાટ અત્યંત કઠોર અનુશાસક હતા. એમના અનુશાસનની વાતો આજે તો દંતકથાઓ બની ગઈ છે. આ અનુશાસનમાં રત્નત્રયીના શુદ્ધ પાલનની ઊંચી તાલીમ વિજ્ઞાનવિજયજીએ મેળવી. પોતે શાસ્ત્રોમાં નિષ્ણાત બન્યા, પણ વધુ રસ ગુરુભગવંતની વૈયાવચ્ચમાં, તેથી તેમાં વિશેષ તત્પર રહી અનન્ય ગુરુકૃપા મેળવી. ફલસ્વરૂપે ક્રમશઃ તેઓ આચાર્યપદ સુધી પહોંચ્યા. ગુરુકૃપાનું સીધું ફળ તેમને આ. શ્રીકસ્તૂરસૂરિજી જેવા ધુરંધર શિષ્ય અને વિશાળ શિષ્યસમુદાયરૂપે પ્રાપ્ત થયું. બ્રહ્મચર્ય-પાલનમાં ગુરુ જેટલા જ અણીશુદ્ધ અને દૃઢ. જ્ઞાન ઘણું, ક્ષમતાઓ પણ અસાધારણ, પરંતુ તેઓ અંતઃસલિલા સરસ્વતી જેવું જીવન જીવ્યા. પોતાની સઘળીયે શક્તિનો ઉપયોગ તથા વિનિયોગ પોતાના પટ્ટશિષ્યને કાજે કર્યો. તેમના જીવનનાં વિશિષ્ટ તત્ત્વો તે આઃ તપ પ્રત્યે સહેજ વિશિષ્ટ રુચિઃ સ્વાવલંબનનો તીવ્ર આગ્રહ; પ્રાચીન હસ્તલિખિત સાહિત્યના જીર્ણોદ્ધાર - રક્ષણમાં ખાસ રસ તથા ઊંડી સૂઝ; શાંત-સૌમ્ય-સ્વસ્થ જીવનચર્યા. પોતે ૭૭ વર્ષ જીવ્યા, પણ છેવટ સુધી ડોળીનો ઉપયોગ નહિ કરવાના વલણને ચુસ્તપણે વળગી રહ્યા. રોજ ત્રણ-ચાર માઈલ ચાલી શકે, તેટલો પંથમાંય ૫-૬ કલાક લાગે, પણ ડોળી તો નહિ જ. એમનો કાળધર્મ સં. ૨૦૨૨માં ખંભાતમાં થયો.

તેમના શિષ્ય આચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજી મહારાજ. મૂળે અમદાવાદ - ખેતરપાળની પોળના. બાપજી મહારાજ શ્રીવિજયસિદ્ધિસૂરિજી દાદાના ભત્રીજા થાય. નાનપણમાં શ્રીવિજ્ઞાનવિજયજીનો સમાગમ થતાં મન સંવેગવાસિત બન્યું, અને તેમણે પોતાના ગુરુઓની પરંપરાને અનુરૂપ રીતે, ૧૯ વર્ષની વયે, ભાગીને દીક્ષા લઈ લીધી.

દીક્ષા લીધી ત્યારે દિવસની માંડ એકાદ ગાથા કરી શકે. બોલવામાં જીભ પણ અચકાય. કોઈકે તો વિજ્ઞાનવિજયજીની મશ્કરી પણ કરેલી - આવા શિષ્ય શોધી લાવવા બદલ. પરંતુ આવી વાતોનો જવાબ કામ કરી દેખાડીને જ આપવામાં માનનારા વિજ્ઞાનવિજયજીએ કસ્તૂરવિજયજી માટે કમર કસી. સતત દસેક વર્ષ સુધી રાજસ્થાનના વિકટ પ્રદેશમાં વિચરી, અનેક વિદ્વાન શાસ્ત્રીજીઓ તથા યતિઓ વગેરેનો પરિચય - અનુનય કરી, તેમની પાસે કસ્તૂરવિજયજીને ભણાવ્યા. પોતે અહર્નિશ અખંડ કડક દેખરેખ રાખી. વડીલ પૂજ્યોની પાસેનું અધ્યયન તો જુદું. પરિણામે કસ્તૂરવિજયજી સંસ્કૃત અને પ્રાકૃત શાસ્ત્રોના એવા સ્વસ્થ વિદ્વાન બન્યા કે ખુદ શાસનસમ્રાટ પ્રસન્ન થયા અને તેમને પંન્યાસપદ પ્રદાન કર્યું. કાળાંતરે તેમની જ ખાસ આજ્ઞાથી તેમને આચાર્યપદ પણ આપવામાં આવેલું.

કસ્તૂરસૂરિ મહારાજ માટે વિજ્ઞાનસૂરિ મહારાજે આપેલો ભોગ, અને વિજ્ઞાનસૂરિ-ગુરુ માટેનું કસ્તૂરસૂરિ મહારાજનું સમર્પણ - આ કાળમાં અજોડ અને લગભગ દંતકથાસમું છે.

જ્ઞાન-ધ્યાન - ચારિત્રારાધન તથા બ્રહ્મચર્યની શુદ્ધિમાં પોતાના ગુરુવર્યોને અણીશુદ્ધ અનુસરતા શ્રીકસ્તૂરવિજયજી મહારાજે ધીરે ધીરે એવો સંગીન વિકાસ સાધ્યો કે પ્રાકૃત ભાષાના આ કાળના તેઓ સર્વમાન્ય અને પ્રથમ પંક્તિના નિષ્ણાત મુનિ ગણાયા. તેમણે અનેક ગ્રંથોનાં



સંપાદન - સંશોધનો તો કર્યાં જ, ઉપરાંત અભિધાનચિંતામણિકોશનો પ્રગલ્ભ અનુવાદ તેમજ પાઇયવિન્નાણકહાઓ, પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા, સિરિચંદરાયચરિયં, સિરિઉસહનાહચરિયં જેવા માતબર પ્રાકૃત ગ્રંથોનું નવસર્જન કરીને, જૈન સાહિત્યના નવસર્જનની સૈકાઓ-જૂની પરંપરામાં આ યુગનું સબળ પ્રતિનિધિત્વ પ્રતિપાદિત કર્યું.

જ્ઞાનની - તત્ત્વની ચર્ચા એમનો પ્રિય વિષય. સામે જ્ઞાતા હોય કે યોગ્ય જિજ્ઞાસુ હોય અને તાત્ત્વિક વિષય છેડાઈ જાય તો પછી સમયનો ખ્યાલ તેઓ ન રાખતા. ઉંઘ, આહાર - બધું જ પછી ગૌણ બની જતું. સ્વભાવે પરમ શાંત, ભદ્રિક. જીવન પરમ પવિત્ર - નિર્મળ. કલિકાલનાં કોઈ પાતક કે પ્રપંચ તેમના ચિત્તને સ્પર્શેલાં નહિ, એમ કહી શકાય. ગુણગ્રાહક વૃત્તિ પ્રબળ. સાધુઓમાં જ્ઞાનાભ્યાસ વધે તેના આગ્રહી.

પાછળથી શાસનસમ્રાટશ્રીના સમુદાયના તેઓ નાયક બનેલા. તેમના વરદ હસ્તે શત્રુંજયગિરિરાજ પરની નવી ટૂંકની ઐતિહાસિક પ્રતિષ્ઠા થઈ. ત્યાર બાદ સં. ૨૦૩૨માં વૈશાખ વદિ ચૌદશે સોજિત્રામાં તેઓશ્રી કાળધર્મ પામ્યા.

આવા પવિત્ર મુનિરાજ આપણા છગનભાઈ અને હવે મુનિ કુમુદચન્દ્રવિજયજીને ગુરુપદે પ્રાપ્ત થયા હતા, એ તેમના અહોભાગ્યની નિશાની જ ગણાય. યોગાનુયોગ તો એવો કે માગશર શુદિ બીજે છગનભાઈની દીક્ષા થઈ, અને તેના બીજા જ દિવસે, માગશર શુદિ ત્રીજે પૂજ્ય વિજ્ઞાનસૂરિ મહારાજે પં. કસ્તૂરવિજયજીને ઉપાધ્યાયપદ અર્પણ કર્યું ! આમ છગનભાઈની દીક્ષાના પ્રસંગમાં તેમના ગુરુજીની પદવીના પ્રસંગનો સુમેળ સોનામાં સુગંધનો અનુભવ કરાવનારો બની રહ્યો, અને આવા સુપાત્ર ગુરુની પ્રાપ્તિ તે છગનભાઈ માટે સંસારથી તરવા માટેના ભવ્ય આલંબનરૂપ બની ગઈ.

ૐ

(૧૪)

# ચારિત્ર્ય ઘડતર : પા પા પગલી

દીક્ષા એટલે જીવનના સંઘર્ષને ઉઘાડું આમંત્રણ. એક મરાઠી સંતે કહેલું કે "અમે તો રાત-દહાડો લડ્યા જ કરીએ છીએઃ બાહ્યાંતર સંસાર સાથે અને વળી મનનાં દૂષણો સાથે." આ સંદર્ભમાં વિચારીએ તો પોતે પોતાની જાત સાથે ખેલવાના અવિરત સંઘર્ષનું નામ જ દીક્ષા.

મનુષ્યનું ચિત્ત એટલે અઢળક દોષોનો અભરે ભર્યો ભંડાર. મનોવિજ્ઞાનની પરિભાષામાં અજાગૃત મન તરીકે ઓળખાતા ચિત્તના ઊંડા થરમાં જામેલા દોષોના કાંસને પ્રીછી શકે, પરખી શકે અને તેનો નિકાલ કરવાની સફળ કે નિષ્ફળ પણ મહેનત કરવા માટે કમર કસી શકે તે દીક્ષા પાળી શકે. ઈર્ષ્યા અને દ્વેષ, ક્ષુદ્રતા અને હુંપદ, પંચાત અને છિદ્રાન્વેષણની આદત, મારું - તારુંનું દ્વન્દ્વ, ગમા અને અણગમા, વાસના અને વિકારો, આવાં અગણિત દૂષણોથી







આપણું ચિત્ત ખરડાયેલું છે. આ દૂષણોથી અકળામણ જાગે અને નફરત છૂટે તે સ્થિતિને આપણે ત્યાં વૈરાગ્યદશા ગણાવવામાં આવે છે. આવો વૈરાગી દીક્ષા લે પછી તેની જોખમદારી અનેકગણી વધી જતી હોય છે.

પહેલું જોખમ તો એ કે આટલાં બધાં દૂષણો ચિત્તમાં લપાઈને બેઠાં હોવા છતાં, દીક્ષા લીધા પછી, 'મારામાં હવે કોઈ દોષ નથી' કે 'હું તો આ દોષોથી પર - મુક્ત થઈ ગયો' એવી ભ્રમણા પેદા થાય છે. બીજું અને દેખીતું જોખમ એ કે જેનાથી નફરત થવાને કારણે સંસાર છોડીને સાધુ થયો હોય તે બધું જ, દીક્ષા પછી સહેજે સાંપડતી ભૌતિક ફુરસદમાં, ઘણીવાર, વળગવા માંડે છે. આવું બને ત્યારે ઘેર જેની સાથે બોલ્યાવહેવાર ન હોય તે એકાએક વહાલાં લાગવા માંડે છે અને ઘરે જે બાબતોં પ્રત્યે કદી ધ્યાન પણ આપ્યું ન હોય તે બધી એકાએક અગત્યની લાગવા માંડે છે.

આ બધાં જોખમોં થકી ઉગારે, અવસરે ટપારે - ચેતવે, તેનું નામ ગુરુ. ગુરુ દીક્ષા આપીને જ અટકી નથી જતા. દીક્ષા આપ્યા પછીની એમની પહેલી જવાબદારી શિષ્યને શિક્ષા આપવાની હોય છે. ગુરુ દ્વારા મળતી એ શિક્ષાના આલંબને એક બાજુ શિષ્ય ત્યાગ - વૈરાગ્યમાં દઢ - સ્થિર બને છેં, તો બીજી બાજુ તેનામાં જ્ઞાનદશા જાગવા સાથે તે પોતાના ચિત્તમાં પ્રવર્તતાં દૂષણોને પરખવા તથા નાબૂદ કરવા કાજે કેવા ઉપાયો પ્રયોજી શકાય તેનો નિશ્ચય કરવા શક્તિમાન બને છે. બીજી રીતે, જે જીવન સંઘર્ષને તેણે દીક્ષા લઈને ઉઘાડું આમંત્રણ આપ્યું છે, તે સંઘર્ષ ખેલવા અને ઝેલવા માટેની ક્ષમતા અપાવનારું સાધન તે શિક્ષા.

૪૩ વર્ષની પ્રૌઢ ઉંમરે દીક્ષા લેનારા મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજીનું એ સૌભાગ્ય હતું કે તેમને આવી શિક્ષા આપનારા ઉત્તમ ગુરુ સાંપડ્યા હતા. દાદાગુરુ શ્રીવિજયવિજ્ઞાનસૂરિજી તથા 'ગુરુજી' ઉપાધ્યાય શ્રીકસ્તૂરવિજયજી મહારાજના સાંનિધ્યમાં તેમના ચારિત્રજીવનનું એવું તો માવજત ભર્યું ઘડતર થવા માંડ્યું કે સમય વહેતો ગયો તેમ તેમ તેઓ પોતાનાં આંતરિક દૂષણોને ઓળખી કાઢવામાં અને ક્રમે ક્રમે તે દૂષણોને મારી હંફાવવામાં સક્ષમ થતા ગયા.

દીક્ષા લઈને સૌ પ્રથમ તેમણે શાહીવાળી પેનને તિલાંજલિ આપવાનું કામ કર્યું. તેમણે ત્યાર પછી જીવનભર પેન્સિલનો જ ઉપયોગ કર્યો. બીજો નિર્ણય એકાસણાંનો કર્યો. દીક્ષા પછી માંડલીના જોગ વહ્યા અને વડીદીક્ષા નવસારીમાં થઈ. ત્યાર પછી તેમણે એકાસણાં આરંભ્યાં, તે જીવનના છેવટ સુધી અભંગપણે ચાલુ જ રહ્યાં. જોગ તો આંબેલથી જ વહ્યા. સંયમને ઉપકારક આવશ્યક સૂત્રો, દશવૈકાલિક સૂત્ર ઈત્યાદિનું પઠન પોતાના ક્ષયોપશમ અનુસાર, ધીમી ગતીએ તેમણે કર્યું. તેઓ જે કાંઈ ભણ્યા અને જે મોઢે કર્યું, તે બધું જીવનભર ભૂલ્યા વિના જાળવી રાખ્યું એ તેમની વિશેષતા. સાધુચર્યાનું યથાર્થ જ્ઞાન તેમણે ખૂબ રસપૂર્વક મેળવ્યું. સાધુને શું કલ્પે - ન કલ્પે, શું થાય - ન થાય, કેમ બોલાય - શું ન બોલાય, આવી અનેકવિધ સૂક્ષ્મ ચર્યાનો અભ્યાસ તેમણે પ્રારંભના દિવસોમાં જ કરી લીધો. એમનો આદર્શ હતો કે શક્ય એમ વધુમાં વધુ નિર્દોષ જીવન જીવવું.

વર્ષોની ધર્મ સાધનાની ફલશ્રુતિરૂપે છ કાય જીવોની રક્ષાના તથા નિર્દોષ જીવનચર્યાના ફાયદાનો





તેઓએ પાકો ખ્યાલ મેળવેલો. 'મારા કારણે બને ત્યાં સુધી જીવહિંસા ન થાય, ઓછી થાય' તેની ચીવટ ગૃહસ્થાવસ્થામાં પણ તેઓ વિશેષ રાખતા. હવે સાધુચર્યામાં તો છ કાય જીવોની રક્ષા જ સારભૂત હતી. એનું લક્ષ્ય ન કેળવાય તો નિર્દોષ જીવનચર્યાની વાત નકામી જ ઠરે. એટલે જ તેમણે સર્વપ્રથમ સાધુચર્યાનો ખ્યાલ બારીકાઈથી મેળવી લીધો, અને પછી છ જીવ કાયની રક્ષા થાય અને મહાવ્રતોનું યથાર્થ પાલન થાય તેવું નિર્દોષ - શુદ્ધ જીવન જીવવાની દિશામાં, ગુરુજીની દોરવણી હેઠળ ડગ ભરવા માંડ્યા. ઉપાધ્યાયજી મહારાજનું વચન –

''નિર્દય - હૃદય છ કાયમાં, મુનિ વેષે જે વર્તે રે,
ગૃહિ - યતિ ધર્મથી બાહેરા, તે નિર્ધન ગતિ વર્તે રે.''

તેમણે હજી વાંચ્યું ન હોય, પરંતુ તે વચનનું હાર્દ ગુરુજીના ઉપદેશોથી સમજી લીધું હોય તે રીતે જ તેમણે જીવનચર્યા ગોઠવવા માંડી.

તેમનો સૌથી મોટો ગુણ બન્યો - તેમનું મૌન, અને તેમનો શાંત - સહનશીલ સ્વભાવ, બોલવું જ નહિ, ફરજ પડે ત્યારે પણ એક શબ્દથી પતતું હોય, તો બીજું વચન ન બોલવું, એવી તેમણે પ્રકૃતિ અપનાવી લીધેલી. ક્ષયોપશમની મંદતાને અંગે મેધાવી મુનિઓ ક્યારેક ટીખળ કરે તો પણ તેને પ્રેમ અને ઉદારતાથી સ્વીકારે - હસી કાઢે, અને પોતાનાં કર્મો ચીકણાં હોવાનો એકરાર પણ કરી દે.


વર્ષો સુધી સંસારમાં રમેલા, હિસાબી કામકાજ અને વહીવટ ઘણા કરેલા, તેથી અમુક બાબતો પ્રકૃતિગત બની જ હોય. આવી પ્રકૃતિમાં અન્યનો હિસાબ રાખવો કે પંચાત કરવી વગેરે બાબતો ટેવવશ ઉભરાઈ પણ આવે. પરંતુ જ બહુ ઝડપથી પોતાની આ ખામીઓ પ્રત્યે સભાન બની ગયા હતા અને પોતાની દૃઢ ઈચ્છાશક્તિ દ્વારા તેને નામશેષ પણ બનાવી શકેલા. પોતાની ખામીઓ પરત્વે સભાનતા જાગે અને વળી પોતાનો આંતરિક વિકાસ કરવાની ઉત્કટ તમન્ના જાગે તે જ આવા દોષોને નિરખી શકે અને ટાળી પણ શકે. સાધક આત્મા માટે દોષ હોવા એ અગત્યનું નથી. દોષને દોષ લેખે પિછાણીને તેની નાબૂદી માટે પુરુષાર્થ કરે તેમાં જ સાધકની મહત્તા છે.

વૈરાગ્ય એટલો બળકટ કે પૂર્વાવસ્થાનાં પત્ની અને સ્વજનો મળવા આવે તો પણ નિર્લેપ રહેતા. વાત કરવાની ફરજ પડે, તો શ્રાવિકાને દીક્ષા માટે જ પ્રેરણા કર્યા કરતા. બીજી કોઈ તથા નહિ.

તપશ્ચર્યા ઉપર મૂળથી જ રાગ વિશેષ. એમાં પણ આંબેલ કે ઉપવાસ કરવા મળે તો રાજી રાજી થઈ જાય. સ્વાદજય ઉપર વધુ ધ્યાન. જીભ જ જીવોની વિરાધનાનું નિદાન છે - એ વાતમાં તેઓ ખૂબ સ્પષ્ટ હતા. એટલે જ, એકાસણામાં પણ પરિમિત દ્રવ્યોથી જ પતાવતા, અને મોટા ભાગે તો આંબેલનું જ સેવન રાખતા.

આ બધાંના પરિણામે, દીક્ષા તેમના માટે સંઘર્ષરૂપ બનવાને બદલે જીવનના શ્રેષ્ઠ સમાધાન સમી બની રહી.







## (૧૫)
# ચારિત્ર્ય ઘડતર : મુકામ પહેલો

જ્ઞાનાર્જન એ મુનિજીવનની પાયાની બાબત છે. 'મુનિ' શબ્દ જ પોતાના પેટમાં 'જાણવું' ને સંગોપીને બેઠેલો - નીપજેલો શબ્દ છે. જાણે તે મુનિ. જાણવું એટલે સમજવું, એ અહીં જ સ્પષ્ટ થવું જોઈએ. જ્ઞાનનો સંબંધ 'જાણવા' સાથે છે, પણ 'જાણવા'નો સીધો અનુબંધ તો 'સમજણ' સાથે છે.

વિવેકપૂત સમજણ અને પુખ્ત વૈરાગ્યનો સંયોગ થાય ત્યારે પ્રગટતી અવસ્થાને જાણકારો 'જ્ઞાનદશા' કહે છે. જ્ઞાન વધતું જાય તેમ ચિત્તની દશા બદલાતી જાય તો 'જ્ઞાનદશા તસ જાગી' એમ કહી શકાય. અલબત્ત, બધા ભણેલા જ્ઞાની જ હોય એવી રૂઢિને જૈન શાસનમાં બહુ વજૂદ નથી અપાતું. અંતરનાં દ્વાર ઉઘડી ગયાં હોય એવા ઓછું ભણેલાની પણ જ્ઞાનદશા વિકસી હોય તેવી પૂરી શક્યતા છે. આ જ્ઞાનદશા જાગી ગઈ કે જાગી રહી છે તેને ઓળખવાની નિશાની કઈ ? પ્રથમ દૃષ્ટિએ આવું સૂઝે છેઃ જેમ જેમ ચારિત્રજીવન ઉછરતું જાય તેમ તેમ નિજના દોષોની સભાનતા વધતી જાય, અને તેના નિવારણને કેન્દ્રમાં રાખીને સાધનાની ચર્યા - જ્ઞાનર્જન, ક્રિયાર્શુદ્ધિ, તપશ્ચર્યા, જપયોગ, સમતા, નિર્દંભતા ઇત્યાદિરૂપ - ગોઠવાતી જાય તેના જીવનમાં જ્ઞાનદશા જાગી રહી હોવાનું અનુમાની શકાય.

મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજીના ચારિત્ર જીવનના ઉછેરને આ કસોટી શબ્દશઃ લાગુ પાડી શકાય. દીક્ષા બાદ તેમણે ગોઠવેલી પોતાની સાધનાચર્યા, છદ્મસ્થસુલભ અનુપયોગ કે પ્રમાદને બાદ કરીએ તો મહદંશે ઉપરોક્ત ક્રમને કે પ્રક્રિયાને અનુસરતી હતી. એમની ચર્યાના એકેક અંશને આપણે ક્રમશઃ તપાસીએ.

સૌ પ્રથમ વાત આવે જ્ઞાનાભ્યાસની. વૈરાગ્ય તો હતો જ. પણ તેને સ્પષ્ટ અને પુષ્ટ બનાવવા માટે જ્ઞાનાર્જન એ અનિવાર્ય બાબત હતી. ક્ષયોપશમ પ્રમાણમાં મોળો, પણ તેની સામે લગની એટલી જ તીવ્ર. મજાની વાત એ કે ગુરુજી ખૂબ જ્ઞાની અને ભણાવવામાં હોંશીલા મળી ગયેલા. એટલે તેમણે ગુરુજીનાં માર્ગદર્શન પ્રમાણે ધીમે ધીમે પ્રાકરણિક વસ્તુઓ કંઠે કરવા ઉપરાંત સંસ્કૃત બે ચોપડી, તેમાં આવતા શબ્દો તથા ૧૧૦૦ ધાતુઓનાં સર્વ રૂપો, ચન્દ્રિકા વ્યાકરણ, પ્રાકૃત પાઠમાળા વગેરેનું અધ્યયન કર્યું. મૂળે ગામડામાં ઉછરેલા એટલે ઉચ્ચારશુદ્ધિ માટે પરિશ્રમ ઘણો પહોંચે, પણ તેમાં હારતા નહિ. બલ્કે ખંતપૂર્વક મચ્યા રહેતા. સ્તવનો - સજ્ઝાયો - થોયો - ચૈત્યવંદનો વગેરે તો અઢળક શીખ્યા. કંઠે કરવાની તેમની મર્યાદિત ક્ષમતાને લક્ષ્યમાં લઈને ગુરુજી તેમને ઉત્તરાધ્યયન તથા દશવૈકાલિક વગેરે સૂત્રોની વાચના પણ આપતા. બધું યાદ ના રાખી શકે, અથવા યાદ રહે છતાં શબ્દોમાં પોતે અભિવ્યક્ત ન કરી શકે, છતાં તે સૂત્રો દ્વારા પ્રાપ્ત બોધનો સાર તેઓ આત્મસાત્ અવશ્ય કરતા. એ રીતે તેઓ પોતાના ચિત્તને સ્વચ્છ કરતા ગયા અને જીવનને વધુ ને વધુ શાંત બનાવતા ગયા.

એમની એક જીર્ણ નોંધપોથી મળે છે. તેમાં થોડાંક વર્ષોની વાતો તેમણે અછડતી નોંધી છે. તેમાં





પણ પેન્સીલથી લખેલા ઘણા અક્ષરો ઘસારાને કારણે ઉકલવા કઠિન છે. પરંતુ તે નોંધ પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે તેઓએ પ્રત્યેક વર્ષે, ચાતુર્માસ દરમ્યાન, કાંઈને કાંઈ સ્વાધ્યાય - પોષક વાંચન કરવાનું ચાલુ રાખેલુ. ઉપલબ્ધ નોંધ પ્રમાણે:

સં. ૨૦૦૯ - જાવાલ, ધર્મપરીક્ષા સાર (રાસ હશે), જૈનરત્ન ભામશાહ, જયાનંદકેવલી ચરિત્ર - ભાષાંતર, પુષ્પપ્રકરણમાળા (પુષ્પમાળા), આચારાંગ સૂત્ર - ભાષાંતર, ઉત્તરાધ્યયન સૂત્ર - ભાષાંતર (અમુક અંશ) વગેરેનું સ્વયં તથા યોગશાસ્ત્ર ૧ થી ૪ પ્રકાશનું વાંચન પંડિત પાસે કર્યું, તેમ તેઓ નોંધે છે.

૨૦૧૦ - સુરત, મહાબળ મલયસુંદરી ચરિત્ર, જંબૂસ્વામી ચરિત્ર - સંસ્કૃત, ૪૫ આગમની રૂપરેખા, વર્ધમાન દેશના - સંસ્કૃત; ૨૦૧૧ - માટુંગા, કુવલયમાલા - ભાષાંતર, ઉત્તર હિન્દુસ્તાનમાં જૈન ધર્મ, આધ્યાત્મિક પ્રબંધાવલી, શ્રીચન્દ્રકેવલી ચરિત્ર - ભાષાંતર; ૨૦૧૩ - મુંબઈ - પૂના, ઉપદેશમાળા સટીક તથા ભગવતીસૂત્રની વાચના - ગુરુજી પાસે (યોગોદ્વહન સાથે) તથા સ્વયં વાંચનમાં પાર્શ્વનાથચરિત્ર તથા અધ્યાત્મસાર ભાષાંતર; ૨૦૧૪ - મુંબઈ, વાચનાઓ ચાલુ, તથા શાંતિનાથ - ચરિત્રનું વાંચન; ૨૦૧૫ - ૧૬ - મુંબઈ, સાગર સમાધાન ૧-૨, સેનપ્રશ્ન, ગણધર (ગણધરવાદ ?) ઉત્તરરાધ્યયન - પૂર્ણ, મહાવીરવાણી, રત્નસાર, ચરિત્ર, નેમિનાથ ચરિત્ર - ગદ્ય, શ્રીચંદ્રરાજ ચરિત્ર, યશોવિજય ચરિત્ર વગેરે; ૨૦૧૭ - સુરત, રત્નસંચય પ્રકરણ વગેરે. તેમની નોંધમાં આથી આગળનાં વર્ષોની વીગતો છે. પરંતુ દુર્ભાગ્યે પેન્સિલના તે અક્ષરો ઘસાઈ જવાને કારણે અવાચ્ય થઈ પડ્યા છે. પરંતુ ઉપરની થોડીક પ્રાપ્ત થયેલી નોંધ ઉપરથી કલ્પના કરી શકાય કે તેઓએ પોતાની ક્ષમતા તથા ક્ષયોપશમને અનુરૂપ સારું એવું વાચંન કર્યું હશે તથા વાચના મેળવી હશે. તેમની નિર્મળતા તો જુઓ ! સં. ૨૦૧૨માં પોતે ખાસ વાંચન કરી નથી શક્યા, તો નોંધમાં લખી દે છે : "વાંચન થયું નથી. શ્રીચન્દ્ર ચરિત્ર." અર્થાત્, શ્રીચંદ્રચરિત્ર અગાઉનું અધૂરું હશે તે પૂરું કર્યું કે પછી નવેસરથી વાંચ્યું હોય, તે સિવાય કાંઈ વાંચન તે વર્ષે કર્યું નથી, એમ તેઓ સૂચવતા જણાય છે. અને આ મુદ્દો જ તેમનામાં જાગી રહેલી જ્ઞાનદશાનો અણસારો આપી જાય છે. દુનિયા જે ને વ્યવહારુ માણસ કહે છે તેવી વ્યક્તિ, પોતે કાંઈ વાંચન ન કર્યું હોય તો તે બાબતે પોતાની નોંધમાં ચૂપ રહેવાની. 'વાંચન થયું નથી' - તેવી નોંધ તો તે જ મૂકે જે સમજણદશાના ઘરમાં પ્રવેશવા થનગની રહ્યો હોય. આવા સમજણવંત અણસમજુને દંભ કરવાનું કે જાતને છેતરવાનું કદી ન પરવડે.

જ્ઞાનવૃદ્ધિની આવી તીવ્ર લગન છતાં પોતે બીજાઓ જેવું જ્ઞાન સંપાદન નથી કરી શકતા, નથી કરી શક્યા, તેનો તેમના અંતરમાં સતત ખટકો રહેતો. જો કે તેમણે કદી તે અંગે ફરિયાદ કે કકળાટ નથી નોંધાવ્યો. પરંતુ તેમની એક વિરલ ગણાય તેવી ખાસિયત એ હતી કે કોઈ પણ નાના કે મોટાનું વધતું - વિશિષ્ટ ભણતર જુએ કે સાંભળે, ત્યારે તેમના મનને ભારે શાતા ઉપજતી. તેઓના મોં પર કે તે વખતે અનાયાસે નીકળી પડતાં થોડાંક વેણમાં તે માટેનો આનંદ અને અહોભાવ અચૂક વ્યક્ત થતો. આ અહોભાવમાં, પોતાને નથી આવડ્યું તેનો







અફસોસ દબાઈ જતો; અને પોતાને ન આવડ્યું તે સામાને આવડ્યું તેથી તે રીતે પણ પોતાની તે માટેની ઊંડી અપેક્ષા સામા દ્વારા સંતોષાઈ, તેનો પરિતોષ છલકાતો રહેતો. અને એટલે જ, કોઈ ભણી શકે તેવા સાધુ હોય છતાં તે ભણવામાં આળસે કે કંટાળે, તો સામાન્ય રીતે ચોવીસ કલાકમાં કે દિવસો સુધી કોઈની સાથે એક શબ્દ પણ નહિ બોલનારા તેઓ, તે સાધુને બોલાવતા, પાસે બેસાડતા, અને પ્રેમપૂર્વક ભણવા માટે સમજાવતા. ભણવાથી કેવા લાભ થાય અને પ્રમાદથી કેટલી હાનિ થાય તેનો બાળસુલભ જબાનમાં એવો તો બોધ પેલાના મગજમાં સારવતા કે પેલો વગર ઠપકાએ શરમિંદો બનતો અને ભણવામાં લાગી જતો. આથીયે આગળ વધીને, તેઓ અનેક નાના મુનિઓએ અધ્યયનમાં તથા સ્વાધ્યાયમાં મોંઘેરી સહાય કરતા. નાના મુનિઓને પાઠ કે ગાથા આપવા - લેવામાં, કલાકો સુધી તેમનો સ્વાધ્યાય સાંભળવામાં તેઓ કદી ન કંટાળતા. બલ્કે પોતાનો જાપ કે સ્વાધ્યાય પડતો મૂકીને પણ તેને સહાય કરતા, અને અવસરે કડક થઈને ટપારતા પણ ખરા. એ ક્ષણોની એમની કડકાઈમાં પણ જ્ઞાન પ્રત્યેની ઊંડી રુચિ અને ભણનાર માટેનો માતૃત્વમૂલક પ્રેમ જ ડોકાતો. આચાર્ય શ્રીવિજયસૂર્યોદયસૂરિજી મહારાજ તો કહે છે કે "જો તપસ્વી મહારાજે મારી પાછળ પડીને મહેનત ન કરી હોત તો કદાચ મારે વ્યાકરણનું અધ્યયન ન થયું હોત."

પાછલી ઉંમરે ક્યારેક શારીરિક સ્થિતિને અંગે કોઈ સાધુનું અનિવાર્ય પ્રયોજન તેમને ઉપસ્થિત થતું, ત્યારે પણ જો તે સાધુ ભણતો કે સ્વાધ્યાય કરતો હોવાનું તેમના ધ્યાનમાં આવે તો તેઓ પોતાની વાત કે જરૂરિયાત મનમાં જ દબાવી દેતા. એ સાધુ સ્વયમેવ પઠન-પાઠન પૂર્ણ કરીને આવે ત્યાં સુધી રાહ જોતા. પણ પોતાના કારણે ભણનારને અંતરાય ન પડે તેની પૂરી ચીવટ તેઓ રાખતા. કદીક ત્રીજી વ્યક્તિના ધ્યાનમાં તેઓની આવશ્યક્તા આવી જાય એ તેઓને પૂછ્યા વિના તે વ્યક્તિ પેલા સાધુને બોલાવી લાવે, તો તે વખતે તેમનો પુણ્યપ્રકોપ છાનો ન રહેતો. તેઓ તરત પેલી વ્યક્તિને ઠપકારતા અને પોતાનો અણગમો પ્રગટ કરી દેતા.

આ આખીયે વાતનો સાર એટલો જ કે અભણ અથવા ઓછું ભણેલા માણસને જ્ઞાન પ્રતિ જેટલું બહુમાન હોય છે, તેટલું બહુમાન ઘણીવાર ભણેલા કે ભણી શકે તેવા મનુષ્યને નથી હોતું.

ૐ

## (૧૯)

# ચારિત્ર્ય ઘડતર : મુકામ બીજો

હળુકર્મી જીવની સાદી ઓળખ શી ? શાસ્ત્રોમાં તો ઘણી બધી કસોટીઓ મળે, પણ શાસ્ત્રોની આમન્યા તૂટે નહિ અને છતાં શાસ્ત્રોની ગહનતાથી મુક્ત હોય એવી, હળુકર્મીને ઓળખવાની નિશાની કઈ ? આનો તત્ક્ષણ જડતો જવાબ આવો છેઃ પોતાની વ્રતનિષ્ઠામાં અડગ હોય અને





અન્ય પ્રત્યે ઉદાર હોય, સંકુચિત કે દ્વેષી માનસ - ધરાવતો ન હોય, તેને હળુકર્મી કહેવામાં ખાસ કોઈ આપત્તિ નથી.

વ્રતનિષ્ઠા એટલે ક્રિયારુચિ. સંયમ લીધા પછી ધર્મક્રિયાઓ કરવાનું તો અનિવાર્ય છે જ, પરંતુ તે કરવા છતાં તેમાં રુચિ જાગવી જરા મુશ્કેલ છે. ઘણીવાર એવું બને છે કે રોજિંદી થઈ પડેલી ક્રિયાઓ પ્રત્યે સંયમીને પણ ખાસ રુચિ નથી જળવતી. પરિણામે ક્રિયા યંત્રવત્ ચાલ્યા કરે છે, પણ તેનાથી તેને કંટાળા સિવાય ખાસ કાંઈ મળતું નથી. રુચે તે જ પચે ને ! આવી ક્રિયાને જ્ઞાનીઓ ગધેડાની પીઠ પર લાદેલા ચંદનના ભારા સાથે સરખાવે છે. પીઠ પર ચંદનકાષ્ઠ વહેવા છતાં ગધેડાને જેમ ચંદનનો કોઈ લાભ ન મળે, તેમ નિત્ય ધર્મક્રિયા કરવા છતાં તે માટેની રુચિ ન વિકસવાને લીધે કે પછી અરુચિને લીધે સંયમીની સરખામણી પણ અનાયાસે ગધેડા સાથે થઈ જાય તો તેમાં જ્ઞાનીઓનો શો દોષ ? किरियासु अप्पमाओ એ સૂત્ર મુદ્રાલેખ બની રહે ત્યારે પ્રગટતી ક્રિયાની મસ્તી જ સંયમીને વ્રતનિષ્ઠ બનાવી શકે.

વ્રતનિષ્ઠ મનુષ્ય ચુસ્ત ક્રિયારુચિને વરેલો જરૂર હોય, પરંતુ એ પોતાના પાડોશીની ક્રિયા અને વ્રતપાલનનો હિસાબ રાખવાને ટેવાયેલો નહિ હોય. વ્રતનિષ્ઠ મનુષ્યોના પણ બે વર્ગ છેઃ ક્રિયાપાત્ર અને ક્રિયાખોર. બહુમતી હંમેશાં બીજા વર્ગની જ હોય તે સહજ છે. દોષસેવનથી જ નહિ, દોષદર્શનથી પણ બચવા મથે તે ક્રિયાપાત્ર. પાડોશીના દોષદર્શનમાં ઊંડો રસ લેતો હોય અને છતાં દોષસેવન ન થઈ જાય તેની વધુ પડતી ચીવટ રાખીને ચાલે તે ક્રિયાખોર. ક્રિયાપાત્ર વ્યક્તિ પોતાની ધર્મક્રિયામાં એટલી તો મસ્ત હશે કે તેને અન્ય તરફ જોવાની નવરાશ પણ નહિ હોય. અને ક્યારેક અનાયાસ કોઈની ક્રિયાની ગરબડ તેની નજરે ચડી આવે, તો તે યોગ્ય લાગે તો હિતબુદ્ધિથી તેને ટકોર કરી દેશે, પણ તેની નિંદા કરવા જેટલો કે સતત તેની જ ફિરાકમાં રાચવા જેટલો અનુદાર નહિ બની શકે. આથી ઊલટું, ક્રિયાખોર માણસ પોતે ચુસ્તપણે ધર્મક્રિયા અવશ્ય કરશે, પરંતુ તેનું ધ્યાન સતત પાડોશીની ક્રિયાઓ ભણી જ રહેશે. પોતે ક્રિયામાં ભૂલ કરે જ નહિ તેવો અતૂટ આત્મવિશ્વાસ ધરાવનારા તે માણસની દૃષ્ટિમાં પાડોશીની દરેક ક્રિયા માત્ર ગોટાળાપંચક જેવી જ હોવાની, અને તેથી તે બાપડો પળે પળે 'પાડોશીની શી દશા થશે ?' તેની ચિંતાની ભઠ્ઠીમાં જ શેકાતો રહેવાનો. ક્રિયાપાત્રની રુચિનું મૂળ તેની સહજ સરળતામાં અને પોતાનું સાધી લેવાની તેની તત્પરતામાં જડવાનું. જ્યારે ક્રિયાખોરની ક્રિયાપરાયણતાના પાયામાં દંભ, ગર્વ અને અન્યને હીન નજરે જ જોવા ટેવાયેલું વિકૃત માનસ ધરબાયું હશે. ઉપાધ્યાયજી મહારાજ આવા માનસનો છેદ એક જ વાક્યમાં ઉડાડી દે છેઃ'' જેહ કરે કિરિયા ગરવ ભરિયા એહ જૂઠો ધંધ રે.''

વસ્તુતઃ હળુકર્મી હોવાની વાતનો સીધો સંબંધ વ્યક્તિની પોતીકી કરણી સાથે અને પોતાની પરિણતિ સાથે હોય છે. આ મુદ્દો જેને સમજાઈ જાય તેનામાં અનુદારતાવિહોણી વ્રતનિષ્ઠા સોળે કળાએ ખીલ્યા વિના ન રહે.

મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજીનો પરિચય જેને થયો છે, તે લોકો તેમની આ પ્રકારની સમુદાર-વ્રતનિષ્ઠાના સાક્ષી છે. આ લખનારે તો તેમની પાછલી વયે તેમને ખૂબ નિકટતાથી નિહાળ્યા





છે અને તેમની પ્રસન્ન વ્રતનિષ્ઠા-ક્રિયાપાત્રતાને બરાબર પ્રમાણી છે.

ગૃહસ્થ હતા ત્યારથી જ ક્રિયાની રમણતા તેમનામાં વિશેષ, અને દીક્ષા પછી તો ક્રિયાપરાયણ જ બની ગયા. એક વાત નક્કી થઈ કે કોઈ સાધક સાધના આરંભે તે પળથી જ પરિપૂર્ણ વ્રતનિષ્ઠ કે ઉદાર હોય તેવું તો ભાગ્યે જ બને. પરંતુ જેમ જેમ સમય વહેતો ગયો, સમજણ વધતી ગઈ, તેમ તેમ તેમની ક્રિયાપાત્રતા આત્મલક્ષી બનતી ગઈ અને ચિત્તની પ્રસન્નતાનું તત્ત્વ તેમનામાં વિકસાવ્યે ગઈ.

આવશ્યક ક્રિયાઓ ઊભા ઊભા અને મૌનપણે જ કરવાની; જિનમંદિરે બે ટંક ચૈત્યવંદન તથા દેવવંદનાદિ તેમજ બાર લોગસ્સ બાર ખમાસમણાં વગેરે ભાવપૂજા નિત્ય કરવાની; નિત્ય પુરિમુઢ્ઢના સમયે જ પચ્ચકખાણ પારવાનું, પણ તે પૂર્વે વળી દેવવંદન અચૂક કરવાનું; જે ક્રિયા જે સમયે કરવાનું વિધાન હોય તે સમયનું પાલન પૂરી કાળજીથી કરવાનું; ગમે તેવી મોટી તપસ્યા હોય તોય રાત્રે સંથારાપોરસી તેના સમયે જ ભણાવવાની, તેમાં કદી બાંધ-છોડ નહિ; અમુક સ્વાધ્યાય કરવાનો જ; ઋષિમંડલ સ્તોત્ર તથા તેવા અન્ય વિવિધ પાઠ નિત્ય કરવાના જ - આ બધી તેમણે દીક્ષા પછી ગોઠવેલી અને જીવનના અંત સુધી જાળવેલી પરિપાટી હતી.

ઓછામાં ઓછી ઉપધિ અને પુસ્તકાદિનો પરિગ્રહ તેઓ ધરાવતા. પોતે ઉપાડી શકે તેથી વધુ ચીજો - ઉપકરણો તેઓ ભાગ્યે જ રાખતા. વર્ષો સુધી તેમણે શ્રાવકો પાસેથી કાંઈ વહોર્યું ન હોય તેમ જ વડીલો પાસેથી કાંઈ લીધું ન હોય તેવું બન્યું છે. બીજાને જે કપડાં ચાર કે છ માસ ચાલે, તે કપડાં તેઓ દોઢ - બે વર્ષ તો ખૂબ જ સહજતાથી ટકાવતા. તેમણે દીક્ષા લીધી ત્યારે જે સંથારિયું, પાત્રાં વગેરે ઉપકરણો મળેલાં, તે તેમણે પચીસથી પણ વધુ વર્ષો સુધી તેનાં તે જ વાપર્યાં છે. બદલવાનાં તો નહિ જ, પણ તેના વિકલ્પમાં પણ બીજી ચીજનો ઉપયોગ પણ એ ગાળામાં ન કર્યો. એ ઉપકરણો બદલવાની ફરજ પડી ત્યારે પણ, નવાં મળેલાં ઉપકરણો પણ વર્ષો સુધી વાપર્યાં છે.

એક વખત એવું બન્યું કે તેમનાં પાત્રાંને ઘણાં થીંગડાં થઈ ગયેલાં. રંગવામાં પણ કષ્ટ પડે. ત્યારે તેમના શિષ્યે તેમની ગેરહાજરીમાં તે પાત્રાં સંતાડી દીધાં અને નવાં મૂકી દીધાં. થોડીવાર પછી પડિલેહણનો અવસર થતાં તેમણે પાત્રાં ખોલ્યાં. જોયું તો બદલાયેલાં ! તેમણે તે પળે એટલું જ કહ્યું : ''હજી પેલાં ચાલે તેમ છે. એટલે તે પાછાં નહિ મળે તો મારે પચ્ચક્ખાણ નથી પારવાનું. ઉપવાસ થશે, પણ ગૃહસ્થના અઢાર પાપના પૈસાની આવેલી ચીજનો દુરુપયોગ તો હું નહિ કરી શકું.'' અંતે જૂનાં પાત્રાં પાછાં આપવાં જ પડ્યાં.

આહાર અને પાણી બન્ને નિર્દોષ મળે તેની ગવેષણા તેઓ વિશેષે કરતા. પાણી બીજી પોરસીનું જ લાવતા. પોતે ઉપાધ્યાય બન્યા ત્યાં સુધી પોતાનાં આહાર - પાણી જાતે જ લાવતા. એક ઘડો પાણી લાવે. એક કથરોટ પડિલેહી તેમાં ઠારે પછી નિત્ય ક્રિયામાં પાછા પરોવાય. પુરિમઢ્ઢનો સમય થાય ત્યારે આહાર વહોરવા જાય, ત્યારે પાણી જાતે ગાળી લે. આહાર લાવે. ગુરુજનો તથા નાના - મોટા મુનિઓ સમક્ષ ધરે. બધાને લાભ આપવા વીનવે. કોઈ કાંઈ લે, તો રાજી



થાય. કોઈવાર કોઈ બધું લઈ લે, તો વિશેષે રાજી થાય. કચવાટ નહિ, તેમ ફરીવાર લેવા માટે બીજાને મોકલવાના પણ નહિ. પાછા જાતે જાય, નવો આહાર લાવે, પછી વાપરે. પાણી પણ ત્યારે જ લે. આખો દિવસ એક ઘડો પાણીથી જ ચલાવવાના આગ્રહી. આહારાદિ લેવા બીજાને ન જવા દેવા પાછળ એક જ દૃષ્ટિ કે કોઈ મારા પ્રત્યે રાગ કે ભક્તિને લીધે દોષિત પણ લાવી દે તો ? એ કરતાં જાતે જ જવું એટલા ચિંતા જ નહિ. ચોમાસાની મોસમમાં વરસાદ પડતો હોય તો વહોરવા નીકળવાનું ટાળે-ઉપવાસ કરી લે. આવું તો અસંખ્ય વાર બન્યું હશે. આહાર કરતાં કદી બોલવાનું નહિ જ. અનિવાર્ય કારણે મુખશુદ્ધિ કરીનેજ બોલે.

યોગોદ્વહનની વાત લઈએ તો તેમણે ૪૫ આગમના તમામ જોગ વહેલા. પણ તેમાં ક્રિયાશુદ્ધિ તથા જોગમાં પાળવાના નિયમોના પાલનની ચીવટ એટલી કે અન્ય યોગવાહીઓની તુલનામાં તેમનો દોષસેવનનો કે ભૂલોનો આંક તદ્દન નીચો રહેતો. અને જોગમાં તપ તથા સ્વાધ્યાયમાં એવા તો લીન રહે કે તેમના ભાગે આવતી આલોયણાનો ઘણો હિસ્સો તો તે રીતે જ વળી જતો.

વિહારમાં પણ નિર્દોષ આચરણા. અંધારામાં વિહરવું નહિ, અને પોતાનો ભાર કોઈને ઉપાડવા આપવો નહિ, એ તેમની રીત. રાત્રે સંથારામાં સંથારા - ઉત્તરપટ્ટા થકી અધિક ઉપકરણનો ઉપયોગ નહિ. ગમે તેવી ટાઢ હોય તો પણ પોતાની દેશી પાલીની કામળીથી જ ચલાવવાનું, ધાબળા આદિનું સેવન નહિ. ઊનાળામાં પણ તે જ કામળી ઓઢે. સૂવામાં કાયમ 'કુક્કુડિ પાયપસારણ'ની મર્યાદા જાળવે.


વસ્ત્રોનો કાપ પોતાનો પોતે જ કાઢે. તે અંગે પણ તેમના ખાસ નિયમો. અમુક દિવસે જ કાપ કાઢવાનો. કાપમાં એક ઘડાથી અધિક જળનો ઉપયોગ નહિ કરવાનો. પોતે ઉપાધ્યાય થયા ત્યાં સુધી કાપનું કામ જાતે જ કર્યું.

આવી તો કેટલી વાતો નોંધવી ? ટૂંકમાં કહી શકાય કે એક ક્રિયાનિષ્ઠ સાધુમાં હોવી જોઈતી તમામ ચુસ્તતાઓ તેમણે સુપેરે અપનાવી હતી. અને છતાં, પોતાની આજુબાજુમાં જ કોઈ પ્રમાદ - પરવશ બનીને ક્રિયા કરતું હોય હોય તો તેની પંચાતમાં તેઓ કદી પડ્યા નથી. અલબત્ત, તેમને ઉચિત લાગે તો ક્યારેક કોઈકને ટપારે જરૂર. પણ તે એકાદ શબ્દ કે અર્ધા વાક્યમાં જ પતે. લાંબી વાત ન હોય. અને તે માટે ફરી ફરી ટોકવાનું કે બીજા આગળ તેની નિંદા કરવાનું તો આવે જ નહિ.

વ્રતનિષ્ઠામાં ઉદારતાનું મેળવણ મળે ત્યારે જ આવી પરિપક્વતા જામે. આવી પરિપક્વતા એ હળુકર્મી હોવાની પૂર્વશરત છે.

ॐ







## (૧૭)
# ચારિત્ર્ય ઘડતર : મુકામે ત્રીજો

તપશ્ચર્યા વિશે બે બાબતો હમણાં હમણાં આપણે ત્યાં ખૂબ ચલણી બની છે :

૧. "तवसा निकाइयाणं पि - તપથી નિકાચિત કર્મો પણ ખપે છે."

અને ૨. "બહુ કોડ્યો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ;

જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં, કર્મ ખપાવે તેહ."

તપનો મહિમા વર્ણવવા અને વધારવાં માટે આ વાતો સારી ગણાતી હશે. પરંતુ તપનો મહિમા ગાવાના ઉત્સાહમાં કેટલાક પાયાના પ્રશ્નો તરફ કોઈનું ધ્યાન જ નથી જતું. પ્રશ્ન એ છે કે તપથી નિકાચિત કર્મોનો પણ નાશ થાય તે સાચું, પણ કેવા તપથી ? અને અજ્ઞાનથી, ભલે ક્રોડો વરસે પણ, કર્મો ધોવાય ખરાં ? વળી જ્ઞાની કર્મો ખપાવે, તે કોરા જ્ઞાનના જ બળથી કે બીજું પણ કોઈ સાધન તે માટે જરૂરી ખરું ?

આ પ્રશ્નો તરફ ધ્યાન ન અપાયું તેથી સ્થૂળ ધારણા એવી બંધાઈ કે ગમે તે રીતે થતા તપથી પણ નિકાચિત કર્મોનો પણ નાશ થાય, અને સરખામણીમાં વધુ અધ્યયન ધરાવતી વ્યક્તિને જોઈને '(આવા) જ્ઞાની તો એક શ્વાસોચ્છ્વાસમાં બધાં કર્મોનો ઘાણ કાઢી નાખે' એવા કથનનો સમજણવિહોણો યથેચ્છ ઉપયોગ પણ થવા લાગ્યો.

આપણી આવી ગલત ધારણાઓનો પર્દાફાશ થાય તે રીતે ઉપરની ઉક્તિઓના મર્મનું ઉદ્ઘાટન કરતાં ઉપાધ્યાયજી મહારાજે કહ્યું : "અજ્ઞાની આત્મા ક્રોડ જન્મો સુધી તપસ્યા કરે અને જે કર્મ ખપે, તે કર્મોનો ક્ષય, જ્ઞાનવાન એવો તપસ્વી ક્ષણવારમાં કરે છે." "ભૂખ સહન કરવી કે દેહને દૂબળો પાડી દેવો તે જ માત્ર તપ નથી; તપ તો તે છે જ્યાં તિતિક્ષા, બ્રહ્મચર્ય અને ગુપ્તિ આદિથી અલંકૃત શુદ્ધ જ્ઞાન હોય, જ્યાં કષાયોનો ત્યાગ હોય, બ્રહ્મપાલન હોય, જિનેશ્વરનું ધ્યાન હોય તેનું નામ શુદ્ધ તપ, બાકી બધું લાંઘણ." અને આ બધાનો સાર એટલો કે, "જ્ઞાનયોગ (જ્ઞાનદશા) સાથે અભેદભાવે પ્રવર્તતી તપસ્યા એ શુદ્ધ તપ છે, અને તેવું તપ જ કર્મોની નિર્જરા તથા નિકાચિત કર્મોનો ક્ષય - બધું સાધી આપે છે."

"કષ્ટ કરો સંજમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ"

- આ વચનનો મર્મ પણ હવે સુપેરે પકડી શકાય.

આ જ્ઞાનદશા પણ ભારે માર્મિક પદાર્થ છે. ગણધર ગૌતમસ્વામી જેવા પરમ શ્રુતધર જો જ્ઞાનદશાના સ્વામી છે, તો માષતુષ મુનિ જેવા અભણ આત્મા પણ જ્ઞાનદશાના શણગારે સુશોભિત છે. જ્ઞાનદશાનાં ઘટક તત્ત્વો કંઈક આ પ્રકારનાં છે : બાહ્ય તપ, શુદ્ધ વ્રતાદિપાલન, સમતા, વિવેક, શાસ્ત્રયોગ અને ગુર્વાજ્ઞાપારતંત્ર્ય ઈત્યાદિ. મજાની વાત તો એ છે કે શાસ્ત્રનું



લેશ પણ જ્ઞાન ન હોવા છતાં ગુર્વાજ્ઞાપારતંત્ર્યની પ્રચંડ તાકાત માષતુષ મુનિને જ્ઞાનદશાના ઘરમાં અને છેવટે કેવળજ્ઞાન સુધી લઈ જાય છે. આ ઉપરથી "જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કર્મ ખપાવે તેહ" એ પંક્તિમાં આવતો 'જ્ઞાની' શબ્દ કેટલો બધો અર્થગંભીર અને માર્મિક છે તે કલ્પવું સરળ બને છે.

મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજીની તપસાધનાની વાત કરવા જતાં ભૂમિકારૂપે આટલું લાંબું લખવાનું એટલા માટે સમુચિત ગણાય કે તેઓ સ્વયં નોંધપાત્ર શાસ્ત્રાભ્યાસ કરી શકે તેવા સક્ષમ નહોતા. પરંતુ તેમની તપસાધનાની પશ્ચાદ્ભૂમિમાં ત્રણ વાનાં એવાં સરસ અને પ્રબળ હતાં કે સમયના વહેવા સાથે તેઓ ઘણે અંશે જ્ઞાનદશાના ઘરમાં પ્રવેશી શક્યા હતા. એ ત્રણ વાનાં તે આઃ નિર્દોષ સંયમ-આરાધના, વિવેકમંડિત સમતા અને ગુર્વાજ્ઞાપારતંત્ર્ય.


તેમના સંયમ વિશે કહેવાયું છે અને કહેવાશે. તેનો સાર એટલો કે તેઓ સંયમની દરેક ચર્યા ઉપયોગપૂર્વક તથા જયણાપૂર્વક થાય, ક્યાંય અજાણતાં પણ કોઈ દોષનું સેવન ન થઈ જાય તે માટે ખૂબ સાવધ રહેતા.

સમતા તો તેમની અજોડ. ક્રોધ અને અહંકાર આ બે ઉપર તેનો જબરો કાબૂ. ગમે તેટલા ઉગ્ર તપ તપ્યાં, છતાં ક્યાંય હુંપદ કે આ આછકલાઈ ન દેખાય. કોઈ ઉત્સાહી વધુ પડતા વખાણ કરી જાય તો તેનો આવેશ તેમનામાં ન પ્રવેશે. તેમની સ્થિતિ તો વખાણ કરો ત્યારે કે કાંઈ ન કહો તો પણ, બન્ને સમયે એક સરખી. ગુસ્સો પણ ન મળે. ક્યારેક કોઈ નાના સાધુ કે શિષ્યાદિ કે બીજા સમાન દરજ્જાના સાધુ ચીડવે, તેમની વસ્તુ આઘીપાછી કરી દે, તો પણ હસીને જ વાતને લે. ખરેખર તો વસ્તુ સંતાડનારે ડરવું પડે, તેને બદલે તેઓ કોણે લીધી હશે તેની અટકળ કરે અને તેને પૂછવા જાય ત્યારે પૂછતાં પૂછતાં ડરે કે ક્યાંક એને ખોટું તો નહિ લાગી જાય !

અને તેમણે જેટલી આરાધના કે તપશ્ચર્યા વગેરે કર્યું, તે બધું ગુરુજીના સીધા નિર્દેશતળે જ. ગુરુજીની આજ્ઞા, સૂચના, આશીષ તથા દોરવણીથી વિપરીત કે ઉપરવટ તેઓ કાંઈ ન કરતા. પોતાને કોઈ વાતમાં શંકા થાય કે તકલીફ લાગે ત્યારે સીધા ગુરુજી પાસે પહોંચી જાય; તેઓશ્રી જે નિરાકરણ આપે તે વિના દલીલે સ્વીકારી લે. પછી ગમે તે વ્યક્તિ ગમે તેમ સમજાવે, પણ તેની વાત કાને ન ધરે. ગુરુજીનું વચન એટલે આખરી વચન. મોટા ભાગે તો તેમની આરાધનાની વાતમાં ગુરુજી રાજી અને સંમત જ હોય. આશીર્વાદ હમેશાં સાંપડતા જ હોય. છતાં તેમની મંજૂરી વિના કે કાને વાત નાખ્યા વિના કોઈ તપ આદિ ન લેતા. અગાઉ કહેવાયું છે તેમ તેમણે દીક્ષા લીધી ત્યારથી આચાર્ય થયા ત્યાં સુધી પ્રાયઃ ગુરુજનોની નિશ્રા મૂકી નહોતી. જ્યારે અલગ વિહર્યા ત્યારે પણ ગુર્વાજ્ઞાને અનુસરવાનું ચૂક્યા નથી.

આ બધાં પરિબળોએ તેમનામાં એક તાકાત પ્રગટાવી : વિવેકની, સમજણની. વર્તમાન ક્ષેત્ર-કાળ આદિના સંદર્ભમાં આ બાબતને 'જ્ઞાનદશા'નો અંશાવતાર ગણાવીએ તો તેમાં અત્યુક્તિ નથી લાગતી.







અને હવે તેમની તપસાધના ઉપર દષ્ટિપાત કરીએ. તેમની તપશ્ચર્યા એટલી તો વિપુલ છે કે તેનું વિસ્તૃત વર્ણન કરવું કઠિન જ પડે. એટલે આપણે માત્ર દષ્ટિપાતથી જ સંતોષ મેળવવો રહ્યો.

- ગૃહસ્થ - જીવનમાં તેમણે વર્ધમાનતપની બત્રીસ ઓળી કરેલી. દીક્ષા પછી તેમાં મક્કમ ગતિથી આગળ વધવા માંડ્યા, અને ૨૦૨૨ના વર્ષ સુધીમાં સો ઓળી સમાપ્ત કરી. વળી, એ જ વર્ષમાં નવેસરથી વર્ધમાનતપનો પાયો નાખ્યો, ને ૯૩ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધીમાં - ૨૦૪૭ સુધીમાં - ૭૫ ઓળી કરી.

- નવપદજીની બન્ને ઓળીઓ જીવનપર્યંત ચાલુ રાખી; કુલ ૧૩૧ ઓળી કરી. એમાં પણ ચૌદશ - પૂનમના બન્ને છઠ્ઠ તો કાયમ ખરા જ.

- ૪૫ આગમોના યોગ આંબેલથી જ વહ્યા. સૂરિપદ પછી પાંચ પ્રસ્થાનની ઓળીઓ વિધિપૂર્વક કરી.

- દીક્ષા પછી વીસેક વર્ષ સુધી, ચોમાસાનો પ્રવેશ થાય તે દિનથી માંડીને તે ક્ષેત્રમાંથી વિહાર થાય ત્યાં સુધી આંબેલ કરતા.

- સંલગ્ન ૫૦૦ તથા ૬૦૦ આંબેલ એકેક વખત કર્યાં. અલબત્ત, તે સળંગ ઓળીઓના રૂપમાં જ.

- કુલ મળીને જીવનમાં દસ હજાર કરતાં વધુ આંબેલ કર્યાં.

- ગૃહસ્થદશામાં એક સિદ્ધિતપ કરેલો. તેનો રસ તેમને એવો તો લાગી ગયો કે દીક્ષા પછી ૯૦ વર્ષની વયે પહોંચ્યા ત્યાં સુધીમાં બીજા ૧૯ સિદ્ધિતપ કર્યા. તેમાં ૧૭ તો આંબેલથી. અર્થાત્ સિદ્ધિતપની આઠ બારીમાં પારણાં આવે તેમાં તેમણે આંબેલ જ કર્યાં. મોટા ભાગના સિદ્ધિતપ પણ તેમણે મોટી ઓળીઓ દરમ્યાન જ કરેલા.

- એકવાર એવું બન્યું કે સોમી ઓળી દરમ્યાન તેમણે સિદ્ધિતપ આદર્યો. તેમાં સાતમી બારીના સાત ઉપવાસને પારણે ચૌદશ આવી. ગણતરીમાં સરતચૂક થવાથી આમ થયેલું. હવે પોતે જીવનમાં કદી ચૌદશનો ઉપવાસ મૂકેલો નહિ. તેમણે તત્ક્ષણ નિર્ણય કર્યો. અને તે દિવસે આંબેલ ન કરતાં (આઠમો) ઉપવાસ કરી લીધો, અને તે પર આઠમી બારી કરી. કુલ થયા ૧૬ ઉપવાસ. તેના પારણે એકાદ આંબેલ કરીને સીધા ૧૫ ઉપવાસ લીધા, અને તે પૂરા થયે સોમી ઓળીનું પારણું કર્યું.

- ૯૫મી ઓળી દરમ્યાન સિદ્ધિતપ લીધો. તેની આઠમી બારીના ૮ ઉપવાસ પર બીજા ૨૨ ઉપવાસ કરી માસક્ષમણ કર્યું, પછી પારણું કર્યું.

- બીજી વખત પાયો નાખ્યા પછી, સં. ૨૦૨૪માં, ૨૧મી ઓળી કરી તે ઉપર સંલગ્ન ૪૫ ઉપવાસ કર્યા. સં. ૨૦૨૮માં એ જ રીતે ૩૩-૩૪મી ઓળીઓ દરમ્યાન માસક્ષમણ કર્યું.

- એકવાર શ્રેણીતપ કર્યો; તેમાં પણ બેસણાંને સ્થાને એકાસણાં અને તે પણ પાંચ દ્રવ્યથી જ





કર્યા. એકવાર ચત્તારિ - અટ્ઠ - દસ - દોય તપ તપ સંલગ્ન કર્યું. વીસ સ્થાનકની ૨૦ ઓળીના ૪૨૦ ઉપવાસ એકાંતરે સંલગ્ન કર્યા. ૯૬ જિન આરાધનાના ૯૬ ઉપવાસ; ૪ થી માંડીને ૧૬ સુધીના ઉપવાસો અનેક વાર; પર્યુષણમાં ૧-૨-૩ ઉપવાસ, દીવાળીના તથા ત્રણ ચોમાસીના છટ્ઠ એંશી વર્ષ સુધી કર્યા. વર્ષમાં આવતી છ અટ્ઠાઈઓના ૮-૮ ઉપવાસ એક જ વર્ષમાં એકવાર કર્યા. સમવસરણતપ કર્યું.

- નવકારમંત્રના નવ પદના, પદના અક્ષર પ્રમાણે ૭-૫-૭-૭-૯-૮-૮-૮-૯ એ રીતે ઉપવાસ તથા એકેક પદની આરાધનાના છેડે પારણું એમ ૯ પારણાંવાળા ૬૮ ઉપવાસ એકવાર કર્યા. બીજીવાર સંલગ્ન ૬૮ ઉપવાસ કરી તેના પારણે ૧૧ આંબેલ કરી પછી પારણું એ રીતે ઉત્કૃષ્ટ નવકાર તપ કર્યો.

- શત્રુંજયતીર્થની ચોવિહાર છઠ કરી સાત યાત્રા દીક્ષા પૂર્વે ચાર વાર કરેલી; દીક્ષા પછી ૧૦ વાર કરી. એકવાર ૭ને બદલે ૧૧ યાત્રા કરી. શ્રીગિરનારતીર્થની અટ્ઠમ કરીને ૧૧ યાત્રા કરી.

- એકવાર આંખે મોતિયો ઊતરાવ્યો, અને તે બે - ત્રણ દિવસમાં જ ફાગણ વદિ આઠમ આવતાં, દવાખાનામાં જ, ડોક્ટરની મના છતાં અટ્ઠમ કર્યો.

- જીવનનાં છેલ્લાં વર્ષોમાં એમને સહસ્રકૂટ તપ કરવાનો ભાવ થતાં એકાંતરા ૧૦૨૪ ઉપવાસનો આરંભ કર્યો હતો. પરંતુ સ્વાસ્થ્ય વધુ પડતું કથળી જતાં તે વાત જતી કરવી પડેલી. જોકે તેવી સ્થિતિમાં પણ એકાસણાં તથા નિત્યક્રમમાં આવતાં આંબેલ - ઉપવાસ તો ચાલુ જ રહ્યા.

- આંબેલ - એકાસણાં પણ હમેશાં પુરિમઢ્ઢથી જ કરતા. સાઢપોરસી તેમને ફાવતી જ નહિ. પોતાનો જાપ આદિરૂપ દૈનિક ક્રમ આટોપે ત્યારે બરાબર પુરિમુઢ્ઢનો સમય પહોંચી જતો. આંબેલમાં તેઓ પાંચ કે સાત દ્રવ્યો લેતાં, જેમાં મોટા ભાગનાં પ્રવાહી રહેતાં. સૂંઠ-મરી-બલવણ જેવાં વ્યંજનો ઉપરથી લેવાની કદી વાત નહિ. લાવેલાં દ્રવ્યો એક મોટા પાત્રમાં ભેગાં કરી એકરસ થાય પછી જ વાપરવાની પદ્ધતિ. પાછલાં વર્ષોમાં કૃત્રિમ દાંત આવ્યા પછી તો ગોચરી કલાક કે તેથી વધુ વખત સુધી પલાળી રાખવી પડતી, પછી જ તેઓ લઈ શકતા. તેમની આ આહાર પદ્ધતિ જોઈને આચાર્ય શ્રીવિજયધર્મધુરંધરસૂરિજી કહેતા : “તપસ્વીજી, તમે હમેશાં એક જ પાત્રામાં બધા રસ ભેગા કરીને વાપરો તો તમને ક્યારેય સૂગ નથી થતી ?”

જવાબમાં તેઓ કહેતા : “મને તો આ રીતે વાપરવામાં ખૂબ જ આનંદ આવે. આમાં સૂગ શેની ?”

ત્યારે આચાર્યશ્રી અનુમોદનાપૂર્વક કહેતા : “અમને તો એક દિવસ પણ આમ ભેગું કરીને વાપરવાનું ન ફાવે. ઊલટી જ થાય. તમને ધન્ય છે.”

- ૬૮ ઉપવાસની વાત કરીએ તો તે તપ કર્યું સં. ૨૦૨૫માં. ત્યારે તેઓ પૂજ્ય ગુરુજી સાથે વેજલપુર ચોમાસું રહેલા. વેજલપુરથી ભરુચનું અંતર એક માઈલ ઉપરનું ગણાય. ૪૫ ઉપવાસ સુધી તેઓ હમેશાં આ અંતર કાપીને, કોઈના ય ટેકા વિના, તીર્થપતિ શ્રીમુનિસુવ્રત સ્વામીના







દર્શનાર્થે જતા તથા પાછા ફરતા. ૬૦મા ઉપવાસે શ્રીસંઘ સહિત વાજતે ગાજતે ત્યાં ગયા હતા. ૪૨મા ઉપવાસે લોચ કરાવેલો. ૬૦ ઉપવાસ સુધી પોતાનું બીજી પોરસીનું પાણી પોતે જ વહોરી લાવતા. પછીથી ગુર્વાજ્ઞા અનુસાર તે કાર્ય અન્યને સોંપેલું. ૬૮ દિવસોમાં પોતાનો વર્ષોનો નિત્ય ક્રમ કદી મૂક્યો નહિ કે દિવસે સૂતા નહિ. ૬૮ ઉપવાસને પારણે ૧૧ આંબેલ કર્યાં, તેમાં ગાળેલું મગનું પાણી તથા પાણી - એમ બે જ દ્રવ્યોનો ઉપયોગ.

૬૮ ઉપવાસમાં જેમની આ સ્થિતિ - પદ્ધતિ હોય, તેમની ૩૦ કે ૪૫ ઉપવાસ કે અન્ય નાનાં નાનાં તપોમાં કેવી પદ્ધતિ હશે તે કલ્પવાનું જરાય અઘરું નથી.

- સ્વાદજય અતિ ઉત્કૃષ્ટ. આ ભાવે કે આ ન ભાવે, એવી વાત તેમની જીભે કદી સાંભળી નથી. રસગૃદ્ધિ કે રસગારવનો કોઈ પ્રકાર તેમનામાં જોવા મળ્યો નથી. જ્યારે જે આહાર મળે તેમાંથી પોતાની આરાધનાને તથા તબિયતને શું અનુકૂળ છે તેનો વિચાર કરીને જ આહારનો ખપ કરતા. 'ક્ષમાસહિત જે આહાર-નિરીહતા' - પદ તેમને જોતાં સાક્ષાત્ અનુભવાતું. દીક્ષા બાદ બજારુ કોઈ ચીજ કે પદાર્થનો ઉપયોગ આહારમાં તેમણે કર્યો નથી. અને આ બધાં તપ સ્થિરતામાં જ થતાં હતાં એવું નથી. તપ ચાલુ હોય તો અરસામાં લાંબા વિહારો પણ તેમણે કર્યા છે અને વિવિધ તીર્થયાત્રાઓ પણ કરી છે.

- તીર્થયાત્રાની વાત કરીએ તો શત્રુંજયતીર્થની તેમણે કુલ ૧૮૫૦ જેટલી યાત્રાઓ જીવનમાં કરી, જેમાં અનેકવારની ૯૯ યાત્રાનો પણ સમાવેશ થાય છે. ગિરનાર તીર્થની ૧૦૮ યાત્રા તેમણે ૩૫ દિવસમાં કરી; ત્યારે રોજ ઠામ ચોવિહારે અવઢ્ઢ એકાસણું થતું. શત્રુંજયની તળેટીની ૧૦૮ યાત્રા તેમણે રોજની બાંધી ૨૦ માળા ગણવા સાથે કરી. તળાજા તથા કંદબગિરિની ૧૦૮-૧૦૮ યાત્રા કરી. અમદાવાદ - પાંજરાપોળ ઉપાશ્રયેથી હઠીભાઈની વાડીની તથા સૂરતમાં વડાચૌટાથી કતારગામની ૧૦૮-૧૦૮ યાત્રા કરી.

- કદંબગિરિમાં તળેટીથી છેક ટેકરી ઉપર શ્રીકદંબ ગણધરની પાદુકાની તેમણે, પગથિયાં નહોતાં ત્યારે, ૧૦૮ યાત્રા કરી. એ વખતે પૂજ્યપાદ શ્રીવિજયોદયસૂરીશ્વરજી દાદા ત્યાં બિરાજમાન હતા. તેમણે આ વિકટ યાત્રાઓ જોઈને કહ્યું કે, "તપસ્વી, અમારા ધ્યાનમાં નથી આવતું કે આજ દિન સુધીમાં ટેકરીની ૯૯ જાત્રા કોઈએ કરી હોય, બહુ કઠિન છે. ચતુર્વિધ સંઘમાં તમારો નંબર પહેલો છે કે તમે આ વિકટ પર્વતની ૯૯ યાત્રા કરી. તમોને ધન્ય છે."

આ ઉપરાંત કચ્છ, રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્રનાં તીર્થોની યાત્રા તેમણે મુનિજીવનમાં, તે પણ વિવિધ તપસ્યા તથા એકાસણાં ચાલુ રાખીને, કરી હતી.

આવી તો કેટલી વાતો નોંધવી ! વાસ્તવમાં તેમના તપોમય જીવનની ઝીણીજાડી અગણિત વાતોનું વર્ણન કરવું, એ આપણા જેવા માટે ગજાબહારની વાત છે. વસ્તુપાળ મંત્રી માટે કવિઓ કહેતા કે "તેમણે જે ધર્મકાર્યો કર્યાં છે તે કોણ ગણી શકે ! જો કોઈ ધરતી પરનાં રજકણોની કે સમુદ્રના જલબિંદુની સંખ્યા ગણી શકે તો તે કદાચ વસ્તુપાળ - તેજપાળનાં ધર્મકાર્યોની નોંધ કરી શકે તો કરી શકે."



આ તપોમૂર્તિ મહાપુરુષની તપ સાધનાની નોંધ કરવા બેસનારે પણ કવિની આ વાતને જ નજર સામે રાખવી પડે તેવી તેમની વિપુલ સાધના છે.

વિ. સં. ૨૦૧૯મા પોતાના પૂજ્યો સાથે આ તપસ્વીજી પાલીતાણા હતા ત્યારે પરમપૂજ્ય આચાર્ય શ્રીવિજયનંદનસૂરીશ્વરજી મહારાજ તેમને જોઈને કહેતા, "વર્તમાન સાધુ સમુદાયનો ધન્નો અણગાર છે આ. તેનાં દર્શન પણ પાપનો નાશ કરે." તેઓ જ્યારે વંદન કરવા આવે ત્યારે પૂજ્ય નંદનસૂરિ મહારાજ હમેશાં "ધન ધન ધન્નો ઋષીસર તપસીજી, ખમાતણો ભંડાર રે" - આ પંક્તિ બોલીને તેમની અનુમોદના કરતા.

અને સં. ૨૦૨૦માં ભાવનગર ચાતુર્માસ થયું, ત્યારે પૂજ્યપાદ શ્રીવિજયોદયસૂરીશ્વરજી દાદા શારીરિક રીતે નાદુરસ્ત હતા. તેઓ આમને જુએ, પચ્ચકખાણ કરાવે ત્યારે ગદ્‌ગદભાવે બોલે કે "તપસ્વી, તમને ધન્ય છે. તમે કાયાની માયા છોડીને તપ કરો છો અને આત્માનું કલ્યાણ કરી રહ્યા છો. અમારાથી તો હવે કાંઈ બનતું નથી."

આ અનુમોદનામાં આપણે પણ આપણો સૂર પૂરાવીએ.

ॐ

## (૧૮)
## ચારિત્ર્યઘડતર : મુકામ ચોથો

કોઈની સાધના સફળ થાય તેનું ખરું રહસ્ય શું ? ચોક્કસ તેણે સમતા સિદ્ધ કરી લીધી હોવી જોઈએ.

કોઈની સાધના અફલ જાય તેનું રહસ્ય પણ જાણી લેવા જેવું છે. તેણે સમતાનો દ્રોહ અવશ્ય કર્યો હશે.

વિષમતા ન હોય અને સાધના વ્યર્થ જાય એવું ભાગ્યે જ બને. સમતા હોય અને સાધના એળે જાય એવું કદી ન બને. પ્રત્યેક સાધના સમતાથી શોભે છે એમ કહી શકાય. જો કે તે કરતાં સમતા એ કોઈ પણ સાધનાનો પ્રાણ છે એમ કહેવું એ તથ્યની વધુ નજીક ગણાય. આ અભિપ્રાયથી જ કવિએ ગાયું હશે : 'તપ કરીએ સમતા રાખી ઘટમાં.'

સાધક હોય અને વળી તે સંયમી હોય, તો તો સમતાનો ખપ ઓર વધી જાય. સંયમી સાધકને મન સમતાનું સ્થાન ડહોળા પાણીમાં ફટકડી જેવું હોય છે. ડહોળાયેલા મનનું વિશોધન સમતા દ્વારા થાય ત્યારે જ એની સાધના સૂઝે. સમતાવિહોણું મન કલુષિત હોવાનું અને મન કલુષિત હોય 'ત્યાં લગે સાધના સર્વ જૂઠી.' ઉપાધ્યાયજી મહારાજે તો ત્યાં સુધી કહી દીધું કે "ચારિત્ર નામે પુરુષના સમતારૂપ પ્રાણ જો ચાલ્યા જાય તો તેવા સમતારહિત ચારિત્રધારી પાસે લોકોના ટોળાનું થતું આગમન તો તેનામાંના ચારિત્ર-પુરુષની મરણોત્તર ક્રિયારૂપ (બેસણું) જ જાણવું."



સમતાનો અહીં ભારે મહિમા છે. આ મારો અને આ પરાયો- એવા ભેદ ગળવા માંડે ત્યારે સમજવું કે સમતાનો ઉદય થઈ રહ્યો છે. આ ભાવે છે ને આ નથી ભાવતું, આ ફાવે ને આ ન ફાવે, આ ગમે ને આ ન ગમે - આવા પ્રત્યેક દ્વન્દ્વની પાછળ વિષમતાનું ચક્કર કામ કરતું હોય છે. વિષમતાનું સહેલું નામ મમતા. આ મમતા સીધી રીતે નષ્ટ નથી થતી, તેને ટાળવી પડે છે. સમતા પણ આપોઆપ ઉગતી નથી, એને પ્રયત્નપૂર્વક સાધવી પડે છે.

સમતાને સાધવાનો પ્રયત્ન એટલે ગમતી કે ન ગમતી કોઈ પણ વાત, પરિસ્થિતિ, વસ્તુ કે વ્યક્તિને ચલાવી લેવાની, સહી લેવાની અને દરગુજર કરવાની મનોવૃત્તિની કેળવણી. સામાન્યતઃ નિતાંત અશક્ય જણાતી આ બાબત સાધકને માટે અનિવાર્ય આવશ્યકતા સમી છે. અશક્યને શક્ય બનાવવા મથવું તે જ તો સાધના છે.

આવી સાધના કરનારને સાધના કરતાં કરતાં અડચણો અનેક આવે, કસોટીઓ પણ પાર વિનાની થાય. સાધનાના નામે ચરી ખાવામાં રસ હોય તેવા ઢોંગી કે અસહિષ્ણુ જણ આવી અડચણો સામે ભાગ્યે જ ટકી શકે છે. કોઈક વીરલો સાધક જ આવી કસોટીઓ સામે ટક્કર ઝીલી શકે છે. એના અંતરની દૃઢતા એનામાં પ્રાણશક્તિ પૂરે છે, અને એના સહારે એ આગેકૂચ કરતો જાય છે. જાત તરફ નિર્મમ બને અને બીજાઓ પરત્વે સમ બને, એ વ્યક્તિ જ આવી દૃઢતા હાંસલ કરી શકે છે.

સદ્ભાગ્યે, આપણા તપસ્વી મુનિરાજ આવી દૃઢતા સુપેરે હાંસલ કરી શક્યા હતા. વર્ષોના વીતવા સાથે તેઓ અલ્પકષાયી અને સહિષ્ણુ બનવામાં સફળ થયા હતા. આરંભના દિવસોનો તેમનો આગ્રહી સ્વભાવ જતે દહાડે દૃઢ સંકલ્પબળમાં રૂપાંતર પામ્યો હતો, જેને લીધે તપસ્યા આદિ કરવા આડે આવતાં કોઈ પણ વિઘ્નો તેઓ હસતે મુખે ઝીલી શકતા, અને તેનો એવો તો પ્રતિકાર કરતા કે વિઘ્નોને હાર માન્યે જ છૂટકો થતો. થોડાંક ઉદાહરણો જોઈએ :

૧. દીક્ષા પછીનું પહેલું ચોમાસું તેમનું વલસાડમાં થયું. વલસાડમાં સંઘમાં વિખવાદ થતાં બે તડા પડેલા, તેથી વર્ષોથી કોઈ મુનિરાજનું ચોમાસું થતું નહોતું. પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ ત્યાં પધાર્યા, અને પોતાની કુનેહથી સંઘમાં વ્યાપેલા કુસંપનું ઉપશમન કરી સમાધાન કરાવ્યું. પરિણામે સંઘે તેઓશ્રીને જ આગ્રહ કરી ચોમાસું કરાવ્યું. ત્યારે તપસ્વીજી મહારાજ નૂતન દીક્ષિત તરીકે સાથે જ હતા.

એ ચોમાસામાં એકવાર તેમને માથાનો દુખાવો થઈ આવતાં બામ લગાવ્યો. ભૂલમાં બામ આંખમાં જતો રહ્યો. આંખ ફૂલીને દડો ! કાળી બળતરા ઉપડી. ગુરુભગવંતો તથા સંઘને ચિંતા પેઠી. તેમણે તુરત દવાખાને લઈ જવા તથા ઉપચાર કરાવવા ઠરાવ્યું, આંખ જતી રહેવાની ધાસ્તીથીજ તો. પણ આ સાંભળતાં જ નવદીક્ષિત કુમુદચન્દ્રવિજયજીએ દૃઢ સંકલ્પ જાહેર કર્યો કે જે થવું હશે તે થશે, પણ મારે દવાખાને જવું નથી અને ડોક્ટરનો ઉપચાર લેવો નથી. વિરાધના ન જોઈએ. છેવટે ગુરુપસાયે ઘરગથ્થુ ઉપચારોથી જ તેમને એ પીડા મટી ગયેલી.

જાત પ્રત્યે નિર્મમ બનવાની દિશામાં તેમનું આ પ્રથમ ડગલું હતું, કદાચ.





૨. સં. ૨૦૦૨નું ચાતુર્માસ ઈન્દોર થયું. ચાતુર્માસ બાદ માળવાનાં તીર્થોની સ્પર્શના અંગે ચાલુ વિહાર દરમ્યાન એકવાર બાવળની શૂળ ડાબા પગે વાગી. એ શૂળ એવી રીતે ભોંકાઈ કે ત્રીજી આંગળીમાં પેસીને અંગૂઠાને વીંધીને આરપાર નીકળી. વેદના અસહ્ય થતી જ હોય, અને વિહાર કરવાનું પણ મુશ્કેલ જ હોય, છતાં 'સહન કરવામાં જ વધુ લાભ' એવું સમજનારા તેમણે કાંટાની વાત જ કોઈને ન કરી. પણ શરીર કેટલું ખમે ? જોતજોતામાં તાવ ભરાયો અને ત્રણેક ડિગ્રી સુધી વધી ગયો. પણ વિહાર ચાલુ જ. સહજ છે કે ચાલમાં લથડિયાં આવે જ. ગુરુજીની નજરમાં આ ફેરફાર આવી ગયો. તેમણે પૂછ્યું, "તપસ્વીજી, કેમ ઢીલા ચાલો છો ?" જવાબમાં ફરિયાદનો કોઈ ભાવ નહિ. સહજ વાત કરે તેમ કહ્યું : 'કાંઈ નથી, જરા કાંટો વાગ્યો છે.' તરત ગુરુજીએ તેમને બેસાડીને કાંટો તપાસ્યો તો ઘડીભર તો તેઓ પણ અવાક્ થઈ ગયા : આવો કાંટો ! આ રીતે વાગ્યો છે ને છતાં કાંઈ નહિ એમ કહો છો ? શરીર તો તાવથી ધખે છે ! ગુરુજીએ તત્ક્ષણ પહેલું કામ કાંટો કાઢવાનું કર્યું. કાંટો કાઢતાં મહેનત પડી, તો પગમાં વેદના પણ ભારે થઈ. કાંટો બહાર નીકળતાં લોહીની પીચકારી જ છૂટી ગઈ. પણ કોઈ રાડારાડ નહિ, કોઈ ફરિયાદ નહિ. અર્ધો કલાક ત્યાં બેઠા, અને કળ વળતાં બાકીનો આઠેક માઈલનો વિહાર પૂરો કર્યો. યોગાનુયોગ એવો કે તે દહાડે ચૌદશ હતી. એટલે એ વેદના અને તાવમાં પણ તેમણે ઉપવાસ જ કર્યો. બીજી સવારે દસેક માઈલનો વિહાર પણ કર્યો, અને એકાસણું પણ કર્યું જ.

૩. સં. ૨૦૦૬નું ચોમાસું બોટાદ હતું. નિયમાનુસાર ચોમાસામાં આંબેલ (ઓળી) ચાલુ હતાં. એમાં અશુભનો ઉદય આવ્યો, અને ન્યૂમોનિયા લાગુ પડી ગયો. તાવ વધીને છ ડીગ્રી સુધી જતો. આવી માંદગી સ્વાભાવિક રીતે જ ચિંતાનો વિષય બને. ડોક્ટરોએ કહ્યું કે પારણું કરો, તો ઉપચાર થઈ શકે. નહિ તો જોખમ છે. આના જવાબમાં દુર્બળ સ્વરે તેમણે જે કહ્યું તેમાં કાયાનું કાસળ કાઢી લેવાની તેમની નિર્મમ મનોદશા બરાબર પ્રગટે છે. તેમણે કહ્યું : "ડૉક્ટર, મને મારી રીતે તપ કરવા દો. મને નિર્બળ ન બનાવો. હું મોતને પણ પડકારીશ, પણ તપ નહિ છોડું."

અને સૌના આશ્ચર્ય વચ્ચે તેમણે તે સ્થિતિમાં પણ બાકીનાં પાંત્રીસ આંબેલ મગનું પાણી અને ગળોસત્ત્વ લઈને પૂરાં કર્યાં. પારણું થયું ત્યારે ન્યૂમોનિયા ગાયબ !

૪. આવું તાવવાળું તો પછી ઘણીવાર બન્યું. આંબેલમાં તાવ જાણે તેમને કોઠે પડી ગયો. પણ તાવ તાવનું કામ કરે, તેઓ પોતાનું તપ કરે. જાણે કાંઈ પરવા જ ન હોય !

૫. સં. ૨૦૩૬ની વાત છે . પોતે પાલીતાણા તીર્થાધિરાજની છાયામાં ચાતુર્માસ બિરાજેલા. ચોમાસામાં ઓળીઓ શરૂ જ હતી. વાતાવરણ મચ્છરમય, તેથી મેલેરિયાનો ઉપદ્રવ વારંવાર થતો, પણ મચક ન આપતા. કાર્તક શુદમાં મેલેરિયાના પ્રકોપે માઝા મૂકી. તાવનો જોરાવર હુમલો, ને સાથે સખત ઝાડા. શરીરમાં સળગેલી અગનજ્વાળાએ શક્તિ બધી ચૂસી લીધી. હાલત ચિંતાજનક બનતાં તેમની ના છતાં ડોક્ટરોને તેડવા પડ્યા. ડોક્ટરો કહે કે સ્થિતિ





ગંભીર ગણાય. હમણાં જ લીંબુનું પાણી, દવાઓ, દૂધ વગેરે આપવું જરૂરી છે. નહિ તો બાજી અમારા વશમાં નહિ રહે.

ડોક્ટરોનું સખત દબાણ, શિષ્યોનો તથા શ્રાવકવર્ગનો જોરદાર આગ્રહ,પણ તપસ્વી મહારાજ તો સંથારામાં સૂતાં સૂતાં પોતાના ઈન્કારને જ વળગી રહ્યા. ક્ષીણ સ્વરે તેમણે એટલું જ કહ્યું : "ઘણી ઉંમર થઈ છે. નહિ બચું એમ તો તમે બધા કહો જ છો. તો જો જવાનું જ હોય તો આંબેલ જેવું તપ અને ગિરિરાજ જેવી ભૂમિ ક્યાં મળવાનાં ? હું પચ્ચક્ખાણ તો નહિ જ ભાંગું. છતાં તમે ચિંતા ન કરો. સૌ સારાં વાનાં થશે."

ડોક્ટરો બાહ્ય ઉપચાર કરીને પુષ્કળ પાણી પીવાની સૂચના આપીને ગયા. સાંજે ફરી તપાસ્યા અને કહ્યું કે સવાર કરતાં ઠીક ગણાય. પણ અવસ્થા છે એટલે ક્યારે બગડે તે ન કહેવાય, માટે કાલે સવારે ...

ડોક્ટર આટલું બોલ્યા ત્યાં તો તપસ્વી મહારાજે વાત પકડી લીધીઃ "કાલે પણ આંબેલ થઈ જશે, ડૉક્ટર !"

ડોક્ટર કહે કે "મહારાજશ્રી, આંતરડાં સૂકાઈ ગયાં છે. એ જો વધુ ચોંટી જશે તો ઓપરેશન સિવાય કોઈ વિકલ્પ નહિ રહે. અને ઓપરેશનનું પરિણામ કેવું આવે તે કહી ન શકાય. માટે આંબેલ છોડવું જ પડશે."

"ડૉક્ટર, ચિંતા નહિ કરો. બે આંબેલ પણ થઈ જશે, અને પછી ચોમાસીનો છઠ પણ થઈ જશે."

ડોક્ટર તો સ્તબ્ધ ! તેમણે જોયું કે આમના મનોબળ સામે આપણી વાતો નકામી છે. તેમણે બે આંબેલ કરવા દીધાં, ને બાહ્યોપચાર ચાલુ રાખ્યા. તેરશની સાંજે ડોક્ટરે વિનંતિ કરી કે "કાલે એકાસણું કરજો અને પરમ દિ' ઉપવાસ રાખજો." પણ ન માન્યા. "તો કાલે આંબેલ અને પૂનમે ઉપવાસ રાખો" - ડોક્ટરે કહ્યું. પણ તેઓ એકના બે ન જ થયા. તેમણે કહ્યું, "કાલની ચિંતા કાલે. આંજે આજનું કરો."

ચોમાસી ચૌદશની સવાર પડી. પ્રતિક્રમણમાં તેમણે જાતે ચોવિહાર છઠ્ઠનું પચ્ચક્ખાણ કરી લીધું. ડોક્ટર નિયમ મુજબ તપાસવા આવ્યા અને કહ્યું કે "આજે તો આંબેલ જ કરજો હોં." ત્યારે કહે, "આંબેલની વાત છોડો ડોક્ટર, આજે તો છઠ્ઠ થઈ ગયો છે, અને કાલે કાર્તકી પૂનમની જાત્રા કરવાની છે."

ડોક્ટરનું માથું તેમના આ આત્મબળ આગળ નમી પડ્યું. તેમણે કહ્યું : 'અમે તમને શું સાજા કરીએ ? તમારી આ સાધનાની શક્તિ જ તમને સાંભળે છે.'

અને કાર્તકી પૂનમે સવારે, કાયા ક્ષીણ થઈ હોવા છતાં, ઘાસની ખુરશીમાં બેસીને ગિરિરાજની વિધિસહિત યાત્રા તેઓએ કરી. નીચે ઊતરીને ઠાણાઓ ઠાણં ની મર્યાદા પણ સાચવી, અને કાર્તક વદિ એકમે એકાસણું કરીને જ ઓળીનું સમાપન કર્યું.

આ પ્રસંગ બન્યો ત્યારે તેમને ૮૧મું વર્ષ વહેતું હતું.

અને આ પ્રસંગો તો થોડાક નમૂનારૂપ ચમકારા જ સમજવા. આવા તપસંબંધી જ નહિ, અન્યાન્ય આરાધના સંબંધી દૃઢતાના પ્રસંગો બેસુમાર છે. એ બધા પ્રસંગોમાં તેમની સમતા, સહિષ્ણુતા અને સ્થિરતાનાં જ પાવનકારી દર્શન થાય છે. મજાની વાત તો એ છે કે આટઆટલી સાધના અને સ્થિરતા છતાં તે અંગેની કોઈ સભાનતા કે 'પોતે કાંઈક કરી બતાવ્યું છે' તેવા કોઈ ગુમાનનો અણસારો પણ તેમની વાતમાં કે વર્તનમાં કદી ન મળે. કોઈ વખાણ કરવા જાય કે સાહેબ ! આપે તો આમ કર્યું ! તો તેની વાત કોઈ ત્રાહિત માણસની જેમ સાંભળી અણસાંભળી કરી મૂકે અને પોતાના ચિત્ત પર કે કર્તવ્યો પર તેનો લેશ પણ ભાર ન આવવા દે.

તેઓની બીજી એક ખૂબી પણ અહીં જ નોંધવી ઉચિત લાગે છે. તેઓએ આટલા બધા ઉગ્ર તપ કર્યા, રોજના ૩૦-૩૫ કિલોમીટરના હિસાબે ૮૯ વર્ષની વય સુધી તો વિહાર કર્યા, છતાં જીવનમાં ક્યારેય કોઈનીય પાસે તેમણે માથું, કમર કે પગ દબાવ્યા નથી. ન માની શકાય તેવી શબ્દશઃ સાચી વાત છે આ કે ગમે તેવી સ્થિતિમાં પણ કોઈક તેમના પગને હાથ અડાડે, તે સાથે જ તેઓ તેનો હાથ ઉપાડીને દૂર ફંગોળી દેતા, કાં પોતાનો પગ વાળી લેતા, પણ કદી દબાવવા ન દેતા. શરીરની આટલી સરખીયે મમતા કે સારવાર તેમને પસંદ નહોતી, તે આ ઉપરથી સમજાય છે.

આટલી લંબાણ વાતનો સાર એટલો જ કે 'તપ કરીએ સમતા રાખી ઘટમાં' એ ઉક્તિને તેઓએ એવી અદ્‌ભુત રીતે આચરી બતાવી હતી કે તેમનું એ આચરણ, આપણા જેવાં ઓછાં પાત્રો માટે જ્વલંત આદર્શ બની રહે તેમ છે.

ॐ

## (૧૯)

# ચારિત્ર્ય ઘડતર : મુકામ પાંચમો

જૈન સાધુનો માર્ગ આત્મસાધનાનો માર્ગ છે. ચિત્તનું શુદ્ધીકરણ અને ઊર્ધ્વીકરણ થાય તેવી પ્રક્રિયા તે સાધના. આ પ્રક્રિયા વ્યક્તિદીઠ, તેની ભૂમિકાને અનુરૂપ, નિરનિરાળી હોય છે. કોઈક જ્ઞાનસાધનાથી તરે, તો કોઈક ધ્યાનસાધના દ્વારા આગળ વધે. કોઈકને ક્રિયા (કર્મ) યોગ માફક આવે, તો કોઈકને સમતાયોગ અનુકૂળ પડી જાય. આ બધા યોગો વાસ્તવમાં ચિત્તશોધનની પ્રક્રિયા જ ગણાય.

મધ્યયુગમાં થયેલી વ્યાપક મથામણના ફળસ્વરૂપે સાધનાના આ માળખામાં એક નવું સાધન ઉમેરાયુંઃ ભક્તિયોગ. અન્ય યોગોની સરખામણીમાં ઘણા સરળ અને શીઘ્ર - ફળદાયી આ સાધને જોતજોતામાં જ બીજાં બધાં સાધનોને અતિક્રમી લીધાં, અને આ પંચમકાળમાં 'ભક્તિ'



એ ભવ તરવાનો શ્રેષ્ઠ ઉપાય હોવાનું સહેજે પ્રસ્થાપિત થયું.

ભક્તિનાં અનેક પગથિયાં છે. એમાં સૌથી પહેલું તે નામસ્મરણ, નામ-જપ. પરમાત્માની સાક્ષાત્ ઉપલબ્ધિ તો છે નહિ. અને છતાં પરમાત્માની ભક્તિ-સેવા તો કરવી છે, તે માટે હાથવગો કયો ઉપાય ? આનો જવાબ છે 'નામસ્મરણ'. વાત પણ સાચી છે. સાક્ષાત્ શ્રીપરમાત્માના દર્શનથી તથા ઉપદેશથી જેટલા જીવો તર્યા, તે કરતાં અનેકગુણા અધિક જીવો પરમાત્માના નામથી તર્યા છે, તરે છે. કહેનાર તો ત્યાં સુધી કહી દે છે કે ''પરમાત્મા પોતાનો સમગ્ર પ્રભાવ, નિર્વાણ પામતી વેળાએ, પોતાના નામમાં સ્થાપીને જ જાય છે.'' ચાર નિક્ષેપામાં પણ પહેલો નામનિક્ષેપો જ છે ને !

પરમાત્માનું નામ રટવાની પણ એક મોજ હોય છે. આ મોજ જેને લાગી ગઈ, તેને પછી નામના રટણ વિના બીજી વાતો ઓછી ભાવવાની. નામ જપતાં જપતાં જ એના અંતરમાં એક આસ્થા બની જાય કે નામ જ મને નામી છતાં અનામી એવા પરમાત્મા સાથે અદ્વૈત સાધી આપશે. આ આસ્થાને આપણે 'ભક્તિ' કહી શકીએ. આ ભક્તિ સાધકના ચિત્તનું શનૈઃ શનૈઃ શોધન કરીને તેનું ઊર્ધ્વીકરણ કરી આપે છે, અને એ રીતે એની ભક્તિ એ એની આત્મસાધના બની રહે છે.

મુનિરાજ શ્રીકુમુદચન્દ્રવિજયજી નામ-ભક્તિની આ સાધનાના અદકેરા સાધક હતા. તેઓ ગૃહસ્થપર્યાયમાં હતા ત્યારે પણ નવકાર-જપ ઉપર અપાર પ્રીતિ ધરાવતા. દીક્ષા પછી ઉત્તરોત્તર આ જપયોગ તેઓ વધારતા ગયા. દિવસ અને રાતના મળીને કુલ સાતથી આઠ કલાક તેઓ જાપ કરતા. સવારે ૩-૩૦ લગભગ ઊઠે અને ઈષ્ટ જપ કરે. પ્રભાતે દૈનિક નિત્ય કર્મો પતાવીને જાપમાં બેસે તો ત્રણેક કલાક તો નિત્ય જાપ ખરો જ. વળી રાત્રે પ્રતિક્રમણાદિ આવશ્યક કરણી પૂરી થાય એટલે જપમાં લીન, તે અગિયાર તો સહેજે વાગે. આ ક્રમ જીવનના અંત સુધી અખંડ રહ્યો. તેમણે જીવનમાં બે કરોડથી વધુ નવકાર મંત્ર ગણ્યા હશે. એક વ્યક્તિ કલાકો સુધી જાપ કરે અને દાયકાઓ સુધી તે ચાલુ રહે, છતાં તેનો કુલ આંક બે - અઢી કરોડ જેવો જ થાય તે જાણ્યા પછી, કોઈક વ્યક્તિ પાંચ- પંદર નહિ, પણ તેથીયે અનેકગુણા અધિક કરોડ નવકારનો જાપ કર્યાના દાવા તો તે શંકાસ્પદ અથવા કુતૂહલપ્રેરક તો અવશ્ય લાગે.

ગણિપદ મળ્યું ત્યારે ગુરુજી દ્વરા વર્ધમાનવિદ્યા પ્રાપ્ત થઈ. તેનો જાપ પણ પછી લાખોની સંખ્યામાં કર્યો. ૨૦૨૮માં આચાર્યપદ પામ્યા ત્યારે સૂરિમંત્ર પ્રાપ્ત થતાં તેનો જાપ પણ તે જ રીતે લાખોનો કર્યો.

આ બધા જાપ માટે તેમની માળા એક જ. દીક્ષા લીધી ત્યારે પૂજ્ય ગુરુભગવંતે અકલબેરના મણકાની એક માળા આપેલી. પોતે જીવ્યા ત્યાં સુધી તે માળા જ તેમણે ગણી. અર્થાત્ કરોડોનો તથા લાખોનો જે જાપ ઉપર ગણાવ્યો, તે બધો આ એક જ માળા ઉપર થયો.

સં. ૨૦૧૧માં મુંબઈ - માટુંગામાં શ્રીવાસુપૂજ્ય - જિનાલયની અંજનશલાકા - પ્રતિષ્ઠા હતી. તે વખતે ગુરુજીએ ફરમાવ્યું કે તપસ્વી! અખંડ સવા લાખ અક્ષત લઈને એક દાણે એક વાર એ



રીતે તમારે વાસુપૂજ્ય સ્વામીનો જાપ કરવાનો છે. આવા આદેશથી તેઓ એટલા તો ખુશ થઈ ગયા કે ભાગ્યે જ હર્ષની કે બીજી લાગણી શબ્દો દ્વારા વ્યક્ત કરનારા તેઓ તે ક્ષણે બોલી ઊઠ્યા કે "મારા અહોભાગ્ય કે મારા ગુરુજીએ મને આવા પુણ્યના કાર્યમાં ભાગી બનાવ્યો."

ખંભાતમાં તેમનાં ચાર - પાંચ ચોમાસાં થયેલાં. ત્યાં માણેકચોકમાં ભોંયરામાં બિરાજતા આદીશ્વર દાદાના ભવ્ય બિંબ ઉપર તેઓને અપાર ભાવ. પોતે રોજ ત્યાં જઈને દાદા સામે બેસે અને કલાકો સુધી દાદાના મુખારવિંદનું ધ્યાન ધર્યા કરે.

જે જે તપ આદરે, એ તપના વિધિમાં આવતાં પદ કે પદોનો નિયત જાપ તેઓ કદી ચૂક્યા નથી. વર્ષ દરમ્યાન જ્ઞાનપંચમીથી લઈ દીવાળી સુધીનાં જે જે પર્વો આવે તે પર્વો સાથે સંબંધ ધરાવતા જાપ પણ તેઓ અચૂક કરતા. વળી, જે વખતે જે આગમસૂત્રના જોગ કર્યા, તે સૂત્રની તે જોગ દરમ્યાન તેમણે માળ ગણી છે. વધુમાં, તેમણે તેમની એક જૂની-જીર્ણ નોંધમાં પોતાને રોજ કયા કયા પદની માળા ગણવાની છે તેની યાદી લખી રાખી છે. તેની સંખ્યાં એકવીસની થાય છે. એક સ્વસ્થ માણસને એકી બેઠકે એ ૨૧ માળા એકેકી જ માત્ર ગણવી હોય તો બે થી અઢી કલાક અવશ્ય જોઈએ. જો કે તેઓ આસન-સિદ્ધિને વરેલા જીવ હતા. કસાયેલી કાયા, વળી સંયમ-નિયમનું જીવન, એટલે એક વાર આસન જમાવ્યા પછી પાંચ-છ કલાક સુધી તો અખંડ બેઠક રાખી શકતા.

જાપની આ સાધનાએ તેમને મૌનની સિદ્ધિ તો આપી જ, સાથે સાથે તેઓ જે બોલે તે થાય જ, તેવી વચનસિદ્ધિ પણ આપી; અલબત્ત, અનાયાસે. તેઓ ભાગ્યે જ કોઈ વાત બોલતા કે વિધિ - નિષેધ કરતા. પણ જ્યારે બોલતા ત્યારે અચૂક તે ફળતું.

ॐ

## (૨૦)
## ચારિત્ર્ય ઘડતર : મુકામ છઠો

"જો આંખો જ ન હોય તો આરીસા કે દીવાનો શો ઉપયોગ ? એમ જો મનનો દંભ ન ગયો તો વ્રતો અને તપ પણ શા ખપનાં ?"

"રસ લોલુપતા તજી શકાય, ઘરેણાંનો મોહ નિવારવો સરળ, મનગમતાં કામભોગોનો ત્યાગ કરવો પણ શક્ય; દંભ કરવાની આદતથી બચવું અતિ કઠિન."

"સર્પનો મસ્તક - મણિ ગમે તેવો ઝળહળતો હોય, પણ તેના ફુંફાડાને લીધે તે નકામો બની રહે; એ જ રીતે કેશ-લોચ, ભૂમિશયન, ગોચરીની ચર્યા અને બ્રહ્મચર્યાદિનું રૂડું પાલન સાધુને હોય તો પણ 'દંભ'નું પ્રદૂષણ તે તમામને દૂષિત કરી મૂકે."







"કુલટાનો દેખીતો સદાચાર પણ તેના દુરાચારનો પોષક જ બને, અને દંભીનું વ્રતપાલન વાસ્તવમાં તેના વ્રતખંડનનું જ નિદાન ગણાય."

"પોતાના દોષ ઢંકાય, લોકોમાં માનપાન મળે, ગૌરવ વધે - આટલા અમથા પ્રલોભનથી બિચારા જીવો (ધર્મનો) દંભ કરવામાંથી ઊંચા આવતા નથી, એ કેવી કદર્થના !"

"જે કાળે જે ઉચિત હોય તેવી જણયાનું સમ્યક્ પાલન કરવાની પણ જેમને તમા ન હોય, તેવા લોકોએ 'સાધુ' નામ ધરાવીને જગતને છેતરવાનો જ ઉપક્રમ રચ્યો ગણાય."

"દંભી લોકો સતત પોતાનો ઉત્કર્ષ (અમે જ ઉત્કૃષ્ટ સાધુ છીએ) અને બીજાઓનો અપવાદ (બીજા બધા કુસાધુ છે)ગાતા રહે છે, અને તેના લીધે ભવાંતરમાં ધર્મ અને સંયમની પ્રાપ્તિ થવામાં બાધક બને તેવાં કઠણ મોહકર્મો તેઓ બાંધતાં રહે છે."

ઉપર જેમનાં વચનો ટાક્યાં છે તે મહોપાધ્યાય શ્રીયશોવિજયજીએ એક માર્મિક પદાર્થ પીરસ્યો છે : "જ્ઞાન અને ક્રિયા-બન્ને તત્ત્વોનો સુયોગ સધાય ત્યારે પ્રગટતી સ્થિતિને જ 'અધ્યાત્મ' કહી શકાય; પણ તે અધ્યાત્મ ટકાઉ ત્યારે જ બને છે, જ્યારે સદાચાર દંભમુક્ત હોય."

તપસ્વીજી મહારાજનું જીવન તપાસીએ તો આ 'અધ્યાત્મ'-પદાર્થ સદેહે અનુભવવા મળે. ન દંભ ન પ્રપંચ, ન ખટપટ ન કાવાદાવા. નિશ્છલ, સરળ અને નિર્મળ જીવ એટલે તપસ્વીજી મહારાજ. સદાચાર - સચ્ચારિત્રથી મઘમઘતું જીવન ખરું, છતાં ક્યાંય તેનો ડોળ કે આડંબર ન મળે.

દંભીનું એક લક્ષણ નોંધી લેવા જેવું છે : આડંબર. દંભી વ્યક્તિ ધર્મ અને વ્રત - તપનું પાલન કરતી રહે, પણ તેની એક ખેવના સતત હોવાની કે કેમ વધુ ને વધુ લોકો મારી આ વાતો જાણે. આ ખેવનાની પૂર્તિ માટે તેની પાસે કેટલાક ખાસ કીમિયા પણ હોય છે. સૌ પ્રથમ તો આવા લોકો પોતાના ખાસ માણસોની નિમણૂક કરે છે. એ માણસોને એજન્ટ કે મુજાવર ગણાવી શકાય. એ એજન્ટોનું એક જ કામ : કુશલ સેલ્સમેનની અદાથી પેલા લોકોનો પ્રચાર કરવાનો અને પોતે તેમનાથી કેવા પ્રભાવિત છે તે દેખાડતાં જઈને પાછું 'એમને તો પોતાની આવી વાહ વાહ ગમતી જ નથી' એવો આભાસ ઊભો કરી દેવાનો. આ પદ્ધતિમાં, પ્રચારતંત્રમાં અને ચમચાગીરીમાં જેટલાં દૂષણો હોય તે બધાં ઉમેરાતાં - ભળતાં જાય તે તદ્દન સહજ છે. પણ આથી પેલા દંભી લોકોની મહત્તા તો લોકહૃદયમાં જડબેસલાક વસી જ જાય.

તપસ્વીજી મહારાજ આવા આડંબરથી લાખ જોજન છેટા હતા. એક વાતમાં તેઓ સ્વયંસ્પષ્ટ હતા : હું મારા આત્મા માટે આ બધું કરું છું. કોઈને દેખાડવા કે બીજી કોઈ હેતુ માટે નથી કરતો.





સત્પુરુષની કૃતિ અને સત્કર્મ જ શાસનની પ્રભાવના બની રહે. એ માટે છાપામાં છપાવવાની કે ઢોલ ટીપીને હું શાસનની પ્રભાવના કરું છું, એવો તમાશો કરવાની શી જરુર ? આવું તેઓ વિચારતા. અલબત્ત, પોતે આવી સ્પષ્ટતાથી શાબ્દિક રજૂઆત ન કરી શકતા, પણ તેઓ જે ઈચ્છતા અને કહેતા, તેઓ સાર એવો જ રહેતો.

એમના શિષ્યો સબળ થયા પછી તેમણે એમની થોડીક પ્રસિદ્ધિ જરૂર કરી. જો કે તેમાં પણ દંભની વાતો તો નહિ જ. પરંતુ તપસ્વી મહારાજે પોતે પોતાના સમગ્ર જીવનમાં ક્યારેય "હું આપો તપસ્વી છું, સમાજમાં મારા જેવું કોઈ નથી, મારા માટે આવું બોલો અને લખાવો" - આવી વાત કે ઈશારો છાને છપને પણ કર્યો નથી. અરે, એમના અંતરમાં આવો વિચાર ઉદ્ભવે એ જ અસંભવિત વાત હતી.

તે જ રીતે, બીજા કોઈને ઊતારી પાડવા માટે કે બીજો પોતાના કરતાં વધી ન જાય તે માટે તેમણે કદી કોઈ ખટપટ આદરી નથી. એવી આવડત જ તેમનામાં નહોતી, એમ કહેવું વધુ યોગ્ય ગણાય.

તપસ્વી મહારાજના સમકાલીન કહી શકાય તેવા કેટલાક આત્માઓ તપસ્યા અને આચરણની દૃષ્ટિએ આગલી હરોળમાં શોભે તેવા હોવા વિશે સંદેહ ન સેવીએ, તો માયા અને પ્રપંચ કરવા - કરાવવાની ફાવટમાં પણ તે આત્માઓ આગલી હરોળમાં જ શોભી શકે,- એ બાબત પણ શંકાથી પર જ ગણાય. "આપ પ્રશંસે રે પરગુણ ઓળવે"ની સંપૂર્ણ ક્ષમતા ધરાવનારા આવા આત્માઓ પોતાનો ઉત્કર્ષ અને અન્યોના છિદ્રાન્વેષણની કળામાં નિષ્ણાત ગણાય તેવા હતા. સુસાધુ અને કુસાધુની શાસ્ત્રીય ઓળખનો પોતાની તરફેણમાં અને અન્યોના વિરોધમાં ભરપૂર ઉપયોગ કરી 'ગૃહ્યન્તે માનવાશ્ચ દમ્ભેન' એ નીતિસૂત્રનું અનુકરણ કરવામાં એ લોકોએ નક્કર સફળતા હાંસલ કરી હતી. આપણા તપસ્વીજી મહારાજ આ બધી કળા તથા ક્ષમતાઓથી તદ્દન પર અને અનભિજ્ઞ હતા. તેઓની એક જ રીત હતી : આત્માનું સાધવાની, અને એ માટે જે કાંઈ પણ વહોરવું - વેઠવું પડે તે માટેની તત્પરતાની.

જેમ દંભથી તેઓ દૂર હતા, તેમ દંભની જ પેદાશ જેવી સ્વચ્છંદતાથી પણ તેઓ સદંતર અલિપ્ત હતા. ઘણીવાર કોઈક વિશિષ્ટતાનું વધી ગયેલું પ્રમાણ અથવા વધુ પડતી મળતી પ્રસિદ્ધિને લીધે ભલભલો આરાધક આત્મા પણ, યથેચ્છ વર્તવું તે હવે પોતાનો અધિકાર હોય તેમ વર્તવા માંડે છે. તે એમ માની લે છે કે "હું આટલો મોટો, આટલો બધો પ્રસિદ્ધ, આવો તપસ્વી, હું ગમે તેમ વર્તન કરું તોય મને પૂછનાર - કહેનાર કોણ ? પહેલાં મારા જેટલું તપ વગેરે કરી તો જુએ, પછી કહેવા આવે !" મૂળે પડતો કાળ, એમાં કોઈ ઓછો જીવ હોય તો તેની આવી દશા અવશ્ય થાય.

પણ તપસ્વીજી મહારાજ આવા ઓછાં પાત્ર ન હતા, તે તો 'સર્વ સમય સાવધાન' એવા આત્મસાધક સાધુ હતા. પોતે દીક્ષા લીધી તે ક્ષણે આત્મસાધનાનો જે થનગનાટ હતો, તે જ થનગનાટ આચાર્ય બન્યા પછી પણ, અને જીવનના અંતિમ દિવસે પણ તેમણે જાળવી રાખ્યો







હતો. પોતાની સાધનાની સમગ્ર કારકિર્દી દરમિયાન, પોતાનું પહોંચે ત્યાં સુધી, કોઈ દોષ કે અતિચારનું સેવન ન કરવું અને શુદ્ધ આહાર-વિહાર તથા ચર્યાથી જ વર્તવું - એ માટે તેમણે અખંડ સાવધાની સેવી હતી. શિથિલ, યથેચ્છ કે સ્વચ્છંદ આચરણાનો તો તેમણે વિચાર સુધ્ધાં કર્યો કે સ્વીકાર્યો નથી. પાછલી વયે પોતાના હાથે - પગે અશક્ત થયા પછી, ક્યારેક ભૂલેચૂકે પણ શિષ્યો દ્વારા કોઈ બાબતમાં ઢીલ ચલાવાય અને તે પોતાના ધ્યાનમાં આવી જાય, તો તે ભારે સંતાપ અનુભવતા, પોતાનો સખત અણગમો પ્રદર્શિત કરતા અને ફરીથી એવી ગરબડ ન થાય તેની તાકીદ કરતા.

આપણે ત્યાં અમુક ઠેકાણે કેટલીક નવી વાતો માત્ર તર્કની તાકાતથી ચાલી છે. દા.ત., અણાહારી ચીજોની પરંપરાગત તથા ગીતાર્થમાન્ય યાદીમાં જેને સ્થાન જ નથી કે ન આપી શકાય તેવી જવાહર મોહરાની ગોળી, લોકામયહર કસ્તૂરી ગોળી, સુદર્શન ઘનવટી, સોર્બીટ્રેટ તથા નોવાલ્જીન જેવી એલોપથી ટીકડીઓ વગેરેનું સેવન અણાહારી તરીકે તપસ્યામાં તથા માંદગી આદિ કારણોસર રાતે વ્યાપકપણે વધ્યું છે; તો ક્યાંક લાંબી ઓળીમાં વલોણાંની છાશનું પણ સેવન થતું સંભળાય છે. ભાષ્યગ્રંથમાં નિર્દેશ ન હોવાથી શીંગતેલ વગેરે તેલો લુખ્ખી નીવીમાં વાપરી શકાય તેવાં વિધાનો તથા ઓસાવેલા પંચ મેવાનો બારે માસ વપરાશ બેરોકટોક થવા લાગ્યા છે; તો નવકારશી આંબેલ વગેરે પચ્ચક્ખાણો પણ ક્યાંક ચલણી બનાવવામાં આવ્યાં છે. આવી બધી અસંમત કે પરંપરાથી વિપરીત બાબતોને તપસ્વીજી મહારાજે ક્યારેય આદરી કે આચરી નથી. તેમના ગુરુજી પરમ ગીતાર્થ હતા, અને તેમના અસંદિગ્ધ માર્ગદર્શન અનુસાર, ગીતાર્થોની પરંપરાનું તથા શાસ્ત્રપ્રમાણનું બળ ન હોય તેવી વાતોને તેઓ નિષિદ્ધ જ સમજતા. અને નિષિદ્ધનું આચરણ તે જ તો સ્વચ્છંદાચરણ છે. તેમના જેવા આત્મિક ઉત્કર્ષને જ ઝંખતા પુણ્યાત્મા આવા સ્વચ્છંદ આચરણના ભોગ બને પણ શા માટે ?

વસ્તુતઃ શાસ્ત્રોમાં અપવાદો છે. અપવાદિક આચરણાઓ પણ છે. કોઈક માન્ય વ્યક્તિએ ચોક્કસ કારણોસર કે વિશિષ્ટ સંયોગોમાં તેનું સેવન કર્યું હોય કે કરવાની છૂટ આપી હોય, તેનો દાખલો લઈને પછી અપવાદ માર્ગને કેટલાક સગવડપ્રેમીઓ ચલણી કરી મૂકે તે જ છે સ્વચ્છંદાચરણ. તપસ્વીજી મહારાજ જેવા સાચા સાધક આવું કરે તો નહિ, પણ સ્વીકારે પણ નહિ. તેમના ચિત્તમાં તો તપ - ત્યાગ - સ્વાદજય - જયણા - આ બધાં વાનાં એવા તો રમતાં કે તેમને આવા સહેલા કે વચલા રસ્તા પકડવાનું ફાવે જ નહિ, કર્મો પર પ્રહાર કરવાનું તેમનું ધ્યેય એવા સહેલા રસ્તે સિદ્ધ પણ ન થાય.

તેમની આવી નિર્મળ સાધનાનું સીધું પરિણામ એ હતું કે પક્ષીય દૃષ્ટિએ વિરોધી ગણાય તેવા અને પોતાના ક્ષેત્રમાં મૂર્ધન્ય ગણાતા આચાર્યોના અંતરમાં પણ તેમના પ્રત્યે સહજ આદર અને અહોભાવ પેદા થઈ ગયા. તપસ્વીજી મહારાજના સમોવડિયા ગણાય તેવા સ્વપક્ષના તપસ્વીઓના તપ વિશે વિપરીત સૂર ઉચ્ચારનારા આચાર્યો પણ તપસ્વીજીની તપસાધનાની તો નિર્ભેળ અને નિર્દંશભાવે અનુમોદના જ કરતા.

નિઃશલ્ય વ્રતપાલન અને નિર્દંભ તપ - આરાધનાની આ અનાયાસ-પ્રાપ્ત સિદ્ધિ હતી.





## (૨૧)

# હવે વાત ગજરાબહેનની

છગનભાઈ તો દીક્ષા લઈને કુમુદચન્દ્રવિજયજી બની ગયા. અરે, વિહાર પણ કરી ગયા ! હવે તો તેમનાં દર્શન પણ દુર્લભ ! તેઓ વિહરતા હોય ત્યાં જાય તો જ દર્શન પણ મળે. તેમાં પણ તેમને તો કોઈ રસ જ નહિ. દર્શન કરનારને સંતોષ કે જે કાંઈ થતું હોય તે ભલે, પણ જેનાં દર્શન માટે જાય તેને તો કશી જ તમા નથી.

ગજરાબહેન વિચારે છે : શું સંસારના સંબંધો આટલા બધા ફટકિયા હોય ? ગઈકાલ સુધી જેની સાથે વર્ષો વીતાવ્યાં અને સુખ - દુઃખમાં સાથ નિભાવ્યો, તે માણસ સાધુ થયા પછી જાણે વાત કરવા પણ રાજી નહિ ! કે પછી હું ચૂકી ગઈ છું ?

હા, વાત સાચી છે. હું જ થાપ ખાઈ બેઠી છું. 'એમણે' તો મને વારંવાર સમજાવ્યું હતું, સંસારનું વિષમ સ્વરૂપ. સંસારનાં બધાં સુખો માત્ર ભ્રમણા છે અને સંયમની સાધના દ્વારા જ પામી શકાય તેવો આત્મિક આનંદ જ વાસ્તવિક સુખનો આધાર છે - આ વાત કેટલા બધા હેતથી અને હોંશથી મને સમજાવવાની તેમણે મથામણ કરી ! સમજતી પણ હતી. તેથી જ તો મેં એમને દીક્ષા લેવાની રજા આપી અને દીક્ષા અપાવી પણ ખરી. પણ તે પળે મારે પણ જે સમજવું જોઈતું હતું અને એમના પગલે પગલે આત્મસુખના ઉપભોગમાં પણ ભાગીદાર બનવા નીકળી પડવું જોઈતું હતું, તે માત્ર મારી અંદર પડેલા કોઈક અહંકારને લીધે અને મનના ઊંડે ખૂણે રહી ગયેલી કોઈક આસક્તિ અને સંયમ નહિ પાળી શકાય તેવી કાલ્પનિક બીકને લીધે હું ચૂકી ગઈ.

પણ હવે ? હવે શું થાય ? જે બની ગયું તેમાં કોઈ ફેરફાર થાય તેમ નથી. હવે તો એક જ રસ્તો છે : ભલે મોડું થયું, પણ હુંય એમની પાછળ એમના માર્ગે હજીયે ચાલી નીકળું, તો સંસારની જંજાળો છૂટી જાય અને 'એમના' પગલે ચાલીને આત્માનું કાંઈક અંશે પણ કલ્યાણ સાધી શકાય. ના, હજી બાજી હાથમાંથી સરી નથી પડી.

આ વિચારોને ગજરાબહેને ખૂબ ઘૂંટ્યા. પોતાના મનોભાવને ખૂબ પુખ્ત અને સ્પષ્ટ બનાવ્યો. અને પછી એ ૧૯૯૭ના જ ચોમાસામાં ઉપડ્યાં વલસાડ. ત્યાં જઈને પૂજ્યપાદ આચાર્ય મહારાજને વીનવ્યા : "મને પણ હવે દીક્ષા આપો. હું મોડી પડી છું. પણ હવે વધુ મોડું નથી કરવું. મને ઝટ દીક્ષા આપો."

આચાર્ય ભગવંતે તેમની મનોદશાની - ભાવનાની ચકાસણી કરી. ક્યાંય વ્યક્તિમોહ કે ઘેલછા અથવા દુઃખજન્ય વૈરાગ્ય તો નથી, તેની પાકી પરીક્ષા કરી. તેમને પ્રતીતિ થઈ કે ના, પરિણામ નિર્મળ છે. સંસારની કોઈ વાસનાથી દોરવાઈને દીક્ષાની વાત નથી કરતાં; સાચી સમજણથી પ્રેરાઈને જ આવ્યાં છે. છતાં તેમણે તત્કાળ હા ન પાડી.

પણ તો ગજરાબહેન પણ ક્યાં કમ હતાં ! એ ચોમાસામાં ચાર - પાંચ વખત તેઓ ત્યાં આવ્યાં,







અને ગુરુભગવંત સમક્ષ દીક્ષાની વાત લઈ બેઠાં. છેવટે તેમનાં ભાભી ધનીબહેન, ભત્રીજાઓ તથા તેમના વીલના રખેવાળો રામજીશાહ વગેરે સ્વજનોને લઈને તેઓ આચાર્યદેવ પાસે આવ્યાં. સ્વજનોએ તેમના વતી આચાર્યદેવને આગ્રહ કર્યો. ત્યારે આચાર્ય ભગવંતે ચોમાસા પછી દીક્ષા આપવાનું સ્વીકાર્યું. ગજરાબહેન તો રાજીના રેડ !

ચોમાસું ઊતર્યે ગુરુભગવંતો વિહાર કરીને નવસારી પધાર્યા. માગશર વદિ છઠનું મુહૂર્ત નક્કી થયું હતું. ગજરાબહેનને દીક્ષાની એવી તો હોંશ જાગી હતી કે તેમણે પોતાના ખર્ચે, પોતાના પરમશ્રદ્ધેય શ્રીચિન્તામણિ પાર્શ્વનાથના દેરાસરે મહોત્સવ મંડાવ્યો. માગશર વદિ પાંચમે શાન્તિસ્નાત્ર હતું. તે દહાડે ગજરાબહેનને પરમાત્માની પૂજા કરતાં કરતાં એવો તો ભાવોલ્લાસ પ્રવર્ત્યો કે પોતાના ગળામાં પહેરેલો પાંચ તોલાનો સોનાનો હાર તેમણે કાઢીને પ્રભુજીના કંઠે આરોપી દીધો !

આરાધક આત્માને મન જિનેશ્વર દેવ જ પોતાનું સર્વસ્વ હોય. પરંતુ પ્રભુજીને પોતાનું સર્વસ્વ માનનારા પણ બધા આત્માઓ એવી નથી હોતા કે જેઓ પોતાની પાસે જે હોય તે, માત્ર ભાવોલ્લાસને વશ બનીને જ, પરમાત્માના ચરણોમાં ન્યોચ્છાવર કરી દે. એ કામ તો કોઈ વીરલાનું જં. ગજરાબહેન આવા વીરલા આરાધક હતાં, અને તેમણે આ પ્રસંગથી સિદ્ધ કરી બતાવ્યું હતું.

આ અગાઉ પણ તેમણે પોતાના પચાસ તોલાના ચાંદીના દાગીનામાંથી શ્રીનેમિનાથ પ્રભુની ચાંદીની પ્રતિમા ભરાવી શ્રીનવસારી સંઘને અર્પણ કરી હતી. કદમ્બગિરિ તીર્થમાં પણ એક દેરીનો લાભ લઈ તેમાં પોતાના તથા છગનભાઈના નામે પ્રભુ-પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો. અર્થાત્ પોતાની પાસે જે થોડીક મૂડી હતી, તેનો મહત્તમ વિનિયોગ તેમણે દીક્ષા પૂર્વે જ પરમાત્માની ભક્તિમાં કરી લીધો હતો.

અને તેમણે દીક્ષાના પૂર્વદિને સોનાનો કંઠો પરમાત્માની ચઢાવી દીધાની વાત જ્યારે મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજીએ જાણી, ત્યારે તેઓ મુનિ બની ગયા હોવા છતાં અનુમોદનાના હર્ષથી ડોલી ઊઠ્યા હતા. તેમના મોંમાંથી સહજ વચન સર્યું કે, "હું ગૃહસ્થ હતો ત્યારે પણ મારું જિગર ન ચાલ્યું, તે આ શ્રાવિકાએ હિંમત કરી બતાવી છે; ખરેખર તેમને ધન્ય છે કે ભગવાનની આવી ભક્તિ કરી."

વદિ ૬ ના ખૂબ ધામધૂમથી ગજરાબહેનની દીક્ષા થઈ. શાસનસમ્રાટ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજનાં આજ્ઞાવર્તિની સાધ્વી શ્રીગુણશ્રીજી મહારાજનાં શિષ્યા તરીકે સાધ્વી શ્રીસૂર્યપ્રભાશ્રીજીના નામે તેમને પ્રસ્થાપિત કરવામાં આવ્યાં.

તેમની વડીદીક્ષા ફાગણ શુદિ ત્રીજના દિને ગોધરા ગામે થઈ.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ મંદ, તેથી ખપજોગો અભ્યાસ અને સાધુજીવનની ચર્યા વગેરે તેમણે શીખી લીધું. પણ ભક્તિનો, વૈયાવચ્ચનો અને વિશ્રામણાનો ગુણ તેમણે સોળે કળાએ ખીલવ્યો. નાનાં - ભણતાં સાધ્વીઓની ભક્તિ કરવી, મોટાં તથા ગ્લાન - વૃદ્ધોની વૈયાવચ્ચ





કરવી, તથા મોટા સમુદાયમાં અવનવા પરિણત - અપરિણત જીવો હોય તેમની વિશ્રામણા કરવી, આ ત્રણ બાબતમાં તે સાધ્વીજી થોડા જ વખતમાં નિપુણ બની ગયાં. આ ગુણોને લીધે તેઓ સાધ્વીગણમાં એવાં તો માનીતાં અને આદરણીય બની ગયાં કે તેઓ જીવ્યાં ત્યાં સુધી નાના - મોટાં સૌએ માસી મહારાજ તરીકે અપનાવ્યાં અને તેમના વચનને માન્ય ગણ્યું. તેમણે પોતાનાં વડીલોનાં વેણને કદી ઉત્થાપ્યાં નહિ, તો તેમનાથી નાનાંઓએ અને વડીલોએ પણ તેમનાં વેણને પણ કદી ઉવેખ્યું નહિ.

તેઓનાં વડીલ ગુરુબહેન હતાં સાધ્વી શ્રીધરણેન્દ્રશ્રીજી. તેમને પાછલી ઉંમરે કેન્સરનો રાજરોગ થયો. તે એવો વકર્યો કે ગાંઠ ફૂટી જઈ ઘારામાં કીડા પડી જવાની હદે વિકૃતિ થઈ ગઈ. વ્યાધિ અસાધ્ય. વેદના અસહ્ય. લોહીના તો ફુવારા વહે. આવા ભયંકર વ્યાધિમાં નિયમિત ડ્રેસીંગ તથા ઉપચાર થાય તે અગત્યનું હતું. અને આ વિકટ અને જુગુપ્સાજનક કામ કરવું તે પણ કાચાપોચાના ગજા બહારનું હતું. કોણ સંભાળે ? આ વિકટ સમયે સૂર્યપ્રભાશ્રીજી આગળ આવ્યાં. તેમણે વડીલોની સંમતિ લઈને ડ્રેસીંગ સહિતની સમગ્ર સારવારનો હવાલો સંભાળી લીધો. અને પછી એક જ ગામ - વેજલપુર - માં રહીને સાત - સાત વર્ષ સુધી તેમણે તે ગ્લાન ગુરુબહેનની કરેલી સારવારનું વર્ણન તો તે પરિસ્થિતિને નજરે જોનાર જ કરી શકે. ન ઘૃણા, ન સૂગ, ન કંટાળો, ન ફરિયાદ. બસ એક જ વાત : મારાં મોટાં ગુરુબહેનને શાતા ઉપજવી જોઈએ, એમની વેદના ઘટવી જોઈએ, એમને સમાધિ રહેવી જોઈએ. તેમની આ વૈયાવચ્ચ - ક્ષમતા અજોડ હતી, એમ તેમનાં સહવર્તી સાધ્વીજીઓ તથા વેજલપુરના ગૃહસ્થો પાસેથી અનેકવાર સાંભળવા મળ્યું છે.

તેઓ તપશ્ચર્યામાં થોડા મંદ હતાં. પણ દીક્ષા લીધા પછી ગુરુજનોના સતત સહવાસને કારણે તેમનામાં તપનો ઉલ્લાસ વધતો ગયો. જેના પરિણામે, તેમણે માસક્ષમણ, સોળ ભથ્થું, અઠ્ઠાઈ, શ્રેણિતપ, સિદ્ધિતપ, ૫૦૦ અખંડ - સળંગ આંબેલ, કર્મસૂદનતપ ઇત્યાદિ વિવિધ તપો તો કર્યાં જ; વધુમાં વર્ધમાન તપની ૮૬ ઓળી પણ કરી. એમાં ૫૦૦ આંબેલના અંતિમ દિવસોમાં તો કસોટી થઈ. એક રાત્રે આંખે એકાએક મીઠો ઝામર ઊતરી આવ્યો, અને તત્કાલ ઓપરેશન કરવું પડ્યું. પણ તો પણ તેમણે આંબેલ તો ન જ છોડ્યાં; ઓપેરશનના દિવસે પણ કર્યું જ.

આમ, તપસ્વીજી મહારાજ જો પોતાના વિશિષ્ટ સામર્થ્ય પ્રમાણે આત્મસાધનામાં આગળ વધ્યા હતા, તો ગજરાબહેન એટલે કે સાધ્વી શ્રીસૂર્યપ્રભાશ્રીજી પણ પોતાની ક્ષમતાને અનુરૂપ આગળ વધી શક્યાં હતાં, અને એ રીતે જેમ ગૃહસ્થ અવસ્થામાં તેમ મુનિ અવસ્થામાં પણ બન્ને આત્માઓ, પરસ્પરના અતિશય નિર્લેપભાવે પણ, પરસ્પરના અનુરૂપ રીતે આત્મિક વિકાસ સાધવાને શક્તિમાન બન્યા હતા.

ॐ







## (૨૨)
# શિષ્યસંપદા, પદોન્નતિ, શાસનપ્રભાવના

આ બધી તો થઈ આંતરિક વિકાસની વાત.

હવે થોડીક તેમના - તપસ્વી મહારાજના બહિરંગ વિકાસની વાતો પણ જાણીએ.

મુનિજીવનમાં બહિરંગ વિકાસનાં ત્રણ સોપાન મુખ્ય ગણાય :

૧.શિષ્યો ૨. પદવી. ૩. શાસનની પ્રભાવનાનાં કાર્યો.

તપસ્વીજી મહારાજે આ ત્રણે સોપાનો લેશ પણ આયાસ વિના અને તદ્દન સહજ ભાવે સર કરી લીધાં. ક્રમશઃ એકેક વાત જોઈએ.

તેમના સંસારપક્ષે મોટા ભાઈ નાનચંદ ફકીરચંદ. તેમને સાત દીકરા : મગનભાઈ, અમરચંદ, માણેકચંદ, ગુલાબચંદ, નેમચંદ, ધરમચંદ, ઠાકોરભાઈ. નાનચંદભાઈનું આખું કુટુંબ નવસારીમાં સ્થાયી થઈ ગયેલું.

વિ. સં. ૨૦૧૦નું વર્ષ. એ વર્ષે ચોમાસા માટે પૂજ્યપાદ શ્રીવિજયવિજ્ઞાનસૂરિજી તથા પૂજ્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજી મહારાજ પોતાના સમુદાય સાથે સૂરત - ગોપીપુરાના ઉપાશ્રયે પધારેલા. આ ચોમાસા દરમ્યાન સુરેન્દ્રનગરના એક મુમુક્ષુ ભાઈ પૂજ્યોના સમાગમમાં આવ્યા અને તેમને દીક્ષા લેવાના ભાવ થયા. ચોમાસા પછી સારા મુહૂર્તે અને સારી રીતે તેમની દીક્ષા થવાની વાત પણ વહેતી થઈ.

યોગાનુયોગ, નાનચંદભાઈના સૌથી નાના - સાતમા પુત્ર ઠાકોરભાઈ, જેઓ નિશાળમાં ભણતા અને સત્તરેક વર્ષની વય હતી, તેઓ પૂજ્ય વિજ્ઞાનસૂરિજી મહારાજના સમાગમમાં આવી ગયા, અને તેમને પણ દીક્ષાનો ભાવ જાગ્યો. આચાર્યદેવે તેમનું હીર પારખી લીધેલું, તેથી તેઓ તેમને માટે પૂરતી કાળજી લેવા માંડ્યા. ઠાકોરભાઈ પણ દર શનિવારે સ્કૂલનું દફતર ઘેર મૂકીને નવસારીથી સૂરત ચાલ્યા આવે, તે સોમવારે પાછા જાય. બે દહાડા આચાર્યદેવનો ભરપેટ સત્સંગ કરે, અને દીક્ષાની વાત ચોક્કસરૂપે આગળ વધે.

આમ તો તેમની વાત જાહેર કરવાની ન હતી. પણ સાધુના વધુ પડતા સમાગમમાં આવેલા છોકરાની વાત ક્યાં સુધી છાની રહે ? અન્ય સાધુઓ અને પછી પેલા દીક્ષાર્થી ભાઈ સુધી ઠાકોરભાઈની વાત પહોંચી ગઈ. તે ભાઈની દીક્ષા ચોમાસું ઊતર્યે નક્કી હતી. તેમને એ પણ ખ્યાલ હતો કે ઠાકોરભાઈને લેવી હશે તો પણ તેમના ઘેરથી રજા મળે તેમ નથી. એટલે તે ભાઈએ ઠાકોરભાઈની મશ્કરી કરવાની શરૂ કરી. જ્યારે બેય જણા મળે ત્યારે પેલા અંગૂઠો દેખાડીને કહે, તમે રહી જવાના, હું લઈ લેવાનો. ઠાકોરભાઈએ આ વાત આચાર્યદેવને કરતાં તેમણે ધીરજ ધરવા સમજાવ્યા અને દીક્ષા માટે વધુ ને વધુ મક્કમતા સીંચવા માંડી.

પછી તો એ હંમેશનો સિલસિલો થઈ ગયો કે પેલા ભાઈ મશ્કરી કર્યા કરે અને ઠાકોરભાઈ તેને





હસી કાઢે. આમ કરતાં ચોમાસું પૂરું થયું, અને પેલા મિત્રની દીક્ષાનો દિવસ નજીક આવ્યો. જેમ દિવસ નજીક આવતો ગયો, તેમ તે મિત્ર ઠાકોરભાઈને ઊતારી પાડવાની હદ સુધી મશ્કરી કરતા ગયા. છેક દીક્ષાના આગલા દિવસ સુધી એ ક્રમ ચાલુ રહ્યો.

આ બાજુ ઠાકોરભાઈ અને આચાર્યદેવ વચ્ચે સંતલસ થઈ ચૂકી હતી. ઘેરથી દીક્ષાની રજા મળવાની નથી અને કોઈ કાળે કોઈ પોતાને દીક્ષા લેવા દેવાનું નથી, તેની પાકી ખાતરી હતી. તો બીજી બાજુ આચાર્યદેવનું સિંચન એવું જડબેસલાક હતું કે દીક્ષા વિના હવે ઘડી પણ રહેવાનું ઠાકોરભાઈ માટે મુશ્કેલ હતું. એમાં પેલા ભાઈની અસહ્ય મશ્કરીઓ તો ચાલુ જ હતી, અને તેનો જડબાંતોડ જવાબ આપવાનો બાકી જ હતો. ઠાકોરભાઈએ આચાર્યદેવને કહ્યું કે કાલે સવારે આ ભાઈનો વરઘોડો ચડે ત્યારે મને દીક્ષા આપી દો. હવે હું નહિ રહી શકું. આચાર્યદેવે તો ક્યારનુંય પાણી માપી લાધેલું. તેમણે તે વાત સ્વીકારી લીધી, અને બીજા દિવસે જ્યારે પેલા દીક્ષાર્થી બંધુનો વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો, ત્યારે ઉપાશ્રયના એકાંત ખૂણે આચાર્યદેવ ઠાકોરભાઈને દીક્ષા આપી દીધી, અને તપસ્વીજી મહારાજના શિષ્ય તરીકે મુનિ શ્રીપ્રબોધચન્દ્રવિજયજી તરીકે સ્થાપી દીધા.

એ કાર્ય પૂરું થાય ત્યાં જ વર્ષીદાનનો વરઘોડો આવી પહોંચ્યો, એટલે આચાર્યદેવ નવદીક્ષિતને લઈને મંડપમાં પધાર્યા. નવદીક્ષિત અન્ય મુનિઓની સાથે પાટ ઉપર બેઠા. પેલા દીક્ષાર્થી ભાઈ તો પોતાનો વટ છેલ્લે પ્રદર્શિત કરવા અને 'કેમ રહી ગયા ને ?' એવું કહી દેવા માટે જાજમ ઉપર ઉપસ્થિત મેદનીમાં ઠાકોરભાઈને શોધી રહ્યા હતા. એમના હાવભાવ કળી જઈને આચાર્યદેવે એમને હસતાં હસતાં કહ્યું : "તું જેને શોધે છે એ તો આ બેઠો પાટ ઉપર." અને તેમને મુંડેલ મસ્તકવાળા મુનિવેષમાં જોતાં જ એ ભાઈ લેવાઈ ગયા. એમને થયું કે હું વરઘોડાના મોહમાં ફસાયો, બોલતો રહ્યો, અને આણે તો ચૂપચાપ કરી દેખાડ્યું !


એ ભાઈ પણ દીક્ષા પછી મુનિ શ્રીપ્રમોદચન્દ્રવિજયજી થયા, અને પછી તો બન્ને સહાધ્યાયી મિત્ર બની રહ્યા.

તપસ્વીજી મહારાજના આ સંસારી ભત્રીજા ઠાકોરભાઈ તે તેમના પ્રથમ શિષ્ય. તેમણે જીવનભર તપસ્વીજી મહારાજની સેવા - શુશ્રૂષા તથા વૈયાવચ્ચ ખડે પગે કરી અને તેઓની આરાધનામાં સદાય સહાયક બની રહ્યા. હાલ તેઓ આચાર્ય શ્રીપ્રબોધચન્દ્રસૂરિજી તરીકે વિચરી રહ્યા છે.

આ સિવાય અન્ય પણ બે - ત્રણ શિષ્યો તથા ચાર - પાંચ પ્રશિષ્યોનો પરિવાર તપસ્વીજી મહારાજને પ્રાપ્ત થયો હતો.

આ પછી આવી પદવીની વાત.

વિ. સં. ૨૦૧૩નું ચાર્તુમાસ આચાર્ય ભગવંતો પૂનામાં બિરાજેલા. ત્યાં ચાતુર્માસ દરમ્યાન અન્ય મુનિવરો જોડે તપસ્વીજી મહારાજને પણ શ્રીભગવતીસત્રના જોગમાં પ્રવેશ કરાવ્યો. ચાતુર્માસ બાદ ગણિપદ અર્પણ કરવામાં આવ્યું. ત્યાર બાદ તે જ વર્ષમાં અષાડ શુદિ ૧૦ના દિને, મુંબઈમાં શ્રીનમિનાથજી જૈન ઉપાશ્રયમાં તેમને પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા.





સં. ૨૦૨૪માં સૂરતમાં પૂજ્ય ગુરુજી શ્રીવિજયકસ્તૂરસૂરિજી મહારાજે તેમને ઉપાધ્યાય પદ પ્રદાન કર્યું.

ત્યારબાદ વિ. સં. ૨૦૨૮ના માગશર શુદિ બીજે, પરમપૂજ્ય સંઘનાયક આચાર્ય શ્રીવિજય-નંદનસૂરિજી મહારાજના નિર્દેશથી, સૂરતમાં બિરાજતા પૂ. આ. દેવ શ્રીમાણિક્યસાગરસૂરિજીના હસ્તે તપસ્વીજી મહારાજને આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા.

મજાની વાત તો એ છે કે તપસ્વીજી મહારાજ પોતે કોઈ મોટા વ્યાખ્યાનકર્તા નહોતા. પ્રસિદ્ધ લેખક કે પ્રખર વક્તા નહોતા. તેમણે પોતાના જીવનમાં વ્યાખ્યાન આપ્યું હશે કે કેમ તે જ સવાલ છે. તેમની પાસે તો એક જ વાત હતી : મૌન અને તપારાધના. ન કોઈ આડંબર, ન કોઈ ઠઠારો. ન પ્રસિદ્ધિની ભૂખ કે ન ભક્તોની ભીડ. પોતે ભલા ને પોતાની સાધનાની મસ્તી ભલી.

આ ભૂમિકા જોતાં આચાર્યપદવી પોતાને મળે તેવી તેમના મનમાં કલ્પના પણ ન હોય. મેળવવાનો પ્રયાસ - પ્રપંચ તો હોય જ શાનો ? આત્મક્રીડ - આત્મામાં જ રમમાણ વ્યક્તિ પરત્વે આવી કલ્પના પણ તેમને અન્યાય કરવારૂપ બની રહે. અરે, કોઈક તો એવું પણ વિચરતું કે ઉચ્ચારતું હોય કે "એ તો તપસ્વી છે, તપ કર્યા કરે; એમને પદવી આપવાથી શું ?"

પણ કુદરતનો ક્રમ છે કે ' ન માગે દોડતું આવે.' જે અનાસક્ત છે તેને પદવી જેવી ચીજો સામેથી શોધતી આવે છે, અને વળી આગમચ જાણ કર્યા વિના જ આવી પહોંચે છે. તપસ્વીજી મહારાજ માટે આવું જ બનેલું. તેમને સ્વપ્નમાં પણ કલ્પના નહિ, અને અચાનક પાલીતાણાથી આચાર્ય ભગવંતનો આદેશ આવ્યો, અને પદવી થઈ.

પણ પદવી થયા પછી એમની આભા, એમનો પ્રભાવ અને એમનું તપતેજ - બધું એવું તો નિખર્યું કે આચાર્યપદવીને શોભાવી જાણનારા ગણ્યા ગાંઠ્યા પૂજ્યોમાં તેમનું નામ આપોઆપ જ ઉમેરાઈ ગયું. સંતકબીરે ગાયું છે કે -

"જહાં જ્ઞાની તહાં ગડબડા, જહાં પંડિત તહાં વાદ
જહાં તપસી તહાં તેજ હૈ, જહાં શાંતિ તહાં સ્વાદ"

પાછલાં વર્ષોમાં શાંતિ અને તપની તેજમૂર્તિ - સમા તપસ્વીજી મહારાજને જેમણે નિકટતાથી, બાહ્ય - સ્થૂલ વાતાવરણના કોચલાને ભેદીને નિહાળ્યા છે, તેમને ઉપરની પંક્તિની ઝાંખી અવશ્ય થઈ હશે.

અને છેલ્લે આવે શાસનપ્રભાવના.

'શાસનપ્રભાવના' શબ્દ આજે આપણે ત્યાં 'સંઘ, ઉજમણાં, ઉપધાન, પ્રતિષ્ઠા, અંજનશલાકા, જિનમંદિરાદિનું નિર્માણ તથા જીર્ણોદ્ધાર, લોકસમૂહને આકર્ષવાની ક્ષમતા' ઇત્યાદિ કાર્યોના અર્થમાં પ્રયોજાય છે. આવી શાસનપ્રભાવના તેઓના હસ્તે, ઉપદેશથી તથા સાંનિધ્યમાં અઢળક થઈ છે. તેમના મૌન અને નિરાડંબર વ્યક્તિત્વમાં એક અકળ જાદુ હતો કે જેના લીધે ગ્રામ્ય પ્રદેશની ભાવિક જનતા પોતાનાં ધર્મકાર્યોમાં તેઓનું સાંનિધ્ય વિશેષે ઝંખતી. તપસ્વીજી





મહારાજના જીવનનો છેલ્લો દાયકો સૂરત - નવસારી અને મુખ્યત્વે બનાસકાંઠાનાં ક્ષેત્રોમાં પસાર થયો. આ પ્રદેશમાં તેઓ ખૂબ વિચર્યા. પગે વાની તકલીફને કારણે ૯૦મા વર્ષે જ્યારે પોતે ચાલવાને અશક્ત બન્યા, ત્યારે ડોળીનો ઉપયોગ પણ તેમણે અહીં જ સ્વીકાર્યો.

જો કે ડોળી માટે પોતાનું જરા પણ મન નહિ. પરંતુ તેમણે પાછલાં વર્ષોમાં પોતાનું મન મહદંશે સંકેલી લીધું હતું, અને પોતાના શિષ્ય આ. શ્રીપ્રબોધચન્દ્રસૂરિજી નક્કી કરે તે રીતે પ્રેમપૂર્વક વર્તવાનું તેમણે સ્વીકાર્યું હતું. આથી તેમનો આગ્રહ વિશેષ થવાથી તેમણે ડોળીનો ઉપયોગ સ્વીકાર્યો અને ધર્મકાર્યોમાં લોકોને લાભ આપ્યો.

તેમના જીવનની આ એક નોંધપાત્ર વિશેષતા હતી. ક્યાંય કદી પોતાનો આગ્રહ કે મમત નહિ, ક્યાંય જીભાજોડી નહિ. પોતાના મનને પ્રતિકૂળ લાગતી વાત પણ મૌનભાવે તથા કોઈ જાતના ક્લેશ વિના સ્વીકારવી, અને જે સ્થિતિ આવે તેમાં સંતોષ માનવો.

એક જ વાતમાં તેઓને બાંધછોડ ન પાલવતી : પોતાના તપ - જપ - ક્રિયા - સંયમની સાધનામાં. એમાં ગરબડ કે ફેરફાર થાય તો તેઓ ચાલવી ન લેતા. બાકી બધું ઉંમર તથા દેશ-કાળને આધીન યોગ્યાયોગ્યનો વિવેક કરી સ્વીકારવામાં તેઓ નાનમ ન અનુભવતા.

(૨૩)

# નિરુપાધિક જીવનનો સમાધિમય અંત

જીવન મરણધર્મા છે. શરીર ક્ષણભંગુર છે. આયુષ્યના પડિયામાં કઈ ક્ષણે કાણું પડશે તે અકળ છે. પ્રત્યેક નામદાર છેવટે તો નાદાર જ થવાનો.

આ સનાતન સત્યનું પ્રતિપાદન શ્રીહેમચન્દ્રાચાર્યે પોતાની આગવી અને મર્મસ્પર્શી શૈલીમાં આ રીતે કર્યું છે.


यत् प्रातस्तन्न मध्याह्ने यन्मध्याह्ने न तन्निशि ।
निरीक्ष्यते भवेऽत्रैव, पदार्थानामनित्यता ।

અર્થાત્ - "જે સવારે તે ન સાંજે, જે સાંજે તે ન રાત્રિએ,
દીસંતું જગમાં સંધું, રે ! કેવું છે અનિત્ય આ !"

અને બધું જ - જીવન પણ - અનિત્ય છે, ક્ષણિક છે, નાશવંત છે, તેથી જ વિવેકી જીવ પોતાનું જીવન, પોતાના મૃત્યુને સમાધિમય બનાવે તેવું - સમાધિપૂર્ણ - જીવવાનો સતત સભાન ઉદ્યમ કરતો રહે છે.

વિજ્ઞાન અથવા સાહિત્ય અથવા દુન્યવી વ્યવહારમાં જીવનનું મૂલ્ય ભલે મોટું અંકાતું હોય પણ તત્ત્વજ્ઞાન અને ધર્મના ક્ષેત્રમાં તો મૃત્યુની જ કિંમત અદકેરી આંકવામાં આવે છે. જો મૃત્યુ /







ક્ષય ન હોત તો તત્ત્વજ્ઞાન કે અધ્યાત્મનો આવિર્ભાવ જ જગતમાં ન થયો હોત, એમ કહી શકાય. ''એક મનુષ્યની મૃત્યુક્ષણ કેવી હતી તે મને કહો, તો હું તેનું જીવન કેવું હશે તેનો નકશો દોરી આપું.'' - એવું કોઈ કહે તો તેમાં તે અત્યુક્તિ નથી કરતો હોતો. શાંત જીવન, તો મૃત્યુ સમાધિમય; ઉપાધિઘેર્યું જીવન, તો મૃત્યુ પીડામય; - આ સાવ સાદું ગણિત જેને પાકું આવડી ગયું છે, તે વ્યક્તિની એક જ જીવન - ઝંખના હોવાની : સમાધિ મૃત્યુની.

જૈન દર્શનમાં આ ગણિત શીખવાની અને પાકું કરવાની મજાની સગવડ છે. અહીં પ્રત્યેક જૈને ભગવાન સમક્ષ કરવાની પ્રાર્થનામાં બે વસ્તુની યાચના કરવાનું ખાસ શીખવવામાં આવે છે : સમાધિ અને સમાધિમરણ. અર્થાત્ ''ભગવંત ! તારી કરુણા મારા પર અવતરો, જેથી મને (જીવનભર) સમાધિ અને અંતસમયે સમાધિમય મૃત્યુ પણ મળે !''

પોતાના ઈષ્ટદેવ પાસે બીજું ઘણું બધું માગવાની વાત તો બધે જ આવે છે, પણ 'મૃત્યુ'ની માગણી કરવાની વાત એ જૈન દર્શનની આગવી લાક્ષણિક્તા છે. આ દર્શનના તત્ત્વજ્ઞોનો સ્પષ્ટ ખ્યાલ છે કે જીવન - શુદ્ધિ જાળવી જેણે તેને જ મંગલ મૃત્યુ મળે. અને મંગલ મૃત્યુ મળે તેનું આગામી જીવન શુદ્ધ અને ઉન્નત જ હોય.

આપણા ચરિત્રનાયક શ્રીતપસ્વીજી મહારાજ સમાધિમય જીવન અને સમાધિમય મૃત્યુની પ્રાર્થના પરંપરાગત રીતે તથા શબ્દોમાં તો હમેશાં કરતા હતા. પરંતુ તેથી એક ડગલું આગળ, પોતાની પૂર્વાવસ્થામાં તેઓ છગનભાઈ હતા ત્યારે, એક મુનિરાજે એક અપૂર્વ આરાધના કરાવેલી : સમાધિમરણના અઠ્ઠમની. ઘણું કરીને વિ. સં. ૧૯૮૯ના ચાતુર્માસમાં, સૂરતમાં બિરાજમાન શ્રીજયાનંદ વિજયજી મહારાજે સંઘમાં સામુદાયિક રૂપે આ આરાધના કરાવી હતી. એ આરાધના કરનારે માત્ર એકજ મનોરથ કેળવવાનો હતો કે જ્યારે પણ મૃત્યુની વેળા આવે ત્યારે મને સમાધિમૃત્યુ મળે. એમાં અઠ્ઠમ કરીને ત્રણ દિવસ દરમ્યાન શ્રીજિનમંદિરમાં અમુક ચોક્કસ પદનો ચોક્કસ સંખ્યામાં જપ કરવાનો હોય છે. આ અઠ્ઠમની આરાધનામાં છગનભાઈ સમાધિમરણની ઉત્કટ પરિણતિ સાથે જોડાયેલા, તેવી તેમની નોંધ મળે છે. સમાધિમૃત્યુની એક ખૂબી એ છે કે સમ્યક્ત્વવંત અને હળુકર્મી આત્માને જ મળે, અન્યને નહિ. હવે જો આ રીતે ઉત્કટ મનોરથ અને ભાવોલ્લાસ સાથે અઠ્ઠમની ક્રિયા કરવાથી સમાધિમૃત્યુ જ નહિ, પણ તેની સાથે સાથે સમ્યક્ત્વની છાપ પણ મળી જતી હોય તો તે મેળવવાનો અવસર છગનભાઈ જેવા સુપાત્ર આત્મા કેમ ચૂકે ? એમણે એ આરાધના ખૂબ હોંશભેર કરી; અને પોતાનું સમાધિમૃત્યુ જાણે કે રિઝર્વ કે એડવાન્સ બુક કરાવી લીધું !

અઠ્ઠાવન વર્ષ અગાઉ કરેલી આ આરાધના ફળીભૂત થવાનો અવસર હવે નજીક આવી રહ્યો હતો. જીવનસંધ્યાના આંગણે આવી ઊભેલા ૯૨ વર્ષના તપસ્વીજી મહારાજની તપઃપૂત કાયા હવે પોતાના સડન- પડન - વિધ્વંસન સ્વભાવને પુરવાર કરવા માટે જ હોય તેમ ખખડવા લાગી હતી. આમ તો એક જ વાર આહાર ને એક વાર નીહાર, આ નિયમ વર્ષોનો અખંડ હતો. એથી આહાર - વિહારની અનિયમિતતાને કારણે થાય તેવા કોઈ દોષને અહીં અવકાશ જ નહોતો. હવે તો આયુષ્ય-કર્મની અપેક્ષાએ કર્મોના નિયમને આધીન જે કાંઈ ગરબડ થવાની હોય તેટલો જ અવકાશ રહેલો. અને કર્મ તથા કાળ કોની શરમ ભરે છે ?





સં. ૨૦૪૭ના વર્ષે મેમદપુરથી જીરાવલાજી તીર્થનો છ'રી પાલક સંઘ તેઓશ્રીની નિશ્રામાં નીકળ્યો. જીરાવલાજીની યાત્રા પછી પોતાને રાણકપુરજીના દર્શનનો અભિલાષ થતાં સપરિવાર તે તરફ પધાર્યા. ત્યાં રાણકપુર ઉપરાંત મૂછાળા મહાવીર, વરકાણા, બ્રાહ્મણવાડા ઈત્યાદિ લગભગ બધાં મુખ્ય તીર્થોની સ્પર્શના કરી માલવાડા આવ્યા. ત્યાંથી ભીલડીયાજી અને પછી પાલડી, વાવ, થરાદનાં ક્ષેત્રોમાં વિહરતાં ફાગણમાં ભોરોલ તીર્થે પહોંચ્યા. ત્યાં યાત્રા તો સરસ થઈ, પણ ત્યાં ફા. વ. ૮ના એકાએક તબિયત લથડી ગઈ. ડોક્ટરની દોડધામ થઈ ગઈ. બધાની સલાહ પડી કે (પેટનું) ઓપરેશન અનિવાર્ય છે માટે ડીસા કે પાલનપુર ખસેડો. ડોક્ટરોની સલાહ ને સંઘોનો આગ્રહ તેમજ તબિયતની ગંભીરતા - આ બધાંને આધારે તેઓશ્રીને તાબડતોડ પાલનપુર લઈ જવામાં આવ્યા. પોતાની સખ્ત નામરજી અને નારાજગી છતાં, ત્યાં મહાજનની હોસ્પિટલના નિષ્ણાત દાક્તરોએ ઘનિષ્ઠ સારવાર તો આરંભી, પણ ૯૨ની જૈફ વય, લોહીનું અલ્પ પ્રમાણ અને કમજોરી - આ બધાં લક્ષણોને લક્ષમાં લઈ ઠરાવ્યું કે આ તબક્કે ઓપેરશન કરી ન શકાય. બાહ્ય જે થઈ શકે તે ઉપચાર કરવા. અને તે પ્રમાણે ડોક્ટરોએ ઉપચારો આરંભી પણ દીધા. પેટની - આંતરડાંની બીમારી હતી. એટલે મોઢામાં - પેટમાં આહાર - પાણી ઓછાં જાય તે આવશ્યક હતું. તપસ્વી મહારાજને તો આ 'ભાવતું'તું ને ડોક્ટરે કહ્યું' જેવું બન્યું. તેમણે તે સ્થિતિમાં દવાખાનામાં પાંચ દિવસ ચોવિહાર ઉપવાસ ખેંચી કાઢ્યા. ડોક્ટરોને બાહ્ય સારવાર દરમ્યાન ખ્યાલ આવ્યો કે મળશુદ્ધિ થઈ શકે તો કદાચ બાજી સુધરે. તેમણે એનીમાનો પ્રયોગ કર્યો. અને તેનું પરિણામ એવું સરસ આવ્યું કે તબિયત પાછી સારી થઈ ગઈ. તપસ્વી મહારાજ ભયમુક્ત થઈને ઉપાશ્રયે આવી ગયા.

પરંતુ આ તકલીફ ઉંમરજન્ય હતી, એટલે હવે સતત સાવધાની તો રાખવાની જ હતી, અને તે રખાઈ પણ ખરી. તેના પહેલાં પગલાંરૂપે તપસ્વીજી મહારાજે ૧૦૨૪ એકાંતર ઉપવાસની સહસ્રકૂટ તપની આરાધના થોડા વખત અગાઉ આરંભેલી, તે ઉપર પૂર્ણવિરામ મૂકવો પડ્યો. જો કે તે છતાં એકાસણાં અને પાંચમ - અગ્યારસ - ચૌદશ વગેરેના ઉપવાસ તો ચાલુ જ રહ્યા. માત્ર મોટી તપશ્ચર્યા ઉપર પ્રતિબંધ આવ્યો.

વૈશાખમાં બીજીવાર સ્વાસ્થ્ય કથળ્યું. વળી હોસ્પિટલમાં લઈ જવા પડ્યા. પૂર્વવત્ ઉપચારથી સાજા થયા. પરંતુ શારીરિક ક્ષીણતા વધી ગઈ. ચોમાસાનો અવસર થતાં તે માટે વિહાર કર્યો. માર્ગમાં આરખી ગામે ત્રીજી વાર તબિયત બગાડી. વળી ત્યાં ડોક્ટરોની સારવાર મળી રહેતાં સ્વસ્થતા પ્રાપ્ત થઈ.

એ પછી ચોમાસું પાંથાવાડા કર્યું. ચોમાસું અને ત્યાર પછીનાં ઉપધાન, જીરાવલાજી તીર્થનો પદયાત્રા - સંઘ વગેરે કાર્યો નિર્વિઘ્ને અને પ્રભાવક રૂપે થયાં. તબિયતને કાંઈ આંચ ન આવી. જીરાવલાજીથી દાંતીવાડા, સલ્લા વગેરે ક્ષેત્રોમાં ધર્મપ્રભાવક કાર્યો કરાવતાં કરાવતાં છાપીથી નીકળનાર યાત્રા - સંઘને આશીર્વચન આપવા તે તરફ આગળ તો વધ્યા, પણ માર્ગમાં કાણોદર ગામે એકાએક તબિયતે ઉથલો ખાધો. પ્રાથમિક સારવાર તત્કાલ મળી ગઈ અને તેથી રાહત પણ મળી જતાં વિહાર કરી ડૉક્ટરોની સલાહ મુજબ પાલનપુર આવ્યા, અને ત્યાં મહાજનના દવાખાને દાખલ કરવામાં આવ્યા.





દર વખત કરતાં આ વખતની માંદગીનું સ્વરૂપ જરા જુદું - વધુ ગંભીર હતું. ડોક્ટરો સતત સતર્ક રહીને ચાંપતી સારવાર આપ્યે જ ગયા. પરિણામે પોષ વદ ૮થી મહા સુદ ૮ના ગાળામાં અનેક ચડઊતર આવી. આ અવસ્થામાં પણ તેમણે એકાસણાં તો ન જ મૂક્યાં.

મહા સુદિ આઠમથી સ્થિતિ ગંભીર બની. સકળ સંઘ તથા અન્યાન્ય ગામોના સેંકડો ભાવિકોનો પ્રવાહ દવાખાના તરફ વહેવા માંડ્યો. સૌની એક જ કામના હોય : મહારાજજી સાજા થાય. ડોક્ટરો પણ તે રીતે પોતાનાથી બનતી શ્રેષ્ઠ સારવારમાં વ્યસ્ત હતા. તો સામે આચાર્યશ્રી પ્રબોધચન્દ્રસૂરિજી પણ સાવધાન હતા. તેમને લાગ્યું કે પરિસ્થિત વળાંક લેવા માંડી છે, તે સાથે જ તેમણે નવકારમંત્ર સહિત ધર્મશ્રવણરૂપ નિર્યામણા ચાલુ કરી દીધી. તપસ્વી મહારાજને એ બહુ ગમ્યું. શ્રાવક વર્ગ પોતાની રીતે ત્યાં જ જીવદયા આદિ સુકૃતમાં ધનવ્યયના તથા અનેક આત્માઓ તપ - જપ - સ્વાધ્યાય આદિના સંકલ્પો પ્રગટ કરવા લાગ્યા. તપસ્વી મહારાજ ગ્લાન હતા પણ મ્લાન કે બેભાન નહોતા. એમના વદન પર આરાધનાના શ્રવણને લીધે નવી જ સુરખી વર્તાવા લાગી. તેઓ સમજી ગયા કે હવે મારા પ્રસ્થાનની વેળા આવી લાગી છે. એ સાથે જ તેઓ સચેત બની ગયા. આરાધના તો રાતે પણ અખંડ શરૂ જ રહી.

મહા સુદ ૯-૧૦માં ભેગાં હતાં. તે દિવસે સવારે પ્રતિક્રમણ થયું ત્યારે તપસ્વીજી મહારાજે મનોમન ચોવિહાર ઉપવાસ ધારી લીધો. પચ્ચક્ખાણ પારવા વખતે સાધુઓએ પરાવવાનું કહ્યું ત્યારે તેમણે જાહેર કર્યું કે આજે ચોવિહાર છે. હવે કોણ શું બોલે ? પણ સહુને તેમના આરાધકભાવની અને આંતરિક જાગૃતિની તે પ્રતીતિ તો થઈ જ ગઈ. એ આખો દિવસ તબિયતમાં ઉથલા-ચડઊતર આવતા રહ્યા. ડોક્ટરોના બાહ્યોપચાર ચાલુ રહ્યા, અને સાથે સાથે નિર્યામણા પણ અખંડ ચાલ્યા જ કરી.

અગ્યારસની સવાર પડી. આજે પણ પ્રતિક્રમણમાં જ તેમણે ચોવિહાર ઉપવાસ લઈ લીધો. છઠ્ઠ થયો. કદાચ તેમને ભાસી ગયું હશે અને તેથી આખા ભવની પ્રીત જેની સાથે જોડી તે તપશ્ચર્યાને આ ભવના છેલ્લા જુહાર કરી લેવા અને આવતા ભવમાં પાછા મળવાનો સંકેત આપવાની ગણતરી હશે, તેથી જાણે તેમણે હવે જીવન છે ત્યાં સુધી અનશન કરવાનો માનસિક સંકલ્પ કર્યો હોય ! ગમે તેમ, પણ ગંભીર અને જીવલેણ સ્થિતિમાં પણ તેમની આ તપોવૃત્તિથી દાક્તરો હેરાન હતા, તો સકલ સંઘ તાજ્જુબ હતો !

મિનિટો વહેતી હતી. સ્વસ્થતા લબુક ઝબુક થતી હતી. નવકારમંત્રની ધૂન અખંડ પ્રવર્તતી હતી. પોતે બિલકુલ સભાન હતા. બરાબર સવા બાર વાગે તેઓશ્રીએ સૌને વેલાસર આહારાદિ પતાવી લેવાની સંજ્ઞા કરી. તેનો અમલ પણ થયો. ઘડિયાળનો કાંટો આગળ વધ્યો અને થોડી જ વારમાં ૧૨-૩૫ ઉપર પહોંચ્યો. પૂરા સભાન દેખાતા છતાં તપસ્વી મહારાજની હવે આ છેલ્લી ક્ષણો છે તેવું આરાધના કરાવવા ટોળે વળેલા સૌ કોઈને સહજ સમજાઈ ગયેલું. એટલે આરાધનાનો વેગ વધતો ગયો. બરાબર ૧૨ ને ૩૯ મિનિટે તપસ્વી મહારાજે પોતાનો હાથ ઊંચો કર્યો. જાણે બધાને 'આવજો, હું જાઉં છું' એમ કહેતા હોય ! અને એ સાથે જ તેઓના તપપૂત આત્માએ તપથી ભાવિત એવા દેહનો ત્યાગ કરી પરલોકે પ્રયાણ કરી દીધું !



સં. ૧૯૮૯માં કરેલી સમાધિમરણની આરાધના આજે ફળી.

સૌના મુખમાં એક જ વાત હતી : ધન્ય તપસ્વી ! ધન્ય મૃત્યુ !

આ પછી તેઓના પાર્થિવ દેહને જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરીશ્વરજી ઉપાશ્રયમાં લાવીને ઉચિત વિધિપૂર્વક પધરાવવામાં આવ્યો. ગામ - પરગામથી હજારો ભાવિકો તેમના અંતિમ દર્શન કાજે ઉમટી પડ્યા. શ્રીસંઘે ભવ્ય જરિયાન પાલખીનું નિર્માણ કર્યું. તેમાં મહા શુદિ ૧૨ના દિને શુભ ચોઘડિયે તપસ્વીજી મહારાજની કાયાને પધરાવી. પછી જય જય નંદા જય જય ભદ્દાના જયનાદ સાથે અંતિમ યાત્રા આરંભાઈ. ઉછામણીઓ સારી થઈ. જીવદયાની ટીપ મોટી થઈ. અનુકંપાદાન શ્રાવકોએ મન મૂકીને કર્યું.

અંતિમ યાત્રા શહેરના રાજમાર્ગો પર ફરીને છેવટે ગામ બહારની અંબિકાનગર સોસાયટીના મધ્ય ભાગમાં આવી. મહેમદપુરવાસી કમલેશભાઈ તથા મહેશભાઈ બી. સોમાણીએ તપસ્વી મહારાજ પ્રત્યેના બહુમાનથી પ્રેરાઈને, ત્યાં પોતાના બંગલો બનાવવા માટે રાખેલી ખુલ્લી જમીન અંતિમ વિધિ કરવા માટે અને પછી ત્યાં તપસ્વી મહારાજનું સ્મારક બનાવવા માટે તે જ દિવસે ભેટ આપી દીધી. તે જગ્યામાં, સકલ સંઘના હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં તપસ્વીજી મહારાજનાં સંસારી ભત્રીજા શ્રીનેમચંદભાઈના પરિવારના- કુસુમબેન નેમચંદ તથા સતીશ નેમચંદ તથા સિદ્ધાર્થકુમાર સતીશભાઈએ ઊંચી બોલી બોલવાપૂર્વક, રડતે હૈયે અને આંસુભીની આંખે તપસ્વીજી મહારાજના નશ્વર દેહનો વિધિવત્ અંતિમ સંસ્કાર કર્યો, ત્યારે ત્યાં ઉપસ્થિત રહેલી વિશાળ મેદનીની આંખો આંસુભીની હતી, ચહેરા ગમગીન હતા, અને હૈયાં અનુમોદનાના ભાવથી છલકાતાં હતાં.

## (૨૪)
# થોડુંક અંગત

તપસ્વીજી મહારાજનું જીવનચરિત્ર અહીં પૂર્ણ થાય છે.

આપણા સમયના એક અજોડ એક મહાન તપોમૂર્તિ સાધુપુરુષનું ચરિત્ર આલેખવાની તક મળી તેનો અપાર આનંદ છે. જેનું ચરિત્ર લખવું ગમે એવાં જીવન કેટલાં ? એ પ્રશ્નનો ઉત્તર જડવો દુર્લભ બન્યો છે ત્યારે એક, બાહ્યાંતર ગુણોથી સમૃદ્ધ, સુરેખ- સૌમ્ય અને નિર્મલ એવા જીવનનો આલેખનનો અવસર મળવો એ પણ પુણ્યોદય ગણાય. તેથી જ, આ ચરિત્રલેખનમાં જે ક્ષણો વીતી, તે સ્વર્ગીય આનંદની આસ્વાદક્ષણો હતી, એમ કહેતાં સંકોચ નથી થતો.



આ ચરિત્રાલેખન અત્યુક્તિથી બચે તેની પૂરી ચીવટ સેવી છે. ગુણવંત અને તે પણ ઉપકારી હોય તે તેવી વ્યક્તિ પ્રત્યે પૂજ્યબુદ્ધિ અને અહોભાવ અવશ્ય હોય, અને એમાં કશું અજુગતું પણ નથી; છતાં તે અહોભાવમાં તણાઈને પ્રમાણભાન ન ચૂકાય તેની શક્ય કાળજી લેવા જેટલી સભાનતા જાળવી શક્યો છું, તેનું મને ગૌરવ છે. અતિરેક અને કોઈ પણ બાબતને પ્રમાણભાન જાળવ્યા વિના આડેધડ - લગભગ વિવેક ચૂકી જઈને - બહેલાવવીને કે બહેકાવવી એ સાંપ્રત જૈન લેખકોનું સામાન્ય લક્ષણ બન્યું છે ત્યારે, એનાથી બચવું એ પણ જેવી તેવી કસોટી નથી.

મારા તેમ જ મારા પૂજ્યપાદ ગુરુજી આચાર્ય શ્રીવિજયસૂર્યોદયસૂરિજી મહારાજના - ઉભયના ઉપકારી એક સાધુપુરુષના ગુણકીર્તન દ્વારા તેમનું ઋણતર્પણ કરતો હોઉં એવી લાગણી આ લખતાં લખતાં ચિત્તમાં સતત રમ્યા કરી છે. મૂક પ્રેરણા દ્વારા જ્ઞાનાભ્યાસમાં જોડનાર તથા વત્સલ શબ્દો દ્વારા ચારિત્રપથમાં આગળ વધારનાર વ્યક્તિના ઉપકારોના અનૃણીકરણનો આથી વધુ શ્રેષ્ઠ ઉપાય પણ કયો હોય ?

આ લખવામાં મુખ્યત્વે બે સાધનોનો આધારલેખે ઉપયોગ થયો છે : એક તો ચરિત્રનાયક પૂજ્યે સ્વહસ્તે કરેલી અને આજ સુધી સચવાયેલી બે ત્રણ નાનકડી નોંધપોથીઓ અને બીજું, પૂજ્ય આચાર્ય શ્રીવિજયપ્રબોધચન્દ્રસૂરિજી મહારાજે મોકલેલી ઘટનાનોંધો. આ ઉપરાંત અન્યાન્ય રીતે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પણ મળ્યા છે. આ બધાનો વિનિયોગ કરવા ઉપરાંત વધુ મારું કર્તૃત્વ આમાં જરાય નથી.

આજના વિષમ દેશ - કાળ - વાતાવરણના વરવા ઓછાયા આપણા શ્રમણસંઘ ઉપર પડી ચુક્યા છે, અને તેની બાહ્યાંતર સ્થિતિ જોતાં કોઈ પણ સુજ્ઞ અને ખપી આત્માનું હૃદય ચિંતાકુળ જ નહિ, દિગ્મૂઢ બને તેમ છે. આ સ્થિતિમાં, આ લખનાર સહિત સહુ કોઈને ઉચ્ચ ચારિત્રની પ્રેરણા મળે તેવો ખ્યાલ રાખીને, તપસ્વીજી મહારાજના બાહ્યાંતર ગુણોના કેન્દ્રની ફરતે ચારિત્ર્ય - ઘડતરના કેટલાક પદાર્થોનું નિરૂપણ વણી લેવાનું ઉચિત માન્યું છે. કોઈને આ બિનજરૂરી કે અનધિકૃત ચેષ્ટા જેવું લાગે તો તેઓ દરગુજર કરે.

મને તો શ્રદ્ધા છે કે આવા મહાન સાધક આત્માનું જીવન, જેમ તેમની હયાતીમાં, તેમ તેમની ગેરહયાતીમાં પણ, અનેક આત્માઓને તપની, સંયમની અને અન્તર્મુખ જીવન જીવવાની ઉચ્ચ પ્રેરણા પાતું રહેશે.

આ લેખનમાં ક્યાંય વિપરીત પ્રતિપાદન થયું હોય કે વીગતદોષ કે તપસ્વીજી મહારાજની પ્રતિભાને હાનિ પહોંચાડે તેવું કાંઈ લખાયું હોય તો તેની પૂરી જવાબદારી મારી છે, અને તે બદલ હું ક્ષમાપનાનો અધિકારી છું, એટલું ઉમેરીને વિરમું છું.

ॐ





# (પરિશિષ્ટ)

## પૂજ્યપાદ આ.ભ. શ્રી વિજયકુમુદચંદ્રસૂ. મ.સા. નાં ચાર્તુમાસોની યાદી... તથા જીવનની યાદગાર તવારીખ

આચાર્યશ્રી વિજયપ્રબોધચંદ્રસૂરિજી મહારાજ

૧. વિ.સં. ૧૯૯૭ મા.સુ.૨ સૂરતબંદર નવાપુરા મધ્યે :
પ.પૂ.શાસનસમ્રાટ, બાલબ્રહ્મચારી પૂ.આ.ભ.શ્રી વિજય નેમિસૂરિ મ.સા.ના પટ્ટધર સમયજ્ઞ પ.પૂ.આ.મ.શ્રીવિજયવિજ્ઞાનસૂરિ મ.સા.ના પટ્ટધર પ્રાકૃતવિશારદ પ.પૂ. આ.ભ.શ્રી વિ. કસ્તૂરસૂરિ મ.સા.ના શિષ્ય મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજી નામે દીક્ષિત થયા. શ્રીદશવૈકાલિક - માંડલીના જોગ આયંબિલથી કર્યા. ૧૯૯૭ મહા સુદ ૬ ના નવસારી મધુમતી મધ્યે વડીદીક્ષા કરવામાં આવી. વલસાડ મુકામે પ્રથમ ચાર્તુમાસ કર્યું. ચાતુર્માસમાં અધ્યયનની શરૂઆત, લીલોતરીનો ત્યાગ, આયંબિલ નિયમિત, બે કલાક મૌન, ૨૦ બાંધી નવકારવાળી નમસ્કાર મહામંત્રની, મહિનામાં ચાર દિવસ કાપ કાઢવાનો તે પણ ફક્ત એક ઘડા પાણીથી વધારે નહિ. ઇરિયાવહીથી માંડીને રાત સુધીની બધી જ આવશ્યક ક્રિયા ઊભા ઊભા જ કરવાની.


૨. વિ.સં. ૧૯૯૮ના નવસારી :
અભ્યાસ પાછળ લક્ષ રાખી આયંબિલ, નવકારવાળી, લગભગ મૌન, થોય, સ્તવન, સજ્ઝાય વ., ભાંડારકરની પ્રથમ તથા બીજી બુક ચાલુ - ૧૨ પાઠ થયા. સવાર સાંજ દેરાસરમાં દેવવંદન તથા ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ હંમેશા.

૩. વિ.સં. ૧૯૯૯ સૂરત :
નેમુભાઈની વાડીના ઉપાશ્રયે, ત્રિષષ્ટિ શલાકા પુરૂષનું ચરિત્ર વાંચન પૂ. ઉપાધ્યાય કસ્તૂર વિ. ગણિ. પાસે. બુકની આવૃત્તિ. સમગ્ર રૂપો ધાતુનાં લખ્યાં. વચલા સમયમાં ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ૬ કર્મગ્રન્થ અર્થ સહિત કર્યા. ત્યારબાદ રૂપાવલી તથા ચન્દ્રિકા વ્યાકરણની શરૂઆત કરી. મૌન, ૨૦ બાંધી નવકારવાળી વગેરે ચાલુ જ. ચારે મહિના આયંબિલ.

૪. વિ.સં. ૨૦૦૦ ખાનદેશ : શીરપુર
એક નવી પ્રવૃતિ શરૂ કરી કે આયંબિલમાં પાંચ દ્રવ્યથી વધારે દ્રવ્ય વાપરવા નહિ.

૫. વિ.સં. ૨૦૦૧ ઇન્દૌરમાં
પૂ. મોહનલાલજી મ.ના પૂ. પુષ્પમુનિજી મ.ની. પ્રેરણાથી ગોચરી - આયંબિલની કે એકાસણાની લેવા જવી તેમાં ફક્ત એક તરપણી અને ઉપર ડાભડિયો, તેમાં જેટલું આવે તેટલું વાપરવું. વધારે નહિ. ત્યારથી માંડીને પોતે આચાર્ય થયા ત્યાં સુધી તે જ રીતે કરતા આહાર સંજ્ઞા ઉપર વધારે કાબૂ આવ્યો.







૬. વિ.સં. ૨૦૦૨. ગોધરા :
ચારે માસના આયંબિલ તથા ઉપરની દરેક પ્રવૃત્તિ.

૭. વિ.સં. ૨૦૦૩, ખંભાત ચોળાવાડામાં :
ઉપરની દરેક પ્રવૃત્તિ સાથે આયંબિલના પારણે સિદ્ધિતપની શરૂઆત કરી. ગોચરીમાં ઘણી કસોટી થતી હતી પણ એક અક્ષર બોલ્યા વિના ચલાવી લેતા. ક્રોધની તો વાત જ નહિ.

૮. વિ.સં. ૨૦૦૪. અમદાવાદ (પાંજરાપોળ)
ચાર્તુમાસ પ્રવેશથી માંડીને મૌન એકાદશી સુધી આયંબિલ સાથે અભ્યાસ, વાંચન હંમેશા નવા નવા જિનાલયના દર્શન તો ખરાં જ.

૯. વિ.સં. ૨૦૦૫. બોરસદ :
આખો દિવસ પ્રાયઃ મૌન પણે રહીને પોતાની કાયમી પ્રવૃત્તિ ચાલુ.

૧૦. વિ.સં. ૨૦૦૬ બોટાદ :
ડબલ ન્યુમોનિયા થયો. ગુરૂ મ. કહ્યું છતાં પણ આયંબિલની ઓળી ચાલુ જ રાખી. ફક્ત મગનું પાણી વાપરીને જ આયંબિલ કર્યાં. અને સંસ્કૃત વાંચન કર્યું.

૧૧. વિ.સં. ૨૦૦૭ ખંભાત ચોળાવાડામાં.

૧૨. વિ.સં. ૨૦૦૮. ખંભાત ચોળાવાડામાં :
૬-૬ મહિનાનાં આયંબિલ, વાંચન ને વાચના. વળી બજારમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથના દેરાસરમાં ભોંયરામાં પ્રભુ સન્મુખ ધ્યાન ધરતા. તેમ જ સકલ સંઘ સાથે ત્યાંના દેરાસરની ચાર વખત ચૈત્ય પરિપાટી કરી.

૧૩. વિ.સં. ૨૦૦૯. જાવાલ (રાજસ્થાન) :
સાત મહિનાના આયંબિલ સાથે અભ્યાસ, વાંચન, તારક ગુરૂદેવ પાસે.

૧૪. વિ.સં. ૨૦૧૦ સૂરત :
નેમુભાઈની વાડીના ઉપાશ્રયે. ચાતુર્માસના પ્રવેશથી આયંબિલ શરૂ કર્યા. ગૃહસ્થપણામાં સૂરત વધારે રહ્યા હોવાથી પરિચિત કોઈપણ ગૃહસ્થને વધારે બેસાડતા નહિ. પોતાનું કાર્ય પતાવી પોતાની આત્માની પ્રવૃત્તિમાં લાગી જતા. બપોરે તારક ગુરૂદેવ જ્યારે ૨-૩૦ થી ૪ સુધી મુનિ શુભંકર વિ., મુ. ચંદ્રોદય વિ., પ્રોફેસર હીરાભાઈ, ઝવેરભાઈ માસ્તર, સોભાગચંદભાઈ લાકડાવાળા, તેમને તત્ત્વાર્થસૂત્રની વાચના આપતા ત્યારે તપસ્વી ગુરૂદેવ પણ વાચના લેવા જતા હતા.
જ્યારથી સંયમપણું સ્વીકાર્યું ને જ્યાં સુધી ઉપાધ્યાયપણામાં હતા ત્યાં સુધી પોતાની જાતે જે ફક્ત એક જ ઘડા પાણીમાં કાપ કાઢતા હતા, અને જમીન પર પાટલૂછણું મૂકી જરાપણ પાણી નીચે જવા દેતા ન હતા. બે ઘડીથી વધુ કાપનું પાણી ડોલમાં ન રહી શકે તેની પૂરી તકેદારી રાખતા.





કાર્તિક પૂનમ પછી નવસારીવાળા તેમના વડીલ બંધુ નાનચંદભાઈ ફકીરચંદભાઈના સુપુત્ર ઠાકોરભાઈ વિજ્ઞાનસૂરિ - કસ્તૂરસૂરિ મ.સા.ના સૂચનથી (આજ્ઞાથી) વિ.સં. ૨૦૧૧ મા.સુ. ૫ ના રોજ નાસીને (ભાગીને) આવેલ. મા.સુ.૬ ના ભાઈ ઠાકોરને નેમુભાઈની વાડીમાં પાછળ નવલકાકાના ઓરડામાં દીક્ષા આપી. તે દિવસથી તપસ્વી મુનિ ગુરૂજી બન્યા. અર્થાત્ તેમના શિષ્ય મુનિ શ્રીપ્રબોધચંદ્રવિ. થયા. વિજ્ઞાનસૂરિજી - કસ્તૂરસૂરિજી કહેતા કે આપણા ગ્રુપમાં "તપસ્વી કુમુદચન્દ્ર" નામની 'ચન્દ્ર' ની શરૂઆત થઈ છે તો આજ સુધીની લગભગ સાધુના નામની પાછળ 'ચન્દ્ર' શબ્દ છે. જેથી તપસ્વીના નામની શરૂઆત શુભ થઈ.

મુનિ શ્રી શુભંકર વિ.મ. ને જ્યારે ભગવતીના જોગ ચાલતા હતા ત્યારે તેઓ તપસ્વી ગુરુદેવને કહેતા કે તપસ્વી, તમોને ભત્રીજો શિષ્ય મળ્યો. હવે તમો પદસ્થ થઈને આચાર્ય થવાના. ત્યારે તપસ્વી કહેતા કે મુનિશ્રી શુભંકર વિ., તમો અમારી મશ્કરી ન કરો. ૪૪ કે ૪૫ વર્ષની ઉંમરે ચારિત્ર ગ્રહણ કર્યા પછી કેટલા વર્ષો જાય. ૨૫ થી આગળ, પછી પદસ્થ થઈને જો આચાર્ય થવાય તો તમારા મોઢાની વાણી ફળે. ત્યાર પછી કેટલાક સમયે જ્યારે શુભંકર સૂરિજી મ. જ્યારે બોરસદમાં મળ્યા ત્યારે તપસ્વી ગુરૂજીને પૂ. આ. શ્રી એ વાત કરી કે, કેમ તપસ્વી ? આચાર્ય થયાને ? ત્યારે તપસ્વી મ. કહેતાં કે દેવ-ગુરૂ-ધર્મના પ્રભાવથી વિ.સં. ૨૦૧૧ની સાલમાં કરેલી વાત તમારા મોઢામાંથી ફળીભૂત થઈ. પૂ. આ શ્રી શુભંકરસૂરિજીની વાણી ફળી.

મુનિ કીર્તિચન્દ્ર વિ., મુનિ સૂર્યોદય વિ., મુનિ મુનિચન્દ્ર વિ., મુનિ વિજયચન્દ્ર વિ., મુનિ જયચન્દ્ર વિ., મુન શીલચન્દ્ર વિ. આદિ મુનિવરો જ્યારે તપસ્વી ગુરૂદેવને કહેતા કે અમારાં સૂત્રો જેવાં કે વ્યાકરણ, અમરકોષ, અભિધાનચિન્તામણી, આદિ સાંભળો, ત્યારે તપસ્વી ગુરૂદેવ પોતાનું બધું જ છોડી દઈને તરત જ આવનાર મુનિવરોનાં સૂત્રો સાંભળતા. આટલો શ્રુતજ્ઞાન પ્રત્યે ભાવ હતો.

૧૫. વિ.સં. ૨૦૧૧ મુંબઈ (માટુંગા) -

જીવણ અબજી જ્ઞાનમંદિરમાં ચારે મહિના પ્રવેશથી માંડીને આયંબિલ તથા કાયમી આરાધનાની પ્રવૃત્તિ.

"ભવિષ્યમાં લખ્યું હોય તે થાય, ડહાપણ કોઈનું કામ ન આવે" આ સજ્ઝાય ઘણી વખત બોલતા.

તપસ્વી જ્યારે તપની આરાધના કરતા ત્યારે સંઘમાં પણ તપસ્વી પ્રત્યે ઘણા જ જીવો પ્રભાવિત થયા થતા. દીક્ષા બાદ કેટલાંય વર્ષો સુધી આખો સંથારો પાથરીને પૂજ્યશ્રી રાત્રે કે દિવસે સૂતા નથી. પ્રાયઃ જ્યારે આચાર્યપદવી થઈ તે પછી સંથારાનો ઉપયોગ કર્યો.

માટુંગામાં તેમનો લાભ લેવા માટે કેટલાક ભાવુકો વિનંતી કરતા. ત્યારે તપસ્વી કહેતા કે મારે તો આયંબિલ ચાલે છે. ત્યારે કેટલાક આયંબિલનો લાભ લેવા માટે કહેતા. તો તેમને તપસ્વી ગુરૂ કહેતા કે અમે તો જે આયંબિલ કરે તેના ઘરે જઈએ. તો કેટલાક







ભાવુકો જેણે જિંદગીમાં આયંબિલ કર્યું નથી તેવા આત્માઓ આયંબિલ કરીને તપસ્વી ગુરૂનો લાભ લેતા. ને ત્યારબાદ કેટલાંયે વર્ધમાનતપનો પાયો નાખ્યો. કેટલાંયે વર્ધમાનતપની ને નવપદજીની ઓળી કરતા થઈ ગયા.

૧૬. વિ.સં. ૨૦૧૨ મુંબઈ (કોટ) :
ચોમાસી આયંબિલ શરૂ કર્યા. પણ કોટમાં આયંબિલ ખાતું (બોરા બજારમાં) નહિ હોવાથી નમિનાથમાં પાયધૂની પ.પૂ. આ શ્રી વિજ્ઞાન સૂ.મની નિશ્રામાં રહીને ચારે મહિના આયંબિલ આદિ તપ કર્યા. અને ચોમાસું બદલવા માટો કોટ; બોરા બજારમાં આવ્યા.

૧૭. વિ.સં. ૨૦૧૩ પૂના :
પ.પૂ. આ. ભ. સાથે શ્રીસંઘના ઉપાશ્રયે ગુરૂવાર પેઠમાં ચાતુર્માસ કર્યું ત્યાં શ્રીતપસ્વીરત્ન, મુનિ. ચન્દ્રોદય વિ. , મુનિ કીર્તિચન્દ્ર વિ. એ ભગવતી સૂત્રના યોગમાં પ્રવેશ કર્યો., તેમાં પૂ. તપસ્વી ગુરૂદેવ પ્રાયઃ માંડલીના જોગથી માંડીને ભગવતી સૂત્ર સહ ૪૫ આગમના યોગ આયંબિલથી જ કર્યા. આખા દિવસમાં ફક્ત એક જ વખત સંઘટ્ટો લેતા હતા. કાર્તિકી પૂનમ બાદ પૂના ખાતે શાસનપ્રભાવના-પૂર્વક તપસ્વી મુનિવર આદિની ગણિપદવી થઈ., તેમાં તેમના સંસારી ભાભી, ભત્રીજા વ. કુટુંબીજનોએ આવી વર્ધમાન વિદ્યાનો પટ તથા કામળ વહોરાવી લાભ લીધેલ.

૧૮. વિ.સં. ૨૦૧૪ મુંબઈ (પાયધૂની) નમિનાથ ઉપાશ્રયે :
ચારે મહિનાના આયંબિલ સાથે સતત ૨૭૦ આયંબિલ કર્યા.

૧૯. વિ.સં. ૨૦૧૫ મુંબઈ (પાયધૂની) નમિનાથ ઉપાશ્રયે :
સમગ્ર ચોમાસું આયંબિલ ને '૫૦૦' આયંબિલનું પારણું, અષાડ માસમાં ગણિ કુમુદચન્દ્ર વિ. ને પંન્યાસ પદવી અર્પણ કરી.

૨૦. વિ.સં. ૨૦૧૬ ના મુંબઈ ગોડીજી (પાયધૂની) :
ચાતુર્માસના આયંબિલ ચાલુ. એમણે અહીંયા લગભગ આઠ મહિના ઉપરાંત આયંબિલ કર્યા. તથા લગભગ મૌન પાળતા હતા. આ પ્રમાણે મુંબઈમાં પૂ. શ્રીના પાંચ ચોમાસા થયા.

૨૧. વિ.સં. ૨૦૧૭ સૂરત :
નેમુભાઈની વાડીના ઉપાશ્રયે છ મહિનાના આયંબિલ ચાલુ. તેમા વર્ષાદ પડે ને રાહ જુવે, વર્ષાદ રહે તો ઠીક, નહિ તો ચોવિહાર ઉપવાસ કર્યા.

૨૨. વિ.સં. ૨૦૧૮ અમદાવાદ (ઉજમફઈની ધર્મશાળામાં) :
પ્રવેશથી માંડીને વિહાર ન કર્યો ત્યાં સુધીમાં છ મહીનાના આયંબિલ થયા. 'કસ્તૂરભાઈ લાલભાઈ' પર્યુષણમાં વ્યાખ્યાને આવતાં ત્યારે તપસ્વી ગુરૂદેવની પાસે બેસતા અને કહેતા કે "આ પંચમકાળમાં ભારે ત્યાગી તપસ્વી મહાત્માઓમાં તમારો નંબર પ્રથમ





આવે. ખરેખર તમને ધન્ય છે. અમારાથી કંઈ બનતું નથી.'' આવી રીતે આઠ દિવસ આવતા ને આ પ્રમાણે કહેતા અને પહેલેથી છેક સુધી બેસતા.

૨૩. વિ.સં. ૨૦૧૯ પાલીતાણા :
પ.પૂ.આ.ભ. શ્રી વિ. નંદનસૂરિ મ.સા., પ.પૂ. આ.ભ.શ્રી વિ. વિજ્ઞાનસૂરિ મ.સા., પ.પૂ. આ.ભ.શ્રી વિ. કસ્તૂરસૂરિ મ.સા. આદિની શીતલ છાયામાં આયંબિલની ચાર ઓળી. તેના ઉપર એક મહિનાના ઉપવાસ ને તેનું પારણું આયંબિલથી. પછી સિદ્ધિતપ ચાલુ કર્યો. રોજની તલાટીની યાત્રા તો ખરી જ. સાથે જ ૨૦ નમસ્કાર મહામંત્રની બાંધી નવકારવાળી. તે સમયે પાલીતાણામાં તપસ્વી ગુરૂદેવની આ તપઃશક્તિ જોઈ અનેક સાધુ સાધ્વી વંદનાર્થે આવતાં અને તેમનાં મસ્તક ઝૂકી જતાં.

૨૪. વિ.સં. ૨૦૨૦ ભાવનગર (દાદાસાહેબ)
પ.પૂ. આ.ભ. શ્રી વિ. ઉદયસૂરિ મ.સા. પૂ.આ. શ્રી યશોભદ્રસૂરિજી, ને ગામમાં પ.પૂ..આ.ભ. શ્રી વિ. વિજ્ઞાન-કસ્તૂર સૂ.મ.સા. આદિની પાવન નિશ્રામાં સાત મહિનાના લગાતાર આયંબિલ, ઉપા. શ્રી સુમિત્ર વિ. ગણિ તપસ્વી ગુરૂને કહતા કે ખરેખર ધન્ય છે. તમોએ પરિગ્રહ ઉપર કાબૂ મેળવ્યો. તમારી જેટલી સ્તવના કરીએ તેટલી ઓછી છે.

૨૫-૨૬. વિ.સં. ૨૦૨૧ ના ખંભાત ઓસવાળના ઉપાશ્રયે અને વિ.સં. ૨૦૨૦ ખંભાત લાડવાડાના ઉપાશ્રયે :
૯૭-૯૮મી ઓળી કરી. ત્યારબાદ ૯૯-૧૦૦મી ઓળીનું પારણું કરતાં છેલ્લે ૧૫ ઉપવાસ કર્યા. બૃહદષ્ટોત્તરી સ્નાત્ર સહ ૧૧ દિવસના પૂજનો સહિત ૨૧ છોડનું ઉજમણું. પારણા પ્રસંગે ઉપરોક્ત પૂજ્યો તેમજ પ.પૂ. રામચંદ્રસૂરિ મ. સા.ના પૂ.આ.શ્રી વિ. મુક્તિચન્દ્રસૂરિ મ. આદિ મુનિભગવંતો તેમજ સ્વ-પર સમુદાયના થઈને ૩૦૦ ઉપરાંત સાધ્વીજી મ. હતાં. પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયમાં '૧૦૦' ઓળી સંપૂર્ણ થયાનો પ્રાયઃ પ્રથમ જ પ્રસંગ હતો.

૨૭. વિ.સં. ૨૦૨૩ ના પાલીતાણા (શત્રુંજય વિહાર).

૨૮. વિ.સં. ૨૦૨૪ સૂરત (વડચૌટા) પ.પૂ. આ.ભ.શ્રી વિ. કસ્તૂરસૂરિ મ.સા.ની નિશ્રામાં.

૨૯. વિ.સં. ૨૦૨૫, ભરૂચ (વેજલપુર) મુકામે. પ.પૂ. તારકગુરૂદેવ શ્રી વિ. કસ્તૂરસૂરિ મ.સાની શીતળ છાયામાં કર્યું. તેમાં પૂ. તપસ્વી ગુ.મ. ને વર્ધમાન તપની ૨૪ મી ઓળીનું પારણું કર્યા વિના જ સળંગ ૬૮ ઉપવાસની આરાધના. તેમાં ૫૮માં ઉપવાસે વેજલપુરથી સમડીવિહાર જિનાલયે સિદ્ધચક્ર મહાપૂજનમાં ચાલતા ગયા ને ચાલતા પાછાં પધાર્યા. '૬૮' ઉપવાસના પારણે ૧૨ આયંબિલ. તેની સાથે એકાસણા ચાલુ કર્યા. વિ.સં. ૧૯૯૭ થી ૨૦૨૫ સુધી (૨૮ વર્ષ) બધાં જ ચાતુર્માસ પ્રાકૃતવિશારદ તારકગુરૂદેવ પૂ.આ.ભ.શ્રી વિ. કસ્તૂરસૂરિ મ.સા.ની નિશ્રામાં જ કર્યા.







૬૮ ઉપવાસમાં ૪૨મા ઉપવાસે ૪૮ મિનિટના મૌનમાં અરિહંતના ધ્યાનપૂર્વક જ લોચ કરાવ્યો.

૩૦. વિ.સં. ૨૦૨૭ સૂરત વડાચૌટા, શ્રી સંઘની સાગ્રહ પુનઃ વિનંતિના બળે ચાર્તુમાસ રહ્યા. ફાગણ મહિનામાં ફકીરચંદ મગનલાલલાકડાવાળાના સુપુત્ર હરેશકુમારને દીક્ષા આપી મુનિ. હિતચન્દ્ર વિ. નામ સ્થાપન કરી મુ. પ્રબોધચન્દ્ર વિ.ના શિષ્ય કર્યા. તથા ધીણોજવાળા શા. વાડીલાલ લીલાચંદની સુપુત્રી ગીતાબેનને દીક્ષા આપી પૂ. આ શ્રી. વિ. વલ્લભસૂરિ મ.સા.ના સમુદાયમાં 'સુનીતપ્રજ્ઞાશ્રીજી' નામે સ્થાપન કર્યા. વૈ.વ. ૫ ના રોજ શુભમુહૂર્તે સૂરત શાખાપુર રાંદેર નગરે લાલા ઠાકોરની પોળે શ્રી નેમિનાથ જિનાલયે શ્રીચન્દ્રપ્રભુજી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા શાસનપ્રભાવનાપૂર્વક થઈ.

૩૧. વિ.સં. ૨૦૨૮ નવસારી - મધુમતી ઉપાશ્રયે પૂ. તપસ્વી ગુરૂભગવંતે ચાર્તુમાસ કર્યું. તે સમયે મુનિશ્રી અજિતચન્દ્ર વિ. ને મુ. પ્રશાંતચન્દ્ર વિ. પણ સાથે હતા. ચાર્તુમાસ બાદ સૂરત વડાચૌટા પધાર્યા. ત્યા શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિનાલય પાસે મંડપમાં પૂ. ગચ્છનાયક આ. શ્રીવિ. નંદનસૂરીશ્વરજી મ.ની આજ્ઞાનુસાર પ.પૂ. આ.મ.શ્રીમાણિક્યસાગરસૂરિ મ.સા., પૂ.આ.મ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિ. મ.સાની નિશ્રામાં પૂજ્યશ્રીના વરદ હસ્તે પૂ. ઉપા. શ્રી કુમુદચન્દ્ર વિ.મ. ને આચાર્યપદ પ્રદાન થયેલ. સૂરત પંડોળની મધ્યે શ્રીનમિનાથ જિનાલયે પ્રતિષ્ઠા થયેલ.

૩૨. વિ.સં. ૨૦૨૯ અમદાવાદ. પાંજરાપોળે, પ.પૂ. શ્રી વિ. કસ્તૂરસૂરિ મ.સાની નિશ્રામાં ચાતુર્માસ કર્યું. ત્યાં ચાતુ. માં પંચપ્રસ્થાનની સળંગ આરાધના આયંબિલથી. (સંસારી ભત્રીજા) મુ. પ્રબોધચન્દ્ર વિ. આદિને શ્રી ભગવતીજી સૂત્રના યોગમાં પ્રવેશ. યોગોદ્વહન કરાવેલ. ચાતુર્માસ બાદ 'કાર્તિક વદ ૬' ના મુ. પ્રબોધચન્દ્ર વિ. આદિને 'ગણિપદ પ્રદાન' થયેલ. ત્યારબાદ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી વિ. નંદનસૂરિ મ.સા.ના આગ્રહથી ખંભાત મુકામે ઉપધાન પ્રસંગે ગયા. સૂરત વડાચૌટા શ્રી સંઘના આગ્રહથી પૂ. તપસ્વી ગુરૂભગવંત સૂરત પધાર્યા. બા.બ્ર. મૃગેન્દ્રકુમારને (ઉંમર વર્ષ ૧૭) વૈ.વ.૬ ની દીક્ષા ધામધામપૂર્વક તપસ્વી આ.ભ. આપી, મુ.પ્રબોધચન્દ્ર વિ.ના શિષ્ય મુ.મતિચન્દ્ર વિ. નામ સ્થાપિત કર્યું.

૩૩. વિ.સં. ૨૦૩૦ સૂરત વડાચૌટા ચાર્તુમાસ કર્યું.

૩૪. વિ.સં. ૨૦૩૧ સૂરત હરિપુરા ચાતુર્માસ કર્યું. ત્યા ભગવાન મહાવીરના ૨૫૦૦'મા નિર્વાણ કલ્યાણકની ઉજવણી નિમિત્તે કા.વ. ૧૦ના પ્રભુવીરનાં દીક્ષા કલ્યાણક નિમિત્તે ૩૦૦૦ સામૂહિક આયંબિલ અને પ્રથમવાર સૂરતમાં ૫૦૦૦ ભિક્ષુકોને ભોજન, શાહ અમૃતલાલ કસ્તૂરચંદના પ્રયત્નથી પછી માંડવી ગામે ઉપધાન તપની આરાધના. ત્યારબાદ બીલીમોરા નગરે બા.બ્ર. ગીતાબેનને દીક્ષા આપી પૂ.આ.મ.શ્રી વિ. કેશરસૂરિ મ.સા.ના સમુદાયના સા. નેમશ્રીજીના પ્રશિષ્યા સા.વારિષેણાશ્રીના શિષ્ય તરીકે વંદિતાશ્રીજી નામ સ્થાપન કર્યું. અમલસાડ ગામે શ્રી શાન્તિનાથ પ્રભુજીના





દેરાસરના નૂતન ધ્વજાદંડની પ્રતિષ્ઠા થઈ.

૩૫. વિ.સં. ૨૦૩૨ પાલનપુરવાળા શાહ સોભાગચંદ હરીચંદના ધ.પ.અ.સૌ. કમળાબેન સોભાગચંદ શાહના વરસીતપના પારણાર્થે પાલીતાણા ગયા.
સૂરત - ગોપીપુરા શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયે ૧૦૨ ભગવન્તોની ગર્ભગૃહ પ્રવેશ. અષ્ટાહ્નિકા મહોત્સવ સમેત પ્રતિષ્ઠા, ૨૦૩૨નું ચાતુ. પૂ.તપસ્વી આ.ભ.નું ગોપીપુરામાં થયું, ત્યાં ઉપધાન થયાં. ત્યારબાદ પાલનપુર સલ્લાવાળા નરોત્તમભાઈની દીક્ષા. મુ.નીતિચંદ્ર વિ.નામ રાખી મુ. પ્રબોધચન્દ્ર વિ. ગણીના શિષ્ય થયા. ત્યારપછી સાતેમ ગામે પ્રતિષ્ઠા મહોત્સવ થયેલ.

૩૬. વિ.સં. ૨૦૩૩ માગસર મહિને સાતેમવાળા ભીખાભાઈ ખીમચંદ તરફથી ગોપીપુરા વાડીના ઉપાશ્રયથી ઝઘડીયા છ'રી પાલિત સંઘ ૭૦૦ ઉપર ભાવુકોની નીકળ્યો. મહા મહિને સૂરત શાખાપુર રાંદેર ગામે બા.બ્ર. સુધાકુમારી દીક્ષા. ફા.સુ. ૩ ના ચાણસ્મા ગામે શા. ધરણેન્દ્રભાઈ શિવલાલની બા.બ્ર. સુપુત્રી ચારૂબેનને દીક્ષા આપી. ત્યારબાદ અ.સુ. ૧૦ પાલનપુરની હીરવિજયસૂરી જૈન મિત્રમંડળ નૂતન ઉપાશ્રયનું ચાતુર્માસ પ્રવેશ. ત્યાં ઉપધાનની તપની આરાધના. મેતા ગામથી કીર્તીલાલ નાગરદાસ શાહ પરિવાર તરફથી છ' રી પાલિત સંઘ મેત્રાણા તીર્થની.

૩૭. વિ.સં. ૨૦૩૪ ખીમત ગામે શા. ત્રિભોવનદાસ મયાચંદ, શા. જયંતિલાલ મયાચંદ પરિવાર તથા શ્રી સંઘના અત્યાગ્રહથી ચાતુર્માસ પધાર્યા. સા. સૂર્યપ્રભાશ્રીજી (તપસ્વી મ.સા.ના સંસારી સંબંધે ધ.પ.) તથા સા. વિનીતયશાશ્રીજી આદિ ઠાણાં હતાં. ત્યાં ૩૧ છોડનું ઉજમણું ૩૧ દિવસનો મહોત્સવ - ૩૧ સંઘજમણ થયા.

૩૮. વિ.સં. ૨૦૩૫ મહાસુદ ૭ ના ભવ્ય ઉજમણા સહિત નવસારી - મધુમતી મધ્યે મુ. પ્રબોધચન્દ્ર વિ. ગણિની પન્યાસ પદ પ્રદાન વિધિ તપસ્વીરત્ન સૂરિદેવના સાંનિધ્યમાં પૂ. આ. શ્રી. વિ. સૂર્યોદયસૂરિ મ.સા. દ્વારા થઈ.
વૈશાખ સુ. ૪ ના તા. ૩૦-૪-૧૯૭૯ ના શુભ મૂર્હુતે શ્રી ઝઘડીયાજી તીર્થ મહોત્સવ સંઘપૂજન સંઘજમણને વરઘોડા સહિત શ્રીરાયણ પગલાંની પ્રતિષ્ઠા. અ.સુ.૩ના બનાસકાંઠા - ધાનેરા ચાતુર્માસપ્રવેશ કર્યો.

૩૯. વિ.સં. ૨૦૩૬ પાલીતાણા - કેશરીયાજી નગર જૈન ધર્મશાળામાં ૮૫૦ ભાવુકોને ચાતુર્માસ કરાવવા સહ ચાતુર્માસ સ્થિરતા. ૩૧ વખત સુવર્ણ ગીનીથી તલેટીની અર્ચના વાજતે ગાજતે પ્રભાવના યુક્ત થયેલ. પર્યુષણ બાદ પાલીતાણામાં સર્વે શ્રમણ સમુદાય ભેગા મળીને એક જ ઉછામણી બોલી એક જ વરઘોડો નીકળ્યો.
આ. શ્રી કલાપૂર્ણસૂરિ મ., આ. શ્રી વર્ધમાનસૂરિ મ., આ શ્રી રૈવતસૂરિ મ.,આ. શ્રીમાનતુંગ સૂરિ મ., આ. શ્રીશાન્તિવિમલ સૂરિ મ., આ શ્રી જયાનંદસૂરિ મ., આ શ્રીયશોદેવ સૂરિ મ., પૂ.પં. શ્રી નરેન્દ્રસાગરજી મ., પૂ. પ. પ્રબોધચન્દ્ર વિ.ગણિ આદિમાં પૂ. તપસ્વી ગુરૂદેવ મુખ્ય હતા.







હજાર આસપાસ સાધ્વીજી મ.નાં ઠાણાં હતાં. ભાવુકોની ઉદારતાથી ઉપધાનતપ થયેલ. ઉપધાનમાં ૫૦૫ આરાધકો હતા. ૩૦૦ માળવાળા હતા. ચાર્તુમાસ આરાધકોમાં ૬૮ ઉપવાસ, ૪૫ ઉપવાસ, માસક્ષમણવાળા ૧૧ ભાવુકો, ૨૮૧ અઠ્ઠાઈ, ૫૫૦ ચોસઠ પહોરી પૌષધવાળાં હતાં. મધ્યમવર્ગવાળાને ચોમાસું કરાવેલ. તેમાંથી ૨૭ ભાવુકોએ દીક્ષા લીધી હતી. તપસ્વી ગુરૂદેવે વર્ધમાન તપની ૧૦૦ ઉપર ૫૬-૫૭-૫૮-૫૯ ઓળી, તેના છેલ્લા દિવસોમાં કા. સુ. ૧૦ ના સ્વાસ્થ્ય અસ્વસ્થ થયું. ડોક્ટરે પારણું કરવા જણાવ્યું. જે ન કરતાં ઓળી ચાલુ રાખી. ચોમાસીનો છઠ્ઠ કરી ઓળી પૂર્ણ કરી, દયાળુ દાદાની જાત્રા કરી પારણું કર્યું. નવસારીવાળા સ્વ. ધનીબેન નાનચંદના સુપુત્ર નેમંચદભાઈ નાનભાઈ શાહે પોતાની સંપત્તિ મુક્તમને વાપરી, ખૂબ જ લાભ લીધો. વિ.સં. ૨૦૩૭ની કાર્તિકી પૂનમના દિને યાત્રા કરીને આવતા સમસ્ત યાત્રિકોનું સંઘપૂજન કરવામાં આવ્યું.

ચાતુર્માસ બાદ યાત્રિકો તરફથી દોઢ ગાઉ, ગાઉ, ૬ ગાઉ ને ૧૨ ગાઉની યાત્રા તથા ડેમ, કદંબગિરી અને તલાજાનો સંઘ કાઢેલ. પાલીતાણાનાં સમગ્ર જિનાલયોની વાજતે ગાજતે ચૈત્ય પરિપાટી યોજાયેલ.

રામાજી તારાજી ભીનમાલવાળા તરફથી દાદાવાડીમાં શ્રી પંચમંગલ મહાશ્રુત સ્કંધરૂપ ઉપધાન તપની આરાધના કરાવવામાં આવેલ. સમગ્ર પાલીતાણાનાં જિનાલયોની પુનઃ વાજતે ગાજતે ચૈત્ય પરિપાટી થયેલ ૯૯ યાત્રા કરવામાં આવેલ. સમગ્ર પાલીતાણાના પેઢીના, ધર્મશાળાઓના સ્ટાફનો બહુમાન યુક્ત જમણવાર રાખવામાં આવેલ.

૪૧. વિ.સં. ૨૦૩૭ સૂરત વડચૌટા ચાતુર્માસ કર્યું. આ.સુ. ૧૦થી પંચમંગલ મહાશ્રુત સ્કંધરૂપ ઉપધાન તપની આરાધના થઈ. મળારોપણ પ્રસંગ બાદ - ૨૦૩૮ ના માગશર મહિને ઝઘડીયાજી તીર્થનો છ' રી પાલિત યાત્રા સંઘ નીકળેલ, ત્યાં ઉપધાન તપ થયેલ. ત્યારબાદ ૨૦૩૮ ની ચૈત્ર મહિનાની ઓળી સ્વ. ધનીબેન નાનચંદ શાહ પરિવાર તરફથી ઝઘડીયાજી તીર્થે થઈ.

૪૨. વિ.સં. ૨૦૩૮ નવસારી મધુમતી ચાતુર્માસ સ્થિરતા. તપસ્વી ગરૂદેવના પ્રશિષ્ય મુનિ શ્રીહિતચન્દ્ર વિ.મ.સા.એ '૪૫' ઉપવાસની આરાધના મૌનપણે કરેલ. આ સુ. ૧૦થી ઉપધાન તપની આરાધના વિ.સં. ૨૦૩૯ ના કા.વ. ૧૧ વાલીઆવાળા (જિ. ભરૂચ) દલીચંદ માણેકચંદ નહરાની સુપુત્રી બા.બ્ર. ઋજુવંતાની દીક્ષા નવસારી મુકામે થઈ. સા. મયણરેહાશ્રીજીના સિદ્ધશીલાશ્રીજીના શિષ્યા સા. રયણશીલાશ્રીજી નામે થયા. મહા મહિને મહાવીર નગર ઝરેવી સડકના ઉપાશ્રયે ગચ્છાધિપતિ પૂ. આ દેવેન્દ્ર સાગર સૂરિ. મ.સા. તથા પૂ.પા. તપસ્વી ગુરૂદેવની નિશ્રામાં પ.પૂ. નિરંજન સાગરજી મ.ના સંસારી ભત્રીજી બા.બ્ર. દીપિકાબેનની દીક્ષા થઈ. પૂ. શાસન સમ્રાટશ્રીના સમુદાયના સા. કલ્પપૂર્ણાશ્રીના શિષ્યા દર્શિતમાલાશ્રીજી નામે થયા.






૪૩-૪૪-૪૫. વિ.સં. ૨૦૩૯-૪૦-૪૧ શ્રી વડાચૌટા સીમંધર સ્વામીના ઉપાશ્રયે ચાતુર્માસ. સ્થિરતા. વિ.સં. ૨૦૩૭ના ચાતુર્માસમાં વડાચૌટા સંવેગી જૈન ઉપાશ્રયનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર કરવાનું નક્કી થયેલ તેની વિસર્જન વિધિ ૨૦૩૯ ના ચાતુર્માસ દરમ્યાન શ્રાવણ મહિને થઈ. ચાતુર્માસમાં ઉપધાન તપ થયા. જેઠ મહિને (૨૦૪૦ ના) રાંદેર ગામે કરચેલીઆ વાળા બીલીમોરા નિવાસી શા છોટાલાલ ચમનાજીની દીક્ષા થઈ ને (સૂરત પંડોળની પોળના નિવાસી) મણિબેન કેશવલાલ ત્રિભોવનદાસ વોરાના સુપુત્ર મહેન્દ્રભાઈ તથા જિ. બનાસકાંઠા તા. દીઓદર ગામ પાલડીના બાબુલાલ મણિલાલ દોશીના સુપુત્ર નવીનચન્દ્રની સૂરત વડાચૌટામાં દીક્ષા થઈ. પં. પ્રબોધચન્દ્ર વિ. ગણિના શિષ્ય મુ.શ્રી. સમ્યગ્ચન્દ્ર વિ. અને મુ. નયનચન્દ્ર વિ. નામે થયા. કા.વ. ૧૦ (૨૦૪૨)ના નવસારી જૈન બોર્ડીંગ પાસે સર્વમંગલ એપાર્ટમેન્ટ ભૂમિ પર નૂતનમુનિશ્રીઓની વડીદીક્ષા તેમજ નવસારી બોર્ડીંગમાં શ્રી પુંડરીક સ્વામિ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા. મા.સુ. ૨. ના નવસારી મધુમતીમાં શાહ અમૃતલાલ મયાચંદ ખીમતવાળાના આયંબિલ ભુવનનું ઉદ્‌ઘાટન કર્યું.

૪૬. વિ.સં. ૨૦૪૨ સૂરત વડાચૌટા ચૈ.વ.૯ ના જીર્ણોદ્‌ધૃત વડાચૌટા સંવગી જૈન નૂતન ઉપાશ્રયનું ઊદ્‌ઘાટન જગીદશચંદ્ર ચીમનલાલ ચોકસી પરિવારે કર્યું. ત્યારબાદ વૈ.સુ. ૬ ઉપાધ્યાય પદ અને વૈ.સુ. ૧૦ ના પ.પૂ. પ્રબોધચન્દ્ર વિ. મ. નો આચાર્યપદવી પ્રસંગ ઉપસ્થિત થતાં તે પ્રસંગે વર્તમાન ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી.વિ. મેરૂપ્રભસૂરિ મ. મુંબઈ ચાતુર્માસ પધારતાં સૂરત વડાચૌટા શ્રી સંઘના આગ્રહથી પૂ. ગચ્છાધિપતિએ સંઘની વિનંતી માન્ય રાખી. જેથી શ્રી સંઘમાં આનંદ અને ઉત્સાહ સોનામાં સુગંધની જેમ વૃદ્ધિ પામ્યો. પૂ. પન્યાસજી મ.ની આચાર્યપદવીનો પ્રસંગ ખૂબ જ ઉમળકાભેર ઉજવવા માટે આબાલવૃદ્ધના હૈયા નાચી ઉઠ્યા. શ્રીસંઘે એકાદશાહ્નિકા મહોત્સવ, સાત મહાપૂજનો, મહાન બે નવકારશી, ૧૧ છોડના ઉદ્યાપન સહિત નિર્ણીત કર્યા. ખૂબ જ આનંદોલ્લાસ સાથે ઉત્સવાદિ કાર્યક્રમો ચાલુ થયાં. પવિત્ર દિવસે ખૂબ જ ધામધૂમપૂર્વક પૂ. ગચ્છાધિપતિનો સૂરત વડાચૌટાના આંગણે સામૈયા સહ શ્રી સંઘે પ્રવેશ કરાવ્યો. તે સમયે આબાલવૃદ્ધ સહુને આનંદની કોઈ સીમા ન હતી. આ રીતે દિવસો જતા જે પુણ્ય દિવસની આપણે રાહ જોતા હતા તે સોનેરી દિવસ આવી ગયો અને કલ્યાણ પાર્શ્વનાથ ભગવંતના ચોકમાં વિશાલ માનવ મેદની, વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી વિ. મેરૂપ્રભસૂરિ મ.પૂ. આ. શ્રી વિ. દેવસૂરિ. મ., પૂ. આ. શ્રી કુમુદચન્દ્ર સૂરિ. મ.સા., પૂ.આ.શ્રી વિ. હેમચન્દ્ર સૂરિ મસા. પૂ.પ્રદ્યુમ્ન વિ.મ.સા. પૂ.પં. માનતુંગ વિ.મ.સા. પૂ.પં. ઈન્દ્રસેન વિ.મ.સા. પૂ. મુનિ શ્રી હિતચન્દ્ર વિ.મ.સા. આદિ સાધુ ભગવંતો તેમજ વિદુષી સા. પ્રવીણાશ્રીજી મ., પૂ.સા. સૂર્યપ્રભાશ્રીજી મ. (થનાર આ.શ્રી.ના સંસારી કાકી) પૂ.સા. મનોરમાશ્રીજી આદિ. પૂ.સા. હર્ષપ્રભાશ્રીજી આદિ. પૂ.સા. પુષ્પાશ્રીજી મ.ના શિષ્યા પ્રશિષ્યાઓ પધારેલ. સા. મયણરેહાશ્રીજી આદિ, હેમલત્તાશ્રીજી આદિ શાસનસમ્રાટશ્રીનાં તેમજ સાગરાનંદ સૂરિ. મ.સા.નાં







પૂ.સા. મનકશ્રીજી આદી સાધ્વીજી મ.સાની વિદ્યમાનતામાં શ્રી સંઘસમક્ષ પૂ.ગચ્છાધિપતિએ આચાર્ય પદારોપણ કરતા શ્રી સંઘના હૈયા નાચી ઉઠ્યા. વાજિંત્રોના નાદ સહ નૂતન આચાર્યશ્રીને વધાવ્યા હતા. તે સમયે આચાર્યપદવી પ્રસંગે સ્વ. ધનીબેન નાનચંદભાઈ શાહ નવસારીવાળા પરિવારે (નૂતન આચાર્યશ્રીના સાંસારિક ભાઈઓએ) પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી ખૂબ જ લાભ લીધો હતો. સાધર્મિક ભક્તિ, જીવદયા, ગરીબોને અન્ન, ફ્રુટ વ. તેમજ હોસ્પીટલમાં પણ સારૂં એવું દાન કર્યું હતું.

૪૭. વિ.સં. ૨૦૪૩ માગશર મહિને શ્રી સૌભાગચંદ હરીચંદ શાહ - પાલનપુર તરફથી સુરત વડાચૌટા શ્રી ઝઘડીયાજી તીર્થને છ'રી પાલિત સંઘ નીકળ્યો. જેમા ૬૦૦ ભાવુકો જોડાયા હતા.

વૈશાખ મહિને પૂ.આ.શ્રી વિ. પ્રબોધચન્દ્ર સૂરિ. મ.સા. ને. વરસીતપનું પારણું ચિત્રોડા મુકામે થયું. પૂ.આ.શ્રીનું ચાતુર્માસ ખંભાત ઓસવાલના ઉપાશ્રયે. સામૂહિક સિદ્ધિતપની આરાધના થઈ. તેમા પૂ. તપસ્વી આ.ભ. ૯૦ વર્ષની ઉંમરે એકાસણાના પારણે સિદ્ધિતપ કર્યો.

૪૮. વિ.સં. ૨૦૪૪ માગશર વદમાં જિ. સૂરત માંડવી ગામથી ઝઘડીયાજી તીર્થનો છ'રી પાલિત પદયાત્રાસંઘ. તે પછી મધુમતી શ્રીચિન્તામણી ઉપાશ્રયે નૂતન હોલની "વિજય કુમુદચન્દ્ર સૂરિ આરાધંના ભવન" નામકરણ વિધિ, શ્રીચિન્તામણી જિનાલયે શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનના ઉપરના ગભારામાં શ્રીસુધર્માસ્વામી તથા ગૌતમસ્વામી ગણધર ભગવંતની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ. ત્યારબાદ ચાર્તુમાસ માટે ખંભાત - લાડવાડાના ઉપાશ્રયે પધાર્યા. ચાર્તુમાસમાં સામૂહિક સમવસરણની બારીનો તપ તેમજ પૂ.આ.ભ.શ્રીને સહસ્રકૂટના એકાસણાના પારણે ૧૦૨૪ ઉપવાસની આરાધના ચાલુ હતી તેમા પૂ. શ્રી ચાતુર્માસની સમાપ્તિ પૂર્વે 'ધર્મચક્ર' તપની આરાધના શરૂ કરી.

૪૯. વિ.સં. ૨૦૪૫ ના માગસર મહિને સૂરત - માંડવી ગામે ઉપધાન કરાવ્યા. ધર્મચક્ર તપનું પારણું પણ ત્યાં થયુ. ત્યારબાદ ૨૦૪૫ નું ચાતુર્માસ - શાન્તિનિકેતન, સરદારનગર સુમુલ ડેરી રોડ સૂરત કર્યું. આ.સુ. ૧૦ થી શ્રી ઉપધાન આરાધના. તારક ગુરૂદેવના આશીર્વાદથી શ્રી સંઘમાં ઉપાશ્રય તથા શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય થયાં. પૂ. તપસ્વી ગુરૂદેવને સહસ્રકૂટની આરાધના ચાલુ જ હતી.

૫૦. વિ.સં. ૨૦૪૬ માગશર સુદમાં નવસારી કાલીઆવાડી શ્રી શાન્તિનાથ આદિ જિનબિંબોની જીર્ણોદ્ધૃત નૂતન જિનાલયે પ્રતિષ્ઠા થઈ. બૌધાન (સૂરત) ગામે આ.શ્રી. વિ. પ્રબોધચન્દ્ર સૂરિ મ.સા.ના ૫૦૦ આયંબિલનું પારણું પૂ. તપસ્વી ગુરૂ. મ.ની નિશ્રામાં થયું. સાથે ઉપધાન તપ, સૂરત સોની ફળિયા શ્રી વિમલનાથાદિ જિનબિંબોની જીર્ણોદ્ધૃત નૂતન જિનાલયે પ્રતિષ્ઠા. મહાવદ '૧૦' ના કોકીલાબેન રસીકલાલના ૫૦૦ આયંબિલના પારણા. મહાવદ ૧૩ ના જીરાવલાજી પદયાત્રા સંઘનું પ્રસ્થાન. ત્યારબાદ ચૈત્રી નવપદજીની આયંબિલની ઓળી કીર્તીલાલ એન. શાહ તરફથી મેત્રાણા





તીર્થે થઈ. વૈશાખ મહિને તપસ્વી ગુરૂદેવના આર્શીવાદથી સલેમકોટ ગામે મુનિ શ્રી સમ્યકચંદ્રવિ. ને વરસીતપનું પારણું.
પાંચડા ગામથી શ્રી જીરાવલાજી તીર્થનો છ'રી પાલિત સંઘ ચૈત્ર વદ ૧૩ થી વૈશાખ સુદ ૭ સુધી પાંથવાડા ગામે નવાહિનકા મહોત્સવ, જીર્ણોદ્ધૃત નૂતન જિનાલયે શ્રી આદીશ્વર ભગવંત આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા.
જેઠ.સુ. ૧૦ના છાપી ગામે ભાલુસણા વાળા શ્રી બાબુલાલ કચરાલાલની દીક્ષા ખૂબ જ આનંદોલ્લાસ સાથે થઈ. તેમને મુનિ. શ્રી હિતચન્દ્ર વિ. ના શિષ્ય તરીકે મુનિ. શ્રી પ્રભવચન્દ્ર વિ. નામ સ્થાપન કર્યું. અસાડ મહિને મેમદપુર ગામે ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. મેમદપુર ગામે પૂ.આ.ભ.નું પ્રથમવાર ચાતુર્માસ. સામૂહિક સિદ્ધિતપની આરાધના. જેમાં તપસ્વી ગુરૂદેવે ૯૩ વર્ષની ઉમરે ૨૦ મો સિદ્ધિતપ એકાસણાના પારણાથી કર્યો. ઉપધાન તપની આરાધના થઈ.

૫૧ વિ.સં. ૨૦૪૭ના માગશર મહિને જીરાવલાજી છ'રી પાલિત સંઘ, જીરાવલજી તીર્થની યાત્રા બાદ પૂ. તપસ્વી ગુરૂદેવે સ્વશિષ્ય પરિવાર સાથે રાણકપુર, મૂછાળા મહાવીર નાડોલ, નાડલાઈ, વરકાણા, શિરોહી, બામણવાડા, વિ. રાજસ્થાનની યાત્રા કરી. મહા સુદ ૫ ના માલવાડાથી વાહન દ્વારા સમેત શિખરજી આદિ તીર્થ - યાત્રાના પ્રયાણમાં આશીઃપ્રદાન. મહાવદ ૧૩-૧૪-૧૫ ભીલડીયાજી તીર્થ ૪૫ વર્ષ બાદ નવગામ વીશા પોરવાળ જૈન સંઘનું સંગઠન - મેળાવડો, ફાગણ વદ ૨ ના દિઓદર તાલુકાના પાલડી ગામે પ્રાચીન શ્રી આદિનાથ પ્રભુના જિનાલયની વિસર્જન વિધિ. પ્રભુજીના ઉત્થાપન પૂર્વક પરોણાગત સ્થાપનાવિધિ. વિ.સં. ૨૦૪૭ ના પાંથાવાડા શ્રી સંઘ ચાતુર્માસની વિનંતી કરતાં તપસ્વી ગુરૂદેવે સ્વેચ્છાએ ચાતુર્માસ નક્કી કરતાં ૨૦૪૭ ના અ.સુ. ૨. ના ભવ્ય ચાતુર્માસ પ્રવેશ કર્યો.
શ્રી સંઘ તરફથી ઉપધાન તપ થયેલ. ઉપધાન બાદ પાંથાવાડાથી જીરાવલાજીનો છ'રી પાલિત યાત્રાસંઘ, તપસ્વી ગુરૂદેવે નાદુરસ્ત સ્વાસ્થ્યના કારણે એકાસણા કર્યા હતા. પાલનપુર પાસે સલ્લા ગામે મા.સુ. ૧૦ ના જીર્ણોદ્ધૃત નૂતન વિજય કુમુદચન્દ્ર સૂરિ મુક્તિ મંદિર - ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન કર્યું. પાલનપુર પો.વ.૧. ના રમેશચન્દ્ર પુનમચંદ કોઠારી ઠાણોદરવાળાના નૂતન આવાસે તપસ્વી ગુરૂદેવના જન્મદિન ઉજવણી નિમિત્તે પૂજન ભણાવ્યું. જમણવાર નવગામ સમાજનો.

ૐ

